RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

# માસિક પત્રિકા

Issue : 4, Year: 69, July, 2022, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# પત્રિકાના તંત્રી સંધ્યાબેન શાહને શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘનો વિદ્યા વારિધિ એવોર્ડ



શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘના ઉપક્રમે પત્રિકાના તંત્રી સંધ્યાબેન શાહને ૨૦૨૨ નો જૈન પત્રકાર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ૨૫ વર્ષથી પત્રિકાના તંત્રીપદે રહી સામાજિક મૂલ્યોનું સંવર્ધન કરતા, શિષ્ટ અને જીવનલક્ષી સાહિત્ય પીરસતા સંધ્યાબેન શાહને સમારોહના પ્રમુખ શ્રી બિપિનભાઈ ગાલા (નવનીત પ્રકાશન) ના વરદ્ હસ્તે શ્રીમતી રૂક્ષ્મણીબેન દીપચંદભાઈ ગાર્ડી વિદ્યા વારિધિ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

પત્રકારત્વ ક્ષેત્રે સંધ્યાબેનને મળેલો આ પાંચમો એવોર્ડ છે.



જૈન પત્રકાર સંઘના એવોર્ડ સમારોહમાં વિજેતા પત્રકારો સાથે શ્રી સંધ્યાબેન શાહ, સેજલબેન શાહ, ગુણવંતભાઈ બરવાળિયા, રેણુકાબેન પોરવાલ, દેવચંદભાઈ છેડા તથા અન્યોની સાથે સંસ્થાના પ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઈ, ઉપપ્રમુખ શ્રી જયંતીભાઈ, સમારોહના પ્રમુખ બિપિનભાઈ ગાલા, મુખ્ય મહેમાન સિદ્ધાર્થ કશ્યપ, શ્રીમતી લીલાબેન ગજરા તથા સંજયભાઈ શાહ.

લોનાવલા સેનેટોરિયમ
નવીનીકરણ યોજનામાં



સુરેન્દ્રનગર નિવાસી હાલ – વરલી – મુંબઈ

## પૂજ્ય માતુશ્રી કુમુદબેન મહેન્દ્રભાઈ તથા
## પૂજ્ય પિતાશ્રી મહેન્દ્રભાઈ રતિલાલ શાહ (ટોળિયા)



ની અનંત સ્મૃતિમાં

**રૂા. પાંચ લાખ નું અનુદાન**

*હસ્તે*

રાજેશ – ભામિની
કરણ – લીએન
પૂર્વા – પ્રણય મજમુનદાર અને આર્યન



---

લોનાવલા સેનેટોરિયમ નવીનીકરણ યોજનામાં



લીંબડી નિવાસી
હાલ – જુહૂ સ્કીમ – મુંબઈ

## શ્રી પ્રબોધચંદ્ર વાડીલાલ શાહ
## શ્રીમતી સરોજબેન પ્રબોધચંદ્ર શાહ



*તરફથી*

**રૂા. પાંચ લાખ નું અનુદાન**

પુત્ર – પુત્રવધૂ
સુકેતુ – આરતી | સાગર – શૈલા

પુત્રી
અમી દિપક સંઘવી

# પંચગીની સેનેટોરિયમ સ્નેહમિલનની તસવીરી ઝલક













# પંચગીની સેનેટોરિયમ સ્નેહમિલનની તસવીરી ઝલક



















## BIO - DATA

# Harsh Parekh



## Personal Profile

Date of Birth : 08-06-1989
Birth Time : 04:57 p.m.
Birthplace : Mumbai
Height : 5'10
Qualification : M. Eng (IoT and Data Engineering) JCU, Australia (2021)
B-Tech (Elex) NMIMS 2013
Present Occupation : Freelancing Software Engineer
Current Place : Brisbane, Australia

Religion : Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain (Vegetarian Diet)
Hobbies : Chess, Reading, Exploring, Traveling.

### Family Profile

Father : Chetan Chimanlal Parekh
Father's Occupation/Business : Iron and Steel Merchant, BHS Enterprise
Mother : Bindu Parekh (House Wife)
Brother : Smeet Parekh (Advocate)

### Paternal Background

Native place : Muli
Grandfather : Late Chimanlal Chatrabhuj Parekh
Grandmother : Late Kasturi Chimanlal Parekh
Kaka/Kaki : Ganesh Chimanlal Parekh and Swati Ganesh Parekh;
Faiba : Jayshree Deepak Shah (Ahmedabad)
Radhika Nikhil Shah (USA- California)

### Maternal Background

Grandfather : Rasiklal Himatlal Shah
Grandmother : Bharati Rasiklal Shah
Masi : Rajul Atul Shah, Falguni Falit Shah, Monali Vijesh Doshi

### Contact Details

Residential Mumbai Address: 5/116A, Gitanjali Building, Road no. 24A, near Gurunanak High School, Sion West, Mumbai - 400022
Chetan : 8080122224 / 9223249945
Bindu : 7977375369 / 9869642035

**Harsh is visiting India from 04-Aug-2022 to 30-Aug-2022**

Advt.



Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જુલાઈ ૨૦૨૨
વર્ષ : ૬૯ : : અંક : ૪
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# ગુરુ

તેના કરી લે તું દર્શન રે
અંતર છે જેનાં ઊજળા

તેના દર્શનથી થા પાવન રે,
અંતર જેનાં છે ઊજળા

વાણી ઊજળી વર્તન ઊજળા
વિચાર ઊજળા લેખન ઊજળા

તેના ચરણોમાં તનમન ધન રે
અંતર જેના છે ઊજળા

ચેતન બુદ્ધિ ચિત્તડાં ઉજળા
પ્રેમળ જેના મનડાં ઊજળા

તેના કરી લે તું પૂજન રે,
અંતર જેનાં છે ઊજળાં

# 'અપ્પ દીપો ભવ !'



કમ્બોજના સમ્રાટ તિડમિડની રાજસભામાં એક દિવસ એક બૌદ્ધ ભિક્ષુ આવ્યો અને બોલ્યો : 'મહારાજ! હું ત્રિપિટકાચાર્ય છું. પંદર વર્ષ પર્યન્ત અખિલ બૌદ્ધ જગતનું તીર્થાટન કરીને મેં સદ્ધર્મનાં ગૂઢ તત્ત્વોનું રહસ્યોદ્ઘાટન કર્યું છે. આપના રાજ્યનો પટ્ટ પુરોહિત બનવાની કામનાઓ હું આવ્યો છું. મારી અભિલાષા છે કે, કમ્બોજનું શાસન ભગવાનના આદેશ અનુસાર ચાલે !'

સમ્રાટ તિડમિડ ભિક્ષુની અભિલાષા જાણી સ્હેજ હસ્યા અને પછી પ્રત્યુત્તર આપ્યો:

'આપણી સદિચ્છા મંગલમયી છે. કિન્તુ, આપને મારી એક વિજ્ઞપ્તિ છે કે, આપ ધર્મગ્રંથોની એક આવૃત્તિ અધિક કરવાની કૃપા કરો !'

સમ્રાટનો પ્રત્યુત્તર શ્રવણ કરી ભિક્ષુને ભારે ક્રોધ ચડ્યો; કિન્તુ સમ્રાટ સમક્ષ એ પોતાનો ક્રોધ પ્રદર્શિત ન કરી શક્યો.

થોડીવારે ક્રોધ શાન્ત પડતાં વિચાર આવ્યો–એક આવૃત્તિ વધુ કરી નાખવામાં શો વાંધો છે ? સમ્રાટને નારાજ કરી રાજપુરોહિતનું પ્રતિષ્ઠિત પદનાહકનું હાથથી જવા દેવું !'

–અને... વધુ એક વર્ષ કાળની પાંખે ઊડીને વહી ગયું.

બીજે વર્ષે એ સમ્રાટ સમક્ષ ઉપસ્થિત થયો તો સમ્રાટે ફરી કહ્યું : 'ભગવન્, એકાંત-સેવન સાથે એકવાર હજી ધર્મગ્રંથોનું પારાયણ કરી લ્યો તો એ અધિકાર શ્રેયસ્કર નીવડશે !'

હવે ભિક્ષુના ક્રોધની અવધિ ન રહી. અપમાનના દંશથી પીડિત એ દિવસ આખો ભટકતાં-ભટકતાં સંધ્યા ટાણે એક સૂમસામ સરિતા-તટે પહોંચ્યો.

નિષ્કામ યોગી સમાં સરિતાનાં જલ શાન્ત સ્વસ્થ હતાં.

ઉપર નીલ ગગનમાં નિર્મોહી તારલા ચમકી રહ્યા હતા...

વાતાવરણમાં અંતરનું ઊર્ધ્વીકરણ કરે એવી વિમલ-મંગલ શાન્તિ છાઈ હતી.

નિયમાનુસાર ભિક્ષુએ સાયં-પ્રાર્થના કરી. કોણ જાણે કેમ, પણ આજની પ્રાર્થના દ્વારા એને કો'અપૂર્વ આનંદનો અનુભવ થયો. આનંદની આ અપૂર્વ અનુભૂતિએ દિલના ડંખને ધોઈ નાખ્યો...અને એના વિમલ આનંદવિભોર અંતર-તારે શબ્દોના નવા-નવા અર્થ ઝંકૃત થઈ ઉઠ્યા. રાત આખી, આ અપૂર્વ- દિવ્ય આનંદ-સમાધિમાં એ લયલીન રહ્યો.

એક વર્ષ પશ્ચાત્...

સમ્રાટ તિડમિડ પોતાની સમસ્તા પ્રજા સહિત એ સરિતા-તટ પર કરબદ્ધ ઉપસ્થિત છે. તનમનનું ભાન ભૂલી ભિક્ષુ તો આનંદ-સમાધિમાં લીન છે.

ધર્માચાર્ય બનવાની મહત્ત્વાકાંક્ષા ભસ્મસાત્ થઈ ચૂકી છે.

પાંડિત્યના અભિમાનનું સ્થાન આનંદ લઈ લીધું છે.


સમ્રાટ સવિનય પ્રાર્થે છે :

'ભગવન્, પધારો ! ધર્માચાર્યના આસનને શોભાવવાની કૃપા કરો !'

ભિક્ષુના સૌમ્ય મુખ-મંડલ પર સ્મિતની દીપ્તિ રેલાઈ રહે છે :

'રાજન્ ! સદ્ધર્મ ઉપદેશનો નહિ, આચરણનો વિષય છે. ઉપદેશમાં અહંકાર છે આચરણમાં આનંદ. ભગવાનના આદેશ તો દીવા સમા સ્પષ્ટ છે–પછી આચાર્ય બનવાની આવશ્યકતા શી છે ? ભગવાને એક વાક્યમાં જ સઘળું કહી દીધું છે–'અપ્પ દીપો ભવ'–પોતાના સ્વયંના દીપક બનો !'

❖❖❖



''ઓ ઈશ્વર, ઉત્તર આપ ! જીવનભર આ આંખોએ અસંખ્ય આંસુ સાર્યાં. કયાં છે એ આંસુ ? એ આંસુનું શું થયું ? ઉત્તર આપ, મારા પ્રભુ !''

પ્રભુ કહે છે: ''પહેલાં એકવાર મારી પાસે આવ અને પછી પ્રશ્ન કર.''

હું જ્યારે પ્રભુ પાસે ગયો, ત્યારે મેં શું જોયું ? મારાં અશ્રુ કમળ બની તેનાં ચરણોમાં પ્રફુલ્લ હસી રહ્યાં હતાં.

# પંચગીની સેનેટોરિયમ ખાતે યોજાયેલું સ્નેહમિલન...

નવી નવેલી દુલ્હનની જેમ સજાવેલ પંચગીની સેનેટોરિયમના નૂતનીકરણને નિહાળવા તેમ જ કન્વીનરોને બિરદાવવા સભાના ટ્રસ્ટીઓ અને કમિટીના સભ્યોનું સ્નેહમિલન ૧૦મી જૂન થી ૧૨મી જૂન પંચગીની ખાતે યોજાયું હતું.

શુક્રવારે સવારના ખુશનુમા માહોલમાં પંચગીની પહોંચી ગયેલા સભ્યોનું બેન્ડવાજા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. વેલકમ ડ્રિંકની લહેજત માણી દરેક સભ્યો કન્વીનર સંગાથે સંપૂર્ણ સેનેટોરિયમની મુલાકાત લીધી.

ઓફિસની સામેના મોટા પત્થર (ખડક) ઉપર સુંદર મજાના કલાત્મક ગઝીબોની રચના કરવામાં આવી છે. ઝરમરતાં વરસાદને માણવાની આ સુંદર વ્યવસ્થા છે.

ખડકાળ જમીનને સમથળ કરી બનાવવામાં આવેલા ચિલ્ડ્રન્સ પ્લે એરીયા, સહુને માટે વિવિધ પ્રકારની જીમ એક્ટીવીટીઝ, આર્ટીફીશીયલ ગ્રાસની કારપેટ, નાનું પણ સુંદર ગાર્ડન, જોગિંગ ટ્રેક, હિંચકાઓ આ સહુને માણવાની મજા કંઈક ઔર જ છે.

મુખ્ય દરવાજાથી પાર્કિંગ સુધીનો વ્યવસ્થિત સીમેંટ કોંક્રીટવાળો રોડ, પાર્કિંગથી ઑફિસ સુધીનો પેવર બ્લોક્સ વાળો રસ્તો, અને પાછળનો સુશોભિત સીમેન્ટ કોંક્રીટવાળો રસ્તો સેનેટોરિયમની સુંદરતામાં ચાર ચાંદ લગાવી દે છે. મેઈન ગેઈટની સામેના કોર્નર પાસે અન્ય એક ગઝીબોની રચના થઈ ગઈ છે જેના માટે દાતાનું નામ આવકાર્ય છે.

સેનેટોરિયમની પાછળના ભાગમાં વોલીબોલ/બેડનિન્ટન રમવા માટેની જગ્યા, યોગારૂમ મલ્ટીપરપઝ તેમજ જિમ્નેશિયમ નવા રૂપરંગ ધરી ચુક્યું છે.

ઉડીને આંખે વળગે તેવી ચોક્ખાઈ, દરેક રૂમમાં એ.સી. ની સગવડ, સ્વાદિષ્ટ ભાવતા ભોજન, આ સર્વ સુવિધાઓ સાથેનું પંચગીની સેનેટોરિયમ સહુની મનગમતું સ્થળ બની ગયેલ છે.

નવા રંગરોગાન સાથે શોભતું સેનેટોરિયમનું બિલ્ડીંગ, નિઓન સાઈન વાળું બોર્ડ, વ્યવસ્થિત પાર્કીંગ એરીયા, અને ગાર્ડનની નયનરમ્ય લાઈટીંગ રાત્રે અદ્‌ભૂત નઝારો આપે છે.

ત્રણે કન્વીનરોની છ મહિનાની મહેનત, ટ્રસ્ટીશ્રી પ્રવિણભાઈ તથા મનિષાબેનનું માર્ગદર્શન અને મંત્રીશ્રી અનિલભાઈ સંઘવીના સાથ સહકારથી નૂતનીકરણ પામેલ સેનેટોરિયમનો દેખાવ જોઈને દરેક કમીટી સભ્યો ખુશ થઈ ગયા.

સેનેટોરિયમની મુલાકાત બાદ ભાવતા ભોજનનો આસ્વાદ લઈ સાંજે મહાબળેશ્વરની મુલાકાત લઈ રાત્રિના ભોજન બાદ આઈસ્ક્રીમ સંગાથે હાઉઝી ગેમનો આનંદ માણ્યો.

બીજા દિવસે સવારે પ્રાર્થના ભક્તિ-સ્તવન બાદ રજવાડી નાસ્તાને ન્યાય આપી લગભગ સાડાદસના સુમારે ગઝીબોનું ઉદ્‌ઘાટન કરવા સર્વે સભ્યો એકત્રિત થયા.

ગઝીબોના મુખ્ય દાતા સંગીતાબેન કેતનભાઈ શાહ અને મહેન્દ્રભાઈ અજમેરાના હસ્તે ટ્રસ્ટીઓ અને કમિટી સભ્યોની હાજરીમાં ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન થઈ. ગઝીબોના દેખાવ અને શણગાર જોઈ દાતા પરિવાર સહિત સર્વેને સંતોષ અને આનંદ થયો. દાતાઓના બહુમાનનો કાર્યક્રમ લોટસ હોલમાં શુરૂ કરવામાં આવેલ.

ટ્રસ્ટી અને ઉપપ્રમુખ પી.જી. શાહના પ્રમુખપદ હેઠળ નવકાર મંત્રના સ્મરણ દ્વારા કાર્યક્રમની શરૂઆત થઈ.

સહમંત્રી મુકેશભાઈ ચશ્માવાળાએ ઉપસ્થિત ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બર્સ અને દાતા પરિવારને ઉષ્માભર્યો આવકાર આપ્યો. પાંચ સેનેટોરિયમની શૃંખલામાં નવીનીકરણ થયેલ પંચનીગી સેનેટોરિયમ ખાતે સજોડે પધારેલ દરેકનું હાર્દિક સ્વાગત કર્યું. રીનોવેશન કાર્યમાં સહાયરૂપ થયેલ. કિર્તીભાઈ અજમેરા, રાકેશભાઈ શાહ, કેતનભાઈ ચુડગર અને યોગેશભાઈ દોશીને આવકાર આપી તેમના સહકારની પ્રશંસા કરી.

મંત્રીશ્રી અનિલભાઈ સંઘવીએ જણાવ્યો હતું કે કોરોના કાળની વિષમ પરિસ્થિતિમાં પણ ચેતનભાઈ, નિરવભાઈ તથા વિજયભાઈએ ખૂબ મહેનત કરીને નવીનીકરણનું કાર્ય પૂર્ણ કર્યુ હતું.

ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઈ શાહે તેમના વક્તવ્યમાં સૌ કન્વીનરોને અભિનંદન આપ્યા અને જણાવ્યું કે સભા તરફથી મળેલા સહકારનું ઉત્તમ ઉદાહરણ એટલે પંચગીની સેનેટોરિયમ. ઉપસ્થિત સર્વે સભ્યોની માંગણીને માન આપીને જો કોઈ દાતા મળે તો પંચગીની સેનેટોરિયમ ખાતે લીફ્ટ મુકવાની મંજુરી આપી

સભાના ટ્રસ્ટી શ્રી મહેશભાઈ વોરાએ સેનેટોરિયમનું કાર્ય જોઈ સંતોષ વ્યક્ત કરેલ હતો અને પંચગીનીની જેમ અન્ય સેનેટોરિયમ પણ આધુનિક બનાવવા સૂચન કરલે હતું.

ટ્રસ્ટી શ્રીમતી મનિષાબેને કન્વીનરના કાર્યબદલ અત્યંત ખુશી વ્યક્ત કરતા જણાવેલ કે દરેક સેનેટોરિયમને બહેતર બનાવવા મુલાકાતીઓના પ્રતિભાવનું

ફિડબેક ફૉર્મ વ્હોટસએપ દ્વારા ચાલુ થઈ ગયું છે. જે સેનેટોરિયમની ગુણવત્તા સુધારવા માટે ખૂબ ઉપયોગી થશે.

ટ્રસ્ટીઓના આર્શીવચન બાદ કન્વીનરો વતી ચેતનભાઈએ દરેકનો આભાર માનેલ અને વિજયભાઈ અજમેરાએ સંપૂર્ણ કાર્યની રૂપરેખા આપી. નિરવભાઈ કોમ્પ્યુટર અને ડિજીટલ કાર્યમાં અનુભવી હોવાથી કોમ્પ્યુટરનું કાર્ય નિરવભાઈ સંભાળે, લોખંડબજારના અનુભવી ચેતનભાઈ Febrication અને અન્ય કાર્ય સંભાળે અને વિજયભાઈ હિસાબ કિતાબ તેમજ માલની ખરીદી કરકસરથી કરાવી આપવાની જવાબદારી સંભાળેલ હતી. આ દરેક કાર્યમાં સહુના સાથ અને માર્ગદર્શન માટે તેઓએ આભાર વ્યક્ત કરેલ.

## દાતાશ્રીની પ્રસન્નતા

Dear All,

"Wanted to take some time to appreciate all the effort put in by the team for such excellent hospitality! "From the stay to the food everything was fantastic ! "The new and improved Sanatorium and all the work put in behind the beautification of the park, makes us feel like we are in Brindavan and specially the Gazebo was phenomenal. "The Gazebo looks absolutely stunning, thanking all those who made this soo beautifully ! "The events organised were soo much fun, saw all the members enjoying and dancing for the very first time so had a really good time? "We really thank the Zalawad Trustees, office bearers and specially the whole Panchgini team for such a comfortable stay. "It was mine and Sangita's pleasure to be a part of such a fun weekend ! "Thank you Again for everything

**Mahendra Ajmera**

અનિલભાઈએ સેનેટોરિયમના મેનેજર જગદીશભાઈ બારોટ અને તેમના ધર્મપત્ની તેજલબેન બારોટના હસમુખ શાંત અને
મિલનસાર સ્વભાવની પ્રશંસા કરી હતી.

ત્યારબાદ ત્રણે કન્વીનરો તેમ જ રિનોવેશન કાર્યમાં સહાયરૂપ થયેલ મિત્રોનું બહુમાન કરવામાં આવેલ.

કિર્તીભાઈ અજમેરા નું બહુમાન અશોકભાઈ જસવાણી હસ્તે, રાકેશભાઈ શાહનું બહુમાન દિલીપભાઈ શાહના હસ્તે, ચેતનભાઈ ગોસલિયા અને મનિષાબેનનું બહુમાન નરેન્દ્રભાઈ સંઘવીના હસ્તે, વિજયભાઈ અજમેરા અને મનિષાબેનનું બહુમાન કિરીટભાઈ શેઠના હસ્તે, નિરવભાઈ દોશી અને તેજલબેન દોશીનું બહુમાન મુકેશભાઈ શાહ ના હસ્તે, યોગેશભાઈ દોશીનું બહુમાન મહેશભાઈ દોશીના હસ્તે, જગદીશભાઈ બારોટ અને તેજલબેનનું બહુમાન અનિલભાઈ, ચેતનભાઈ, વિજયભાઈ અને નિરવભાઈ હસ્તે તથા ગઝીબોના દાતા સંગીતાબેન અને મહેન્દ્રભાઈ અજમેરા પરિવારનું ભવ્ય બહુમાન ટ્રસ્ટીશ્રી પ્રવિણભાઈ, મહેશભાઈ, મનિષાબેન અને મંત્રીશ્રી અનિલભાઈ તેમ જ મુકેશભાઈના હસ્તે કરવામાં આવેલ. કેતનભાઈ ચુડગર સંજોગવશાત હાજર રહી શક્યા ન હતા તેમના સાથ સહકાર માટે વિજયભાઈએ આભાર માનેલ હતો .

આ પ્રસંગે ગઝીબોના દાતા પરિવાર-માંથી મહેન્દ્રભાઈ અજમેરાએ પોતાના ભાવો વ્યક્ત કરતા જુની યાદો અને સંસ્મરણો વાગોળ્યા હતા. વર્તમાન કમિટી સભ્ય એવા મહેન્દ્રભાઈ જ્યારે સહમંત્રીપદે હતા માણેકનગરમાં દસ હજારથી વધુ ઝાલાવાડીઓનું સ્નેહ સંમેલન યોજેલ હતું અને હજુ ૮૫ વર્ષની ઉંમરે સ્ફુર્તિલા મહેન્દ્રભાઈએ ફરીથી આવું આયોજન કરવાની તૈયારી દાખવેલ હતી.

દાતા પરિવાર વતી મહેન્દ્રભાઈના સુપુત્ર કેતનભાઈ અજમેરાએ ગઝીબોની ડિઝાઈન અને કન્સેપ્ટ જોઈ પરમ સંતોષ વ્યક્ત કર્યો હતો અને કન્વીનરોની મહેનતને બિરદાવી હતી તેમ જ તેમના પૈસાના સદ્દુપયોગ બદલ સભાના ટ્રસ્ટી અને કમિટીનો આભાર માન્યો હતો.

અંતમાં દિલીપભાઈ શાહે ઉપસ્થિત રહેલા દરેક સભ્યો, ઉત્સાહી કન્વીનરો, દાતા પરિવાર, મેનેજર બારોટ તથા આ નુતનીકરણમા યોગદાન આપનાર સર્વનો અંત:કરણપૂર્વક આભાર માણ્યો હતો.

સંપૂર્ણ કાર્યક્રમનું સફળ સંચાલન મંત્રીશ્રી અનિલભાઈ સંઘવીએ કરેલ હતું.

બપોરના ભોજનમાં રસપૂરીની જયાફત માણ્યા બાદ વિશ્રાંતિ અને ત્યારપછી ૬.૩૦ વાગ્યાથી શરૂ થયેલ મ્યુઝિકની રમઝટ રાત્રે ૯.૩૦ વાગ્યે ડાન્સ, મસ્તી ધમાલ સાથે પૂર્ણ થઈ. રાત્રે ફાસ્ટ ફૂડનો આનંદ માણ્યો. રવિવારે સવારે પ્રાર્થના-ભક્તિ-સ્તવન બાદ નાસ્તાને ન્યાય આપી સહુએ મુંબઈ તરફ પ્રયાણ કર્યુ.

આ પ્રસંગે પ્રવિણભાઈ, મહેશભાઈ તથા પ્રેમાબેન, મનીષાબેન તથા વેબસાઈટ ટીમ, અનિલભાઈ અને પ્રજ્ઞાબેન, મુકેશભાઈ તથા હીનાબેન, નરેન્દ્રભાઈ અને અલકાબેન, દિલીપભાઈ, મહેશભાઈ અને શીલાબેન, અશોકભાઈ તુરખીયા, અશોકભાઈ અને પુષ્પાબેન, કીરીટભાઈ અને ભારતીબેન, ચેતનભાઈ અને મનિષાબેન, વિજયભાઈ અને મનિષાબેન, નિરવભાઈ અને તેજલબેન, ભરતભાઈ ગેડીવાલા હાજર રહ્યા હતા.

પ્રોગ્રામનો સંપૂર્ણ ખર્ચ ૩ ટ્રસ્ટીઓ, ૩ કન્વીનરો તેમજ અનિલભાઈ અને ભરતભાઈ એ ઉઠાવ્યો હતો તે બદલ સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.

❖❖❖



# હરિનાં લાડીલાંનું સહજ મિલન

□ કાંતિલાલ કાલાણી

મેરામ ભગત થોડા કલાક ગામમાં આવ્યા હતા. સામાન્ય રીતે તેઓ પોતાની વાડીએ જ હોય. વ્યવહારની કોઈ પણ જવાબદારી તેમણે પોતાને શિરે નહીં રાખેલી, એટલે એ નિમિત્તે બહાર જવાનું હોય નહીં. પોતે ભલા અને પોતાની વાડી ભલી. બહાર નીકળે તો મહાત્મા પાસે જાય અને ક્યારેક હિમાલયના સ્વામી શતાનંદ સાથે સત્સંગ નિમિત્તે બે-ચાર દિવસ તેમની સાથે રહેતા. મેં ઘરે આવવા આગ્રહ કર્યો ત્યારે કહે : હવે ક્ષેત્રસંન્યાસ જેવું લઈ લીધું છે. ન છૂટકે બહાર નીકળવું પડે તો નીકળું છું. આવો મહામૂલો અવતાર આમ-તેમ અથડાઈને વેડફી નાખવાનું ઠીક નથી લાગતું. પણ તારે ઘરે થોડી વાર આવું છું; તારી બાનાં દર્શન કરવા જ ખાસ આવું છું. એમની ભક્તિ વિશે તને શું કહેવું ? તું ભક્તિ-માર્ગમાં આગળ વધીશ, પછી તને ખ્યાલ આવશે કે બા કઈ કક્ષાએ પહોંચ્યાં છે.

મેરામ ભગત ઓચિંતાના આવ્યા એટલે બા ખૂબ રાજી થયાં. પિતાજી બહારગામ હતા. એ બંનેની નાનપણની મૈત્રી. છતાં મળે કોઈ ક જ વાર. બંને પોતપોતાની સાધનામાં મસ્ત. મળે ત્યારે સત્સંગ જામે. તે દિવસે પિતાજી હાજર હોત તો કદાચ ભગતજી રોકાઈ જાત. બાએ આગ્રહ કર્યો ત્યારે કહે : 'બહેન, મળ્યાં એનો આનંદ. ફરી ક્યારેક નિરાંતે આવીશ. આજે કલાક-દોઢ કલાક રહી નીકળી જઈશ.'

બા મેરામ ભગતના આંતર જગતથી પરિચિત હતાં. ભગતજીની જવાની ઈચ્છા છે, એ જાણ્યા પછી તેમણે રોકાવા માટે દબાણ ન કર્યું. પણ ભગતને હજી પોતાની વાડીએ જવા પંથ કાપવાનો હતો એટલે સવારના નાસ્તામાં રોટલો અને દહીં આપ્યાં. અમે સાથે બેસી નાસ્તો કર્યો. ભગતજીએ આખી રાત સૌને કેવો આનંદ કરાવ્યો તેની મેં બાને વાત કરી.

બાએ કહ્યું : 'ભગત, તમે રાતનો ઉજાગરો કર્યો છે એટલે થોડો આરામ કરી લો. પછી એકાદ ભજન સંભળાવી નીકળજો. તડકો થાય તે પહેલાં તમે વાડીએ પહોંચી જાવ તે જ ઠીક.'

'આરામ તો વાડીએ જઈને કરીશ, બહેન.' ભગતજીએ કહ્યું : 'તમારા અનુભવોની થોડી વાત કરો. બહેનને ઘરેથી ભાતું લીધા વિનાનો જઈશ તો થોડો ભાર રહેશે. નાની ઉંમરે તમારા હાથે પ્રસાદની સુખડી ખાધી છે. હવે એ સુખડી પ્રત્યે આકર્ષણ રહ્યું નથી. તમે અંદરની દુનિયામાં જે પ્રસાદ તૈયાર કર્યો છે તેનો સ્વાદ લેવાનો ભાવ થયો છે. થોડી વાતો સાંભળીને સંતની વાણી યાદ કરીશું. પછી હું રજા લઈશ.'

ક્ષણભર શાંતિ છવાઈ ગઈ, પછી બા કહે : 'ભાઈ, નાના મોઢે તમારી આગળ શું વાત કરું ? મને લખતાં-વાંચતાં આવડતું નથી. નથી શાઓ સાંભળ્યાં. હા, પ્રભુકૃપાથી સાધુ-સંતોનો સંગ મળ્યો છે. બાપાને ઘરે હતી ત્યારે સાધુ-સંત વિના એકેય દિવસ ખાલી ન જતો. મને ગળથૂથીમાં રામનામ મળ્યું છે. સાધુ-સંતોએ પણ હરિનામમાં રચ્યાપચ્યા રહેવાનું કહ્યું છે. ભગવાનનું ભાવપૂર્વક સ્મરણ કરવામાં બધા શાસ્ત્રો આવી જાય છે. પ્રભુના નામમાંથી જ જ્ઞાન, ભક્તિ, કર્મ બધું જ પ્રગટે છે. આપણે મૂળ પકડતાં નથી. પણ થડ, ડાળી કે પાંદડાં પકડીએ છીએ. મારી મા કહેતી કે ઝાડને ઉછેરવું હોય તો મૂળમાં ખાતર-પાણી નાખવાં, ડાળીએથી પાણી પીવડાવવાની ભૂલ ન કરવી. એમની વાતમાંથી મેં એવી તારવણી કાઢી કે નામસ્મરણ એ એકડો છે, બાકી બધાં મીંડાં. એકડો હશે તો મીંડાંની કિંમત થશે. એમ સાચા હૃદયથી ભગવાનનું નામ લેવાશે તો ડહોળાયેલું મન શાંત થઈ જશે અને જબરી શ્રદ્ધા ઊભી થશે.

'આ શ્રદ્ધાની વાત કરું છું ત્યારે મને મારું નાનપણ યાદ આવે છે. અમારે ત્યાં એક બાવાજી રોજ સવારમાં લોટ માગવા આવતા. ખડકીમાં દાખલ થાય કે તરત 'જયસીતારામ' કહેતા. એટલે મા કહેતાં: જા દીકરી, મહારાજને લોટ આપી દે. આઠેક વર્ષની મારી ઉંમર હશે. એ બાવાજી ક્યારેક ક્યારેક ઓટલે બેસી મને વાર્તા કહેતા. એક વખત તેમણે મને પૂછ્યું : રામ મોટા કે હનુમાન ? મેં કહ્યું : રામ ભગવાન હતા અને હનુમાન તેમના સેવક, એટલે રામ મોટા. તો કહે, તારી વાત સાંભળી. હવે મારી વાત સાંભળ. રામ ભગવાન ખરા. પણ તેમને લંકામાં જવા માટે ભારે મહેનત કરી પૂલ બાંધવો પડ્યો, જ્યારે એનો ભક્ત એક કૂદકે સાગર ઓળંગી લંકામાં પહોંચી ગયેલો. માટે ભક્ત થવું.

ભક્ત ભગવાન કરતાં મોટો છે એમ કહીશ તો તને આંચકો લાગશે. એટલે એવું નથી કહેતો. પણ બેટા, ભક્તને ઓછો ગણીશ મા. એટલે ભગવાનનું નામ લીધા કરજે. તારું કલ્યાણ થશે.

'બાવાજીની વાત હૃદયમાં સોંસરી ઊતરી ગઈ. મોટી થઈ ત્યારે સમજાયું કે 'જય રામ' કરીને સંસારસાગર તરવો સહેલો છે. વાત સમજાઈ એટલે પકડી લીધી. પછી વધુ ભાંજગડમાં ન પડી. ઘરઆંગણે જે કોઈ સાધુ-સંત કે અતિથિ આવે તેની થાય તેટલી સેવા કરવી, ભૂખ્યાંને ટુકડામાંથી ટુકડો આપવો અને હૃદયથી ભગવાનનું નામ લેવું. ભાઈ, ભગવાનની દયાથી આટલું કરતી આવી છું અને મને દૃઢ વિશ્વાસ બંધાઈ ગયો છે કે જીવ જ્યારે આ કાયા છોડીને જશે ત્યારે એને ભટકવું નહીં પડે એ સીધો હરિના દરબારમાં પહોંચી જશે. મારી વાત અહીં પૂરી થઈ ગઈ. હવે તમે કાંઈક કહો.'

બાની સરળતાની ભગતના હદય ઉપર જબરી અસર થઈ. એમની આંખો ભીની થઈ ગઈ. મેં ઊઠીને પાણી આપ્યું.

થોડી વાર કોઈ કશું બોલ્યું નહીં. પછી ભગતજીએ બા સામે જોઈને કહ્યું : 'બહેન, તમે સારનો સાર કહી દીધો. મને સંત તુલસીદાસ યાદ આવી ગયા :

*તુલસી જગમેં આયકે,*
*કર લીજે દો કામ;*
*દેનેકું ટુકડા ભલા, લેનેકું હરિનામ.*
*કબીરજીના નામાચરણવાળી*
*પણ સાખી ગવાય છે :*
*કબીર કહે કમાલ કો, દો બાતાં સીખ લે,*
*કર સાહેબકી બંદગી,*
*ઔર ભૂખે કો અન્ન દે.'*

અનુભવી પુરુષોએ સમજી સમજીને ગાયું છે અને પરમ શાંતિના રસ ચાખીને અન્યને ચખાડ્યો છે.

'બહેન, મારા બાપા પણ મને કહેતા : જમીન-જાગીરને બહુ વળગતો નહીં. તારા ત'બૂરને વળગી રહેજે. એને વિશ્રામ આપવાનું મન થાય ત્યારે માળા લેજે. પણ હાથમાં ત્રીજી વસ્તુને પકડતો નહીં. એવી ભૂલ કરી બેઠો તો તું પકડાઈ જઈશ અને હરિનામ છૂટી જશે. બહેન, બાપાની પાસે જ પાણી મૂક્યું કે બાપા, હું બીજે કયાંય હાથ નહીં નાખું, પણ જોડે જોડે તમે ઠાકર મહારાજને કહેતા જજો કે મને સહાય કરતા રહે. માત્ર આપણા જોરે કાંઈ ટકતું નથી. હરિની કૃપા પણ જોઈએ. આપણે એમનાં રખોપાં સ્વીકાર્યાં છે. તમે રામ અને હનુમાનની વાત કરી મારા હાડમાં ઊતરી ગઈ. જે શરણાગતિ સ્વીકારે છે તે સાગર તરી જાય છે, જે પોતાના બળ ઉપર નાચે છે તે કાળનો કોળિયો થઈ જાય છે. રાવણ, કંસ, શિશુપાલ વગેરે ભાંગીને ભૂકો થઈ ગયા. પણ ધ્રુવ, પ્રહ્‌લાદ, સુધન્વા જેવા ભક્તો ભાંગ્યા નહીં. જે ભાંગી જાય, તૂટી જાય તે ભક્ત નહીં. જે ભગવાનમાં ભળી જાય, અહંકારને નામશેષ કરી નાખે તે જ ભક્ત.

'બહેન, હું તો ભક્તોની ચરણરજ છું. ઉદાર મનના લોકો મને ભગત કહે છે. ભગવાન મને એનો ભગત બનાવે તો મારા જેવો ભાગ્યશાળી કોણ !'

આટલું કહી મેરામ ભગત શાંત થઈ ગયા. અંદરના જગતમાં ચાલ્યા ગયા હોય તેમ લાગ્યું.

મારી એક બાજુ બા બેઠાં હતાં. એક બાજુ મેરામ ભગત. બંનેને જોઈ હું પરમ ધન્યતાનો અનુભવ કરતો હતો.

મેરામ ભગતને વિદાય આપતાં મારું હૈયું ભરાઈ આવ્યું. તેઓ પણ એટલા ભાવવિભોર થઈ ગયા હતા કે કશું બોલી શક્યા નહીં. મારે શિરે હાથ ફેરવી તેમણે વિદાય લીધી. એમના પુનિત ચરણો પર મારી દૃષ્ટિ ગઈ અને આંખે પારાવાર ટાઢક અનુભવી. એની સ્મૃતિમાત્રથી આજે પણ અણુએ અણુ સ્પંદિત થઈ ઉઠે છે. ❖❖❖

## બોધકથા



સમ્રાટ સિકંદરે પોતાના નિષ્ઠાવાન - હિંમતવાન સેનાપતિને કાન-ભંભેરણીના કારણે સેનાપતિપદમાંથી નીચેના હોદ્દે ઉતારી નાખ્યો.

સેનાપતિ આ સૂબેદારના હોદ્દા પર વધારે આનંદ નિષ્ઠા-પ્રામાણિકતાથી, વધારે મહેનતથી કામ કરવા લાગ્યો. તેના અધિકારીઓ ખુશ હતા - જે લોકો પદભારને કારણે એને હળતામળતા ન હતા તે મિત્રો થઈ ગયા - ઉપરી અધિકારીઓ પણ તેનાં અનુભવ, સલાહ-માર્ગદર્શન માગવા આવવા લાગ્યા. સૂબેદાર અધિક આનંદમાં રહેવા લાગ્યા.

થોડા સમય પછી, સિકંદર પોતે કરેલી સજાથી, પેલા સેનાપતિના કેવા-હાલહવાલ થયા તે જોવા તેની પાસે ગયા. આસપાસ-પડોશીના અભિપ્રાય લીધા. બધાએ તેના સુખ-આનંદ-સ્વભાવ સ્થિતિનાં ખૂબ વખાણ કર્યાં. સિકંદરે તેને આ આનંદનું કારણ પૂછ્યું.

સૂબેદાર કહે, 'આનંદ પદ-સત્તા સાથે જોડાયેલો નથી, એ સ્વભાવ સાથે જોડાયેલો છે, અને આપે મને આવી જગ્યા પર 'પોસ્ટિંગ' આપ્યું જ્યાં ઓછી જવાબદારી સાથે ઈમાનદાર રહી શકાય.'

સિકંદરે પછી તેને સરસેનાપતિ બનાવી દીધો.

# માટીની ખોલી



□ આશા વીરેન્દ્ર

લગભગ પચાસેક વર્ષ તો થયાં હશે એને પરણીને આ ઘરમાં આવ્યાને ! એકલી બેઠી બેઠી દેવિકા વિચારી રહી હતી, હરિભાઉ સાથે લગ્ન કરીને અહીં પગ મૂક્યો ત્યારે આ ઘરની રોનક કંઈક જુદી જ હતી. મોટી ઓસરી અને ત્રણ-ચાર ઓરડાવાળા ઘરમાં પોતાનો રૂમ કયાં હશે એમ વિચારી રહેલી દેવિકાને એની જેઠાણી આ જ ઓરડામાં લઈ આવેલી.

‘દેવિકા, આ ઓરડો મોટો છે એટલે નવાં પરણેલા માટે અહીં જ વ્યવસ્થા કરાય છે.’

દેવિકાએ ચારેબાજુ નજર કરેલી. ઓરડામાં એક જ બારી હોવાથી દિવસે પણ અંધારિયો લાગતો હતો ખરો પણ એને તો તે દિવસથી જ આ માટીથી લીંપેલી ખોલીની માયા લાગી ગયેલી.

હરિભાઉ કરિયાણાની દુકાન ચલાવીને ઘરનું ગાડું ગબડાવતા પણ વડીલોની માંદગી, છોકરાઓનું ભણતર અને સારે-માઠે પ્રસંગે વહેવાર કરવામાં મહિનાના આખરી દિવસો ખેંચીતાણીને કાઢવા પડતા.

‘શું કરું ? ગમે તેટલી મહેનત કરું પણ તમારે માટે બે જોડી સારાં કપડાંય નથી લાવી શકતો.’

‘કંઈ વાંધો નહીં, અમે કોઈ દિવસ ફરિયાદ કરી છે ? કાલ ઊઠીને છોકરા કમાતા થઈ જાય તો મારે સૌથી પહેલાં ખોલીની મરામત કરવી છે, બસ ! બીજું કંઈ નથી જોઈતું.’

એમ તો મજિયારાના ભાગ પડ્યા ત્યારે દેવિકાને ભાગે ચાર કિલો ચાંદી આવેલી પણ જ્યારે એની ઈચ્છા પૂરી થવાનો સમય આવે એ પહેલાં તો છોકરાંઓનાં ભણતર માટે, નવી વહુને દાગીનો ચઢાવવા માટે કે દીકરાના રૂમમાં એટેચ્ડ ટોઈલેટ-બાથરૂમ કરાવવા માટે એમાંથી થોડી થોડી કરીને ચાંદી વપરાતી ગઈ. જ્યારે પણ હરિભાઉ ચાંદીની માગણી કરતા ત્યારે દેવિકાના મનમાં ખોલીની વાત સળવળ થતી પણ પછી બધું ભૂલીને દર દિવાળીએ એ સરસ મજાની ભાત પાડીને ખોલી લીંપતી અને ખુશ થતી. મનોમન એ વિચારતી, ‘છે બીજે ક્યાંય આ ખોલી જેવી ઠંડક ? મારે તો બસ, અહીં જ હિમાલય ને અહીં જ ચાર ધામ છે.’

એક દિવસ હરિભાઉ દુકાનેથી આવ્યા ત્યારે સખત ગરમીથી અકળાયેલા હતા. એમણે આ જ ખોલીમાં લંબાવ્યું તે ફરી કદી ઊઠ્યા જ નહીં. એમના જવાથી દેવિકા સાવ એકલી પડી ગઈ. એ હવે મોટેભાગે ખોલીમાં જ બેસી રહેતી. મોટો દીકરો એના નવા સંસારમાં રોકાયેલો અને નાનો એંજિનિયરિંગના ભણતરમાં. એને લાગતું કે એ ધીમે ધીમે દૂર હડસેલાતી જતી હતી. સાંજના સમયે જમવાનું એણે ક્યારનું બંધ કર્યું હતું. ફક્ત દૂધ જ પીતી. રોજ વધુ ને વધુ પાણી ઉમેરાયેલું દૂધ જોઈને એક દિવસ એનાથી બોલાઈ ગયું.

‘સુનંદા, આવું સાવ પાણી જેવું દૂધ આપે છે તે દૂધવાળાને તું કંઈ કહેતી કેમ નથી ?’

સુનંદાએ નાની એવી વાતનું વતેસર કર્યું હતું. ‘માજી કહેવા માગે છે કે હું એમના દૂધમાં પાણી મેળવું છું.’ પત્નીને સાથ આપતાં દીકરાએ માને સમજ પાડી હતી, ‘મા, આટલી ઉંમરે તારે બાસુંદી જેવું દૂધ પીવું છે ? તને શું પચશે અને શું નહીં, એનો તો વિચાર કર !’

દિવસે દિવસે સાંકડી થતી જતી દેવિકાની જિંદગીમાં હવે માત્ર એ અને એની ખોલી જ રહી ગયાં હતાં. ખોલીની ચાર દીવાલો જોતાં એ વિચારતી, ‘આ પણ બીચારી મારી જેમ ખખડી ગઈ છે. નાનો કમાવા લાગે તો એને કહું, ભાઈ, સૌથી પહેલા ઓરડીનું સમારકામ કરાવી દે. મારી આટલી ઈચ્છા પૂરી કરી દે દીકરા, અને જો આ જૂનો ટેબલ ફેન બહુ અવાજ કરે છે, એને લીધે રાતે ઊંઘ ઊડી જાય છે તે સાથે સાથે છતમાં પંખો નખાવી દેજે પછી એયને ! નિરાંતે સૂઈ જઈશ.

નાના દીકરાએ એની સાથે કામ કરતી વિભાને પરણવાનું નક્કી કર્યું. માને બધી વાતમાં કેટલીક સમજ પડે, એમ કરીને એણે સીધો મોટાભાઈ-ભાભીની કોર્ટમાં જ પોતાનો કેસ દાખલ કર્યો.

‘શહેરમાં રહેલી વિભાને આપણું જૂનવાણી ઢબનું ઘર ન ફાવે. અમારા લગ્ન પહેલાં ઘરમાં થોડા ફેરફાર કરાવવા પડશે. આમ પણ હવે માની ખોલી તો સાવ પડવા આવી છે. એ ખોલી તોડાવીને અમારો બેડરૂમ બનાવડાવી લઈએ.’

મોટાભાઈને તો આ ઑફરમાં એક પંથ ને દો કાજ દેખાયા. નાનાને ઘર નવું કરાવવું છે એટલે ખર્ચો તો એ જ કરશે અને પછી એ લોકો કાયમ તો અહીં રહેવાનાં નહીં એટલે બધું અમને જ વાપરવા મળશે. આટલો ફાયદો થતો હોય તો મધ્યસ્થી તો

કરવી જ જોઈએ.

'મા, તું આખો વખત એકલી અહીં ખોલીમાં બેસી રહે છે એના કરતાં નવો વરંડો બનાવીને તારે માટે સરસ સૂવાની વ્યવસ્થા કરાવી લઈએ. આ તારી ખોલી તોડાવીને નાના માટે બેડરૂમ બનાવવાનું નક્કી કર્યું છે.'

'નક્કી કર્યું છે ? કોણે નક્કી કર્યું અને કોને પૂછીને કર્યું ? મારું જે કંઈ ગણો તે આ એક ખોલી છે. એ પણ તમારે...' દેવિકા આગળ ન બોલી શકી. તે રાત્રે કેમે કરીને એની આંખો મીંચાતી નહોતી. આ ખોલીમાં કેટલા પ્રસંગો ઉકેલ્યા, છોકરાંઓના હોળીના રંગો, દિવાળીના ફટાકડા ને મકર સંક્રાંતિ વખતે પતંગ ને ફીરકી બધું આ જ ખોલીમાં સચવાયું. 'એમણે' પણ અહીં જ વિદાય લીધી. હવે શું મારે જતી જિંદગીએ આ ખોલીને વિદાય આપવાની ?

મનમાં ખૂબ વલોપાત હતો ત્યાં જ દીવાલ પર ટીંગાતી વિઠોબાની છબી પર નજર ગઈ. એને લાગ્યું જાણે એ કહી રહ્યા હતા.

'તેં કેટલી વાર કથાઓમાં સાંભળ્યું છે કે, ખાલી હાથે આવ્યાં ને ખાલી હાથ જવાનાં. તો પછી આ ખોલીને વળગી રહેવાનાં વલખાં શા માટે ? એક દિવસ તો તારેય માટીમાં જ મળવાનું છે તો આજે જ એની માયા છોડી દે ને !'

દેવિકાના મનમાં પ્રકાશ ફેલાયો. એ નિરાંતે સૂઈ ગઈ. સવારે ઊઠીને હસતાં હસતાં દીકરાને પૂછવા લાગી, 'ખોલીમાંથી સામાન ક્યારે ખાલી કરવાનો છે ભાઈ ?'

---

## સારુ વાંચન શા માટે ?



**એ**ક ખેતરના ખૂણા પર મકાન બનાવીને એક કુટુંબ રહેતું હતું. મા-બાપ, દાદાજી, તેમનો પૌત્ર. મા-બાપ રોજે મજૂરી ઉપર નીકળી જતા, અને ઘરે દાદાજી અને દસ વરસનો પૌત્ર જ રહેતા. દાદાજી રોજ સવારે વહેલા ઊઠીને બારી પાસે મૂકેલી ખુરશી પર બેસીને પુસ્તકો વાંચતા રહેતા.

એક દિવસ પૌત્રએ પૂછ્યું: ''દાદા ... હું તમારી જેમ જ બુક્સ વાંચવાનો પ્રયત્ન કરું છું, પણ હું તેમાં કઈ સમજતો નથી. અને હું જે કઈ પણ સમજુ છું એ એક-બે દિવસમાં ભૂલી જાઉં છું. ઘણીવાર તો બુક બંધ કરું ને પાછળ બધું ભુલાઈ જાય છે. તમે પણ બધું ભૂલી જાઓ છો. તો પછી પુસ્તકો અને કહાનીઓ વાંચવાનો મતલબ શું ?''

દાદાજી હસ્યા, અને ઊભા થઈને રસોડામાં ગયા અને લોટ ચાળવાનો ગંદો હવાલો લઈને આવ્યા. પોતાના પૌત્રને કહ્યું: ''આ હવાલો લે, અને બહાર ખેતરમાં જતા પાણીના ધોરીયામાંથી હવાલો ભરીને લેતો આવ. મારે આ હવાલામાં સમાય એટલું પાણી જોઈએ છે.''

દીકરાને જેમ કહેલું તેમ કર્યું, પરંતુ હવાલો ભરીને દોડતો દાદાજી પાસે આવ્યો એ પહેલા જ હવાલાના કાણાઓમાંથી બધું પાણી લીક થઈ ગયું. દાદાજી હસ્યા અને કહ્યું: ''બીજી વાર ભરતો આવ, પરંતુ આ વખતે ઝડપથી દોડીને આવજે.'' દીકરો બીજી વાર ગયો, પણ ફરીથી તે દાદાજી પાસે પહોંચે એ પહેલાં હવાલો ખાલી હતો ! હાંફતા-હાંફતા તેણે દાદાજીને કહ્યું કે આ હવાલામાં તો પાણી ભરીને લાવવું અશક્ય લાગે છે. હું એક ગ્લાસમાં કે લોટામાં ભરતો આવું.

પરંતુ દાદાજી કહે: ''ના મારે આ હવાલામાં સમાય એટલું પાણી જ પીવું છે ! મને લાગે છે તું સરખી કોશિશ નથી કરી રહ્યો.'' છોકરો ફરી બહાર ગયો, અને પૂરી ઝડપથી દોડતો આવ્યો, પણ હવાલો ફરી ખાલી જ હતો ! થાકીને જમીન પર બેસીને દાદાજીને તેણે કહ્યું: ''દાદા... કહું છું ને...આ નકામું છે. ના ચાલે.''

''ઓહ... તો તને લાગે છે કે આ નકામું કામ છે ?'' દાદાજીએ કહ્યું, ''તું એકવાર હવાલા સામે તો જો.''

છોકરાએ હવાલાને જોયો અને પહેલીવાર તેણે જોયું કે હવાલો બદલાઈ ગયો હતો. તે જુના ગંદા હવાલામાંથી ધોવાયેલો, ચોખ્ખો, ચળકતો હવાલો બની ગયો હતો. તેના દરેક મેલ ધોવાઈ ગયા હતા.

દાદાજીએ હસીને કહ્યું: ''બેટા... જ્યારે તમે પુસ્તકો વાંચો ત્યારે આવું થાય છે. તું કદાચ બધું સમજે નહીં, કે બધું યાદ ન રહે, પરંતુ જયારે તમે વાંચો, ત્યારે તમે બદલાતા હો છો. અંદર અને બહાર પણ. કોઈ પણ કહાની કે કોઈ સારી વાત તમને અંદરથી થોડા ધોઈ નાખે છે, અને તમારો મેલ દૂર કરે છે.''

# પાંદડાં પરથી સરી પડતાં ક્ષણબિંદુઓ

☐ ગુણવંત શાહ

**આ**ષાઢી વરસાદ ક્યારેક એવી આક્રમકતા સાથે તૂટી પડે છે. જાણે એ કદી અટકશે જ નહીં એવું લાગવા માંડે. થોડાક કલાકો સુધી ચાલેલા આવા સહસ્રધાર પ્રેમાક્રમણ પછી એ માંડ ધીરો પડે છે અને બ્રેક ન લગાવી હોય તોય ગતિ ક્રમશઃ ઘટતી જાય પછી આપોઆપ અટકી જતી મોટરગાડીની માફક થંભી જાય છે.

સાવ પલળી ગયેલી ક્ષણોમાં આવે વખતે જે હૂંફ પ્રગટે તેમાં રહેલી સુગંધનો નશો નિરાંતે માણવાની આ વેળા છે. લક્કડખોદની નિષ્ઠામાં રહેલા સાતત્યને જાળવીને પ્રિયજનને પ્રેમ કરતાં રહેવાનો ભીનો સંકલ્પ કરવાની આ વેળા છે. વરસાદી લયને આપણા શ્વાસમાં ઓગળવા દઈને મૌનના ઘૂંટ પીતાં રહેવાની આ વેળા છે. ડ્રોઈંગરૂમનાં તમામ વળગણો ફગાવી દઈને ઝરૂખે બેઠાંબેઠાં પાંદડાં પરથી ટપક ટપક સરી પડતાં ક્ષણબિંદુઓને જોતાં રહેવાની આ વેળા છે. આપણી ભીતર કો'ક આકાશી ખૂણે ઊગી નીકળેલા મેઘધનુષની રંગછટાને હળવેકથી પંપાળી લેવાની આ વેળા છે. વૃક્ષની નીચે ઊભી રહી ગયેલી ગાયની ધ્રુજારીને હથેળીના આકાશમાં સમાવી લઈ વીજળીના ચમકારા સાથે વહી આવતા વાદળિયા ગડગડાટને રોમરોમમાં પહોંચાડી દેવાની આ વેળા છે. આપણો માંહ્યલો ટહુકવા માંડે તેને રોકટોક વગર ટહુકવા દઈને આપણા સમગ્ર અસ્તિત્વને એ ટહુકીલા ઘેનમાં ઝબોળાવા દઈને ઘડીભર સ્વસ્થ થવાની આ વેળા છે.

વરસાદ અટકીને જાય છે તે સાથે ઘણુંબધું શરૂ થઈ જાય છે. માતાપિતાએ માંડ રોકી રાખેલાં બાળકો ઘરની બહાર નીકળી પડે છે અને મોટરાં કદીય ન સમજી શકે એવી નાની નાની રમતોમાં લાગી જાય છે. મહોલ્લામાં ઊભેલાં સ્કૂટરો નાહી ધોઈને ચોખ્ખા થયેલાં જણાય છે. બે ટાયરો વચ્ચેથી



પાણી વહી જાય પછી નવરચના પામેલી ધુળની સુંવાળી સપાટી તાજા ભરેલા ધાબા જેવી સમથળ જણા છે. ઓટલાની પારો જ વરસાદમાં કોરા રહી ગયેલા એક ખૂણામાં કૂતરાએ પાડેલા ખાડામાં થોડીક હૂંફ બચેલી હોય છે. એ ખાડા પાસે ઊભી રહી ગયેલી બકરીની ભોળી આંખોમાં સચવાયેલું વિસ્મય, ફળિયામાં શરૂ થયેલી અવરજવરને જોતું રહે છે.

ઘરમાં બેસી રહેલા દાદાજી ઓટલે આવીને બાંકડા પર આસન જમાવે છે. દીકરાની વહુ ગરમ ગરમ ચાનો એક કપ એમને આપે એવી ઈચ્છાને તેઓ પ્રગટ નથી કરતા. આવી ક્ષણે પોતાની આગળ ચાલી નીકળેલી સદ્ગત પત્નીનું સ્મરણ એમની આંખોને ભીંજવી જાય છે. બાંકડે બેઠાબેઠા તેઓ રસ્તા પર વહી જતા પાણીને સુનમૂન બનીને જોયા કરે છે.

કૉલેજમાં વરસાદ અટકી જાય તે સાથે ક્યારેક ભણવાનું પણ અટકી જાય છે. એવે વખતે પોતાની મોટરબાઈક પર કો'ક મનગમતી છોકરીને લિફ્ટ આપવાની ઝંખના ન હોય એવો કોઈ યુવાન હોઈ શકે ખરો ?

વરસાદ અટકી જાય પછી ખેડૂતો વરાપ થાય તેની રાહ જુએ છે, જેથી ઓરણી થઈ શકે. ઓરણી પછી થોડાક જ દિવસોમાં નોટબૂકમાં સમાંતરે આવેલી લીટીઓ જેવા લીલાં તૃણના સમાંતર ચાસને કારણે ખેતરો રૂપાળાં લાગે છે. દોડતી ટ્રેનમાં બેઠાંબેઠાં બહાર ઝડપભેર પસાર થતાં રૂપાળાં ખેતરોનો લીલુડો-મેઈકઅપ જોતાં રહેવાનું ગમે છે. કાળી-કથ્થાઈ ઘૂસરતાના કૅન્વાસ પર ઊગી નીકળેલાં આ કાવ્યોને જોઈને થાય કે માણસને ચાળે ચડીને તૃણસૃષ્ટિ પણ પિંગળશાસ્ત્રને છંદે તો નથી ચડી ને !

ક્યારેક સાવ અનાક્રમક રીતે વરસાદ વરસી જાય છે. આષાઢી વરસાદ આટલી નમ્રતા ધારણ કરીને વરસે એવું ભાગ્યે જ બને. તાંડવ નૃત્યનો ખળભળાટ તો દૂર રહ્યો, એ તો એવી રીતે વરસી રહ્યો છે, જાણે ભરતનાટ્યમમાં નૃત્યકારના પગની ઘૂઘરીનો મંજુલ સ્વર કાને પડી રહ્યો છે. આવા વરસાદમાં પક્ષીઓની પાંખ પરથી થનગનાટ વરસતો રહે છે. આ થનગનાટ

પણ સાવ અનાક્રમક છે. સાવ રહસ્યમય રીતે થનગની ઊઠેલી આસપાસની આ સૃષ્ટિને જોવા માટે દિવ્યચક્ષુની જરૂર નથી હોતી. જરાક જંપી જઈને એને જોતાં રહીએ તો ચક્ષુને જે પ્રસન્નતા પ્રાપ્ત થાય એને દિવ્ય ન કહીએ તોપણ ચાલે.

વાદળના ગર્ભમાં ઝિલાઈ રહેલાં અગણિત ટીપાં પૃથ્વી પર અવતરવા આતુર હોય છે. કોઈક ભીનીભીની પળ દરમિયાન એ બધાંનું સામૂહિક અવતરણ થાય તેને લોકો વરસાદ કહે છે. પૃથ્વી પર વૃક્ષલોકનું પ્રત્યેક પાંદડું વાદળમાંથી પડું પડું થતા પ્રત્યેક ટીપાંની પ્રતીક્ષા કરતું રહે છે. જેઠ મહિનાના ઉકળાટ પછી તરસ્યા પાન પર રહેલું ટીપું પડે તેમાં ભરતમિલાપનો રોમહર્ષ રહેલો હોય છે. વૃક્ષલોકનાં અસંખ્ય પાંદડાં પર અગણિત ટીપાંનો જે અભિષેક થાય, તે જ ખરું ગંગાવતરણ ! પક્ષીઓનો થનગનાટ જોઈ શકાય છે, વૃક્ષોનો થનગનાટ જોવાની નહીં, પામવાની ચીજ છે. વાદળની આ 'બ્રાહ્મીસ્થિતિ' સમજવા જેવી છે.

વૃક્ષલોકના પ્રત્યેક પાંદડાને પ્રતીક્ષા હોય છે; અવતાર ધારણ કરીને પૃથ્વી પર વરસી પડતાં ટીપાંની. આપણી પ્રતીક્ષા જ્યારે પાંદડાં જેટલી ઉત્કટ બને ત્યારે પ્રાર્થનાનો દરજ્જો પ્રાપ્ત કરે છે. આપણા થનગનાટને જ્યારે પંખીની હળવાશ અને વૃક્ષની પ્રતીક્ષા પ્રાપ્ત થાય ત્યારે એને કીર્તન કહે છે.

❖❖❖

> કાળના ઘેરા તિમિરમાં ઝગમગે એ જિંદગી,
> આસમાં તૂટી પડે, પણ ના ડગે એ જિંદગી !
> શાંત હો આકાશ તો ઊડે પતંગો બેસુમાર,
> 'શૂન્ય' કિન્તુ આંધીઓમાં
> પણ ચગે એ જિંદગી !
>
> - 'શૂન્ય' પાલનપુરી

# બાપુજીની છત્રી

**રાજેન્દ્ર પટેલ**



*જ્યારે જ્યારે ખાબકે વરસાદ*
*બાપુજીની છત્રી*
*આવે યાદ*

*ત્યારે માળિયામાં ચડું*
*જૂની છત્રી કાઢું*

*જ્યાં ખોલું છત્રી*
*જાણે એક અકબંધ આકાશ ખૂલતું*

*અજવાળા સામે ધરું છત્રી*
*જીર્ણ છત્રીનાં અનેક નાનાં કાણાંમાંથી*
*અજવાળાનો જાણે ધોધ વરસે.*

*વરસાદમાં જ્યાં નીકળું બહાર*
*છિદ્રાળી છત્રીમાંથી*
*મજાનું વ્હાલ વરસાવે વાછટ*
*જાણે એકસામટા બધાય પૂર્વજો વરસી પડે*
*અને બાપુજી તો હાજરાહજૂર*

*ખાદીની સફેદ ધોતી પહેરણ*
*માથે ગાંધી ટોપી*
*ઉપર કાળી છત્રી*
*બાપુજી ચાલતાં*
*આખેઆખો રસ્તો એમની સાથે*
*વટભેર ચાલતો*

*એ દશ્ય કેમ ભુલાય ?*
*બા બાપુજીને જોયેલાં સાવ નજીક*
*માત્ર આ છત્રીમાં*
*બાના મોં પર શરમના શેરડા ને*
*બાપુજીનું મંદ મંદ હાસ્ય જોઈ જાણે*
*પડતો અઢળક વરસાદ*
*જ્યારે જ્યારે*

*ઘનઘોર વાદળો ઊમટે*
*ભયંકર વીજળી ત્રાટકે*
*મસમોટું વાવાઝોડું ફૂંકાય*
*સાથે રાખું છું*
*બાપુજીની આ જીર્ણ છત્રી*
*એ મને સાચવે છે*
*જેમ બા બાપુજી સાચવતાં મને.*

*ઘણી વાર અંધારી રાતે*
*ટમટમતા તારાઓ ભરેલા*
*આકાશને જ્યારે જોઉં*
*લાગે છે બાપુજીની એ જ એ*
*કાળી છત્રી*

*એ માળિયું, એ છત્રી, એ આકાશ, નક્ષત્રો*
*એનો એ જ વરસાદ*
*બધુંય જાણે ધબકે છે*
*બાપુજીની જૂની પુરાણી*
*એકમાત્ર આ છત્રી થકી.*

❖❖❖



# ઈમોશનલ એકાઉન્ટ

હું જેવો ઘરમાં દાખલ થયો, ફ્રેશ થઈને કપડાં બદલીને જરાં શાંતિથી આરામ-ખુરશીમાં ગોઠવાયો ત્યાં જ અવાજ આવ્યો ''ચા લાવું ?''

પછી જવાબની અપેક્ષા ન રાખતાં જ ચા આવી ગઈ.

''કેમ આજે કંઈ વિચારોમાં છો ?'' પત્નીની પૂછપરછ શરૂ.

''કેમ ?'' મેં સામું પૂછ્યું

'' શું થયું છે ? ઑફિસમાં કાંઈ બોલાચાલી ?''

પત્નીએ મશ્કરી ચાલુ રાખી.

છતાં હું મૌન હવામાં તાકતો ગયો અને ચા પીતો ગયો.

''આ નવી ઑફિસમાં નવા લોકોની વચ્ચે આવીને મને ઘણો સમય થઈ ગયો, પણ જૂની ઑફિસમાંથી કોઈનો સમ ખાવા પૂરતો પણ પૂછપરછનો ફોન નથી આવ્યો કે ''શું કરો છો ?'' ''ક્યાં છો ?''

''જેમની સાથે આઠ-દસ કલાક કામ કરતા હતા, એમાંથી કોઈ યાદ પણ નથી કરતું ?''

''જે લોકો મારી માટે કોઈની પણ સાથે લડી લેતા હતા, એ પછી સામે સિનિયર હોય કે કોઈ ક્લાયન્ટ .....પણ, એ બધા જ આજે મને વીસરી ગયા હોય એવું લાગે છે''

''તો ?'' સાઈકોલોજીની પ્રોફેસર પત્નીએ ટૂંકાવ્યું.

''તો, એટલે ?

હું હવે વધુ અસ્વસ્થ થયો અને વધુ મૂંઝાયો અને મનમાં બબડ્યો ''આને કાંઈ ફરક જ નથી પડતો, મારે તો બહાર પણ એવું જ અને ઘરમાં પણ એવું જ.''

''હે પ્રભુ , તું જ રસ્તો દેખાડ'' સ્વગત.

મારા આ હાલ જોઈને પત્ની થોડી ગંભીર થઈ.

''તમારી એક જ તકલીફ છે, એ છે ''અપેક્ષા.''

''તમે જીવનમાં કોઈની પણ પાસે કોઈ પણ અપેક્ષા રાખવાનું બંધ કરી દો, પછી કાંઈ દુ:ખ નહીં થાય.''

''અરે યાર, તું હવે મને પ્રવચન આપવા માંડી છે'' હું ચીડાયો.

''ના ના એવું નહીં, હું સમજાવું.''

એણે ધરાર મને સ્ટુડન્ટ બનાવીને સમજાવવા માંડ્યું.

''બેંકનું ATM card તમને પૈસા કેમ આપે છે ?'' પત્નીનો સવાલ.

આશ્ચર્યથી આંખો પહોળી થઈ, મનમાં વિચાર્યું કે આ કાંઈક નવું આયું..... પછી ડાહ્યાડમરા સ્ટુડન્ટની જેમ જવાબ આપ્યો ''મારા ખાતામાં પૈસા છે એટલે ડેબિટ કાર્ડ પૈસા આપે.''

''એટલે કે તમે જેટલાં જમા કર્યા છે, એટલાં જ ખર્ચી શકો બરાબર ને !''

''એવી જ રીતે તમે દરેક જણ સાથે એક ખાતું ખોલ્યું છે જેને કહેવાય ઈમોશનલ એકાઉન્ટ, એમાં જ્યાં સુધી બેલેન્સ હશે ત્યાં સુધી વપરાશે.

જે લોકો તમારી આસપાસ હતાં, પણ ઈમોશનલ એકાઉન્ટમાં બેલેન્સ ઓછું હતું, એટલે તમે ઑફિસમાંથી બહાર નીકળતા જ બેલેન્સ ખતમ.

એટલે

''નો યાદ''..... ''નો કૉલ'' ..... '' નથિંગ''

કાંઈક ગળે ઊતરતું હોય એવું લાગ્યું.

''તમારા ખાસ મિત્રો વિશે પણ એવું જ ફીલ થાય છે ? એમનાં પણ ફોન નથી ઘણા દિવસથી, તો શું ?'' એક વિચાર કરાવી દે એવો પ્રશ્ન પત્નીએ પૂછ્યો.

''ના , ના, મને એવું કાંઇ જ ફીલ નથી થતું'' મેં સ્પષ્ટતાથી જવાબ આપ્યો.

''કારણકે, આ બાબતે ભલે વપરાતું ના હોય પણ તમને ખબર છે આ એકાઉન્ટમાં બન્ને તરફથી જમા કરેલું ઘણું બેલેન્સ છે અને એટલે જ અપેક્ષાભંગ કે દુ:ખ નથી થતું''

પત્નીએ મારા વિચારોના સમર્થનમાં મહોર મારી

''હવે મને કહો, તમને આપણા ગામથી મમ્મી-પપ્પા લગભગ રોજ યાદ કરે છે, ફોન કરે છે, એટલે શું કહેવાય ?''

મારી પરીક્ષા લેતી હોય એવો સવાલ પૂછ્યો.

''એમની પાસે મારી માટે ઈમોશનલ એકાઉન્ટમાં ભરપૂર બેલેન્સ છે.''

થોડું ઢીલા સ્વરે મેં જવાબ આપ્યો.

''પરંતુ તમે જો મમ્મી-પપ્પાને યાદ કરીને ફોન ના કરો તો શું થયું કહેવાય ?''

પત્નીએ જરા અલગ વળાંક લીધો.

મેં જરાક અચકાતા અચકાતાં કહ્યું ''મારાં ઈમોશનલ એકાઉન્ટમાં મમ્મી-પપ્પા ...માટેનું ઈમોશનલ બેલેન્સ.... ઘણું ઘટી ... ગયું છે. ....

આટલું ટુકડે ટુકડે કહેતાં કહેતાં આંખમાં અશ્રુધારા વહેવા લાગી.

''બસ બસ, આ જે તમારી આંખોમાં જે આંસુ દેખાય છે ને, તે જ છે તમારું મમ્મી પપ્પા પ્રત્યેનું બેલેન્સ.....''

"Emotional Account " થયું ને ફરી રિચાર્જ ?''

''જો ઈમોશનલ એકાઉન્ટ બંને તરફથી ભરપૂર બેલેન્સ બતાવે તો પછી અપેક્ષાઓનો

ભંગ ક્યારેય ન થાય અને સંબંધોમાં સુગંધ જળવાય.''

''અને એકતરફી રિચાર્જ થયા કરે તો દુઃખ જ થાય.''

પત્નીએ સારાંશ કહ્યો.

આ ''ઈમોશનલ એકાઉન્ટ''ની વ્યાખ્યાએ મને ''પ્રોફેશનલ'' અને ''ઈમોશનલ'' સંબંધો વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ રીતે સમજાવી દીધી.

''હવે જો થોડું દૂધ બેલેન્સ હોય તો બીજી વાર ચા બનાવી આપોને !''

મેં મૂડમાં આવીને કહ્યું....

એકદમ મનમાંથી વાદળો હટી ગયા અને આકાશ સ્પષ્ટ થતું જણાયું.

❖❖❖

## સુખ



સુખ
એટલે એક સ્મિત,
વરસાદનું એક ઝાપટું,
સવારે બગીચામાં ઊગેલું એક ફૂલ,
એક સંબંધ,
હાથમાં પકડાયેલો એક હાથ ,
ચોરીથી મળી ગયેલું ચુંબન
કે
આંખ મીંચો
પછી જ દેખાતો
એક ચહેરો..
સુખ એટલે
ભુલાઈ ગયેલો કોઈ મિત્ર,
જોયેલી કોઈ સારી ફિલ્મ,
સાંભળેલો કોઈ સારો
જોક.
સુખ એટલે
મોડું થતું હોય ત્યારે
કોઈકે આપેલી લિફ્ટ,
સુખ એટલે
સખત ભાવતું ભોજન.
સુખ એટલે
આખા દિવસની સખત મહેનત પછી
આંખ મીંચો
અને
તરત જ આવી જતી ઊંઘ..

સુખ એટલે
થાકી ગયા હો ત્યારે મદદમાં આવી
પહોંચતો કોઈ સહકર્મચારી..
સુખ એટલે
ટ્રેનમાં અચાનક મળી જતી સીટ.
સુખ
એટલે
વાંચેલું કોઈ સારું પુસ્તક.
સુખ એટલે
ભેટમાં મળેલું કોઈ
ફેવરિટ પરફ્યુમ.
સુખ એટલે
સવારે જોયેલું કોઈ તાજું ફૂલ.
સુખ એટલે
હાથમાં ઊંચકાયેલું
તાજું જન્મેલું બાળક.

સુખ એટલે
ભીના થવાની ઇચ્છા
હોય
અને
તૂટી પડેલો ધોધમાર વરસાદ.
સુખ એટલે
ઘેર પાછા ફરો ત્યારે રાહ
જોતા જીવનસાથી.
સુખ એટલે
આપણે જેને ભુલાઈ ગયેલા માન્યા હોય
એવી વ્યક્તિનું અચાનક મળી જવું.
સુખ એટલે
નહીં ધારેલી,
નહીં માગેલી
અને
છતાં ખૂબ ઝંખેલી કોઈ કીમતી પળ...

# બે બગસરા...!

**ગુણવંત વ્યાસ**

ડોસા ખરે જ થાકી ગયા. હાંફ ચડ્યો. પગ જ નહીં, દેહ આખો દાઝતો હતો. એક તો, પોતાનું જ અંગ મૂક બળવો કરી અંદર-બહારથી ખુદને તોડી રહ્યું હતું ને બીજું, આ પારકો સૂરજેય વધુ ને વધુ આકરો બનતો બાળતો હતો. તરસ બુઝાવવા પરબે એ થોભ્યા, પણ એમ અંદરની આગ ક્યાં ઓલવાય એવી હતી ! જોકે હવે તો તરસેય આ તાપમાં વરાળ બની ઊડી ગઈ હતી. બસ-સ્ટેશન બહુ ઝાઝું દૂર નહોતું; તોયે આજે આઘું ને આઘું એ ભાગતું લાગ્યું. ડોસાએ પોટલીનો હાથ બદલ્યો, પછેડીથી પરસેવો લૂછ્યો; ને છાયાને શોધવા નજર ઘુમાવી. ઝાડ તો અહીં ક્યાંથી ! થાંભલાની ઉઘાડી છાયાની ઓથ ડોસાને ન જ સંતોષી શકી. ડોસાએ ડગ માંડ્યા. બાજુમાંથી એક બસ ઘરેરાટી સાથે ધુમાડો ઓકતી ગઈ. શરીરને કાળાશ વીંટળાઈ વળી. ડોસા, હાથથી એને હઠાવવા મથ્યા. ન જ હઠાવી શક્યા. આ કાળાશ શ્વાસમાં ભળી અંદરેય બધું કાળું કરે એ પહેલાં ડોસાએ ઝડપ વધારી.

છેલ્લા કેટલાક મહિનાથી દીકરાના ઓરડામાં મોટો થતો વહુનો અવાજ ડોસા સાંભળતા ને ખોરડું ડૂસકું લેતું લાગતું. ડોસા કાન માંડતા. સ્પષ્ટ નહીં, તોયે થોડીઘણી આનાકાની ને ખેંચતાણ ડોસાને કાને પડતી. સીમમાં એકાદ શિયાળ લાળી કરતું સંભળાતું ને ઓચિંતું ઘરને મોભે બેઠેલું ઘુવડ પાંખોનો વિચિત્ર ફફડાટ કરતું ઊડતું. ઓસરી ને ફળિયું કંપી જતું. વાડાની પીળી કરેણ બે'ક ફૂલ ખેરવી થીજી જતી. ડોસાનો જીવ પડીકે બંધાતો. અંદર ઊથલપાથલ મચતી. મનમાં, વહુ-દીકરાની વાતો કાને પડવાનું પાપ ડંખતું ને જીવ ઓરડાને આગળે કાન માંડવા ઊંચોનીચો થતો.

તાજી પરણેલી વહુથી ઘરને ફરી



કોળાતું જોઈ ડોસાને સમજુ યાદ આવી જતી. દિ' આખો ખેતર ખૂંદ્યા પછી સાંજે હરખથી ઘરે દોટ મૂકતા ત્યારે બાજોઠે બાજરીના રોટલા ને મીઠામાં બોળેલી ગાજરની ચીર સાથે દૂધની તાંસળી એને આવકારતાં, ઉંબર લગી આવી પૂગતા. વાળુ કરવા બેસતા ડોસાના મુખે વહુનાં વખાણ ખૂટતાં નહીં. ડોસાના હાથની આંગળીઓ અનાયાસ નાક પાસે આવી અટકતી. કાલાં ફાડીને બહાર આવતા તાજા રૂની ગંધ આંગળીઓમાંથી ફોરતી ને મકાઈની પાણી ફૂટતી હોય એમ ડોસાની દુનિયામાં દિવાળી ડોકાઈ જતી.

આ વખતે કપાસ ઝાઝો ન ઊતર્યો. ડોસાને પેટમાં ફાળ પડી. ઝીણકૂકડાં કાલાંમાં મન કેમેય ન પરોવાયું... ડોસાએ એક લાંબો શ્વાસ લઈ છોડ્યો ને આંગળીઓ સૂંઘી. કઠણાઈ બેઠી હોય એમ પેલી ફોરમય પરાઈ થઈ ફંટાતી લાગી. હાથમાં ન ઉકેલી શકાય એવી અકળાવતી ગંધ ડોસાને હાથ ધોવા લઈ ગઈ. માટીથી ઘસી ઘસીને ધોરિયામાં હાથ ધોયા પછી પણ પેલી વિચિત્ર ગંધ કેમેય ન ગઈ. ડોસા આથમતા સૂરજને જોતા ઘરે પાછા ફર્યા ત્યારે કરેણ બધાં ફૂલ ખેરવી નિ:સ્તેજ ઊભી હતી.

રાતે ચીબરીનો ચિત્કાર ઓરડાને એ રીતે અભડાવી ગયો કે સવારે દીકરો પરાયો લાગ્યો. શહેરની જીદ લઈ બેઠેલી વહુથી વટલાયેલો દીકરો ડોસાને સમજાવવા લાગ્યો. ડોસા સમજવાનું સમજી ચૂક્યા ને ગાડામાં બેઠેલા વાછરડાની પાછળ દોરાતી ગાયની જેમ શહેર ભણી ઢસડાયા. શહેરમાં રાતે ગામ બેઠું થતું. સપનામાં સીમ દેખાતી ને ડોસાનો પાછલો પહોર ખુલ્લી આંખે છતને તાકી રહેતાં વીતતો. માથે મોતની જેમ ફરતા પંખાની હવા ડોસાને ડિલે લાગતી ને એને દેશી નળિયાંમાંથી ચળાઈને આવતી લહેરખીઓ સાંભરી આવતી. વાલોળના વેલા સાથે એમ જ વાતોએ વળગતા ડોસાની રાત ખાલીપા વચ્ચે ખળું કરતી.

દિવસ દુશ્મનની જેમ દઝાડતો. ગામ-ખેતર છોડ્યાનો ભાર ડોસાને ભીંસતો ને શહેર કેમેય સદતું નહોતું. દીકરાને દિવસભર દોડતો જોતા ડોસા દુભાતા રહેતા. ઘઉંમાં ગેરુ લાગ્યાના સમાચાર મળતાં ડોસા ફરી આંગળી સૂંઘવા લાગતા. ખાટી છાશની વાસને હવે તે પૂરેપૂરી ઓળખી ચૂક્યા હતા. દહીં તો દૂર ગયું ને માખણ હવે મળવાનું નહીં એની ખાતરી ડોસાને દૂર ને દૂર લઈ ચાલી. એમણે ઝડપ કરી, પણ આ અસહ્ય તાપ ! પાછળ કશુંક છૂટતું લાગ્યું. કોઈ સાદ કરે છે કે શું ? – ડોસાએ પાછું વળીને જોયું. વાહનોની અવરજવર વચ્ચે અજાણ્યા નગરમાં કોઈ પોતીકું ન લાગ્યું. મૃગજળ રચતી હવાની ઊની ઊની લહેરખીખીઓ એક આછી આકૃતિ ઓચિંતી જ આકારિત થતી લાગી. દીકરાને ભરખી જનારા

શહેરને શાપ વરસાવતા ડોસાની ભીની આંખો આગળ એ આકૃતિ ઓગળી ગઈ. ડોસાએ નજર ફેરવી, આગળ ધપવા પગ ઉપાડ્યા. પગમાં ખાલી ચડી જતી લાગી. બંધ દુકાનનો એક ઓટલો જોતાં જ ડોસા ફસડાઈ પડ્યા.

દિ' આખો ધોમધખતા સૂરજને સાંજ પડ્યે, મેલા આકાશમાં ઝાંખપ વેરીને ડૂબી જતા જોતાં ડોસાની કરચલીવાળી કાયામાં એક લખલખું પસાર થઈ જતું. શહેરનો આ સૂરજ રહ્યું-સહ્યું બધું બાળશે એવો ભય ભાગિયાના સમાચારે સાચો પડતો. મગફળીના ઊથલામાં આખલા ફરી ગયાના સમાચારે ડોસા ભાંગી પડતા ને ભયભીત બની આંગળીઓ સૂંઘવા લાગતા. અકળ એવી એવી અકળાવનારી ગંધ ડોસાને ડરાવી દેતી ને દયામણે ચહેરે દીકરાને ગામડે પાછા ફરવા કાલાવાલા થતા. વહુઘડ્યો વરરાજો વળ ખાઈનેય શહેરને જ વળગી રહેતો ને વતનની વાટને ઘાસ ગળવા લાગતું.

શહેરનો આ સૂરજ પોતાનું રહ્યું-સહ્યુંય ડુબાડશે એવો ભય હમણાં હમણાંથી ડોસાને વધૂ ડરાવતો ને કાળનું હળ ચહેરા પર વધુ એક ચીસ પાડી બેસતું. ડોસા વારંવાર હાથ સૂંઘતા. ઘસતા, ધોતા ને ફરી સૂંઘતા. ગંધ આંગળીમાંથી આખા હાથમાં ફેલાતી લાગતી ને ડોસાના હાથ હેઠા પડી જતા.

દીકરાનો દૂબળો દેહ શહેરમાં નંખાવા લાગ્યો, પીંખાવા લાગ્યો. દિવસભરની દોડધામને અંતે મોજી રાતે લાગી પણ સંતોષાતી ભૂખ ને ઘેરી રાતે ઘરમાં ઘૂરકતી ખેંચ વચ્ચે ખેંચાતો દીકરો આમદની અઠન્ની ને ખર્ચા રૂપૈયામાં ખરે જ ખેંચાઈ ગયો. ઘર ખાલી થઈ ગયું. બહારના ઉજાશે અંજાયેલા પોતાના જ અંશને ઓરડીનો અંધકાર ગળી ગયો. ડોસાએ કેટલાયે સમયથી સાચવી રાખેલું ડૂસકું છોડ્યું ને ધોરિયો તૂટતાં પાણી ક્યારામાં ફરી વળ્યાં. ડોસા આંખથી ને મોંથી પહેલી વાર આટલું વરસ્યા. હૈયાફાટ રડ્યા એ દિ'. ગામ આખું ઊમટ્યું'તું, ડોસાને શાંત કરવા; ન જ થયા. અંદરનો ઉકળાટ ઠલવાતો રહ્યો, પણ ઓરડીના અંધકારને ઊની આંચય ન આવી લાગી. ખાલી ખાલી છૂટક-તૂટક ડૂસકાં ઓરડીમાંથી ઉંબર લગી માંડ પૂગતાં ભાળી ડોસા સાવ ભાંગી પડ્યા. આંગળીથી નખ વેગળા લાગતાં એ રડતાં રડતાં નખને દાંતથી કાપતા રહ્યા. નખમાં ભરાયેલી અકળ ગંધ ઓછી થતી લાગી.

ડોસાને બસ-સ્ટેશન દેખાયું. પગમાં ગતિ આવી. એ ગતિમાંથી જ જાણે વંટોળ સર્જાયો હોય એમ ધૂળની ડમરી ઊડી. ડોસા, જાતને સંભાળતા આગળ ધપ્યા. તોયે આંખોમાં થોડી ધૂળ પડી હોય તેવું લાગ્યું. હવે તો જીવતરમાં ધૂળ પડી - જેવું બબડતા ડોસાએ બસનો ટાઈમ જાણ્યો. ઓચિંતો ફૂટી નીકળેલો આ વંટોળ બધું ઊથલપાથલ કરવા માગતો હતો એમ રમણે ચડ્યો હતો. ડોસાના મનમાં ફરી ભય જન્મ્યો. વહુને કીધા વિના નીકળી આવેલા ડોસાને જલદી શહેર છોડવાની તાલાવેલી જાગી હતી અને આ બસ બહુ રાહ જોવડાવતી હતી. ડોસાએ આદતવશ આંગળાં સૂંઘ્યાં. કોઈ જુદી જ ગંધ જણાઈ. ડોસા, એને ઓળખવા મથી રહ્યા. કોઈ જાણીતી ગંધનો અહેસાસ થવા છતાં એ કળવી કપરી લાગી. ડોસાએ હાથ હઠાવી લીધો. પોટલીને બગલમાં દબાવતાં આવેલી બસનું પાટિયું વાંચ્યુ. ગામ બાજુની ગાડી જોતાં જ હરખભેર ચડી જઈ બારીએ ગોઠવાયા. વંટોળ શું કરવા માગે છે એ જ કળવું મુશ્કેલ હતું. મુસાફરોની દોડધામ વચ્ચે ડોસાને એક પરિચિત ચહેરો... આંખે આવી અથડાયો. ભાગ્યે જ જોયેલા વહુના મોઢાને ઓળખતાં ડોસાને વાર ન થઈ. એ મોઢું ફેરવી ગયા. બારીથી હટીને અંદર ખસી જવાની ઈચ્છા થઈ આવી. એમણે પોટલી ઝાલી. તોયે બારીથી દૂર ખસતાં એક નજર વહુની દિશામાં થઈ જ ગઈ. વંટોળે વહુના પાલવને ખુલ્લો કરી દીધો. ડોસા, શરમના માર્યા નજર હઠાવવા કરે ત્યાં જ વંટોળે કમાલ કરી દેખાડી. વહુના પેટ પર કોળાતા ચૌદશના ચાંદે ડોસાના જીવતરમાં જાણે આશાનો ઉજાશ પાથર્યો. દીકરો યાદ આવ્યો. ડોસાની આંખો ભીની થઈ આવી. એમનાથી અનાયાસ ઉપર જોવાઈ ગયું. આકાશમાં ઘનશ્યામ ઘેરાયો. વાદળોના ગોટેગોટાએ સૂરજને ઝાંખો પાડી દીધો. વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ. ડોસાની ખરબચડી આંગળીઓ વચ્ચે રૂ જેવું પોચું મુલાયમ ફૂલ આવી બેસતું જણાયું. આંગળીઓમાંથી તાજા-ધોળા-રૂ-ની ફોરમ ફૂટતી લાગી. ડોસાએ પોટલી એમ રહેવા દઈ, બારી પકડી રાખી. ચાર આંખોએ પરસ્પરને ઉકેલી. વહુ બસમાં આવી ગોઠવાઈ. બહાર મેઘો તૂટી પડ્યો. કંડક્ટર પાસે આવતાં જ ડોસાએ હરખભેર પૈસા લંબાવતાં કહ્યું : 'બે બગસરા...!'

❖❖❖

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને જ્યારે ચાર્લી ચેપ્લીન સાથે મુલાકાત કરી હતી તો કહ્યું કે : 'તમે એક શબ્દ પણ નથી બોલતા, તેમ છતાં દુનિયા તમારી વાત સમજી જાય છે અને હું આ વાતથી જ તમારો ફેન છું.' ત્યારે એ મહાન અભિનેતાએ આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું કે : 'સાહેબ તમે મારાથી મહાન છો, તમારો એક શબ્દ પણ કોઈ સમજી શકતું નથી તેમ છતાં સમગ્ર દુનિયા તમારી ફેન છે. એમાં હું પણ છું.'

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- પુજ્ય પિતાશ્રી રતીલાલ શીવલાલ અજમેરા અને પુજ્ય માતુશ્રી શારદાબેન રતીલાલ અજમેરાના સ્મરણાર્થે
- ભારતીબેન કિશોરભાઈ શાહના સ્મરણાર્થે હસ્તે : કિશોરભાઈ શાહ - મુલુન્ડ
- સ્વ. નિરંજનભાઈ રમણીકલાલ શાહના સ્મરણાર્થે તેમના પત્ની કલ્પનાબેન નિરંજનભાઈ શાહ પુત્ર - પથીક તથા પુત્રી રીંકુ જયેશ નિકમ તરફથી
- સ્વ. નિરંજનભાઈ રમણીકલાલ શાહના સ્મરણાર્થે તેમના ભાઈ-ભાભી કુમુદબેન-જીતેન્દ્ર જૈન તથા રચનાબેન વિરલ જૈન અને તીર્થ - ધરા તરફથી

## સાભાર સ્વીકાર

નિસર્ગ - નિશીના લગ્ન નિમિત્તે શ્રીમતી અલકાબેન નલીનભાઈ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી હાલ - બોરીવલી શ્રીમતી બીનાબેન ચેતનભાઈ બેંકરની સુપુત્રી સુરેન્દ્રનગર નિવાસી હાલ- અંધેરી - પાણી પરબ ૩૦૦૦ + સી.યુ.શાહ શિક્ષણ ૨૦૦૨ = રૂા. ૫૦૦૨

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **વૈભવ — મિલોની**<br>શ્રી કિર્તીભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર સાયલા નિવાસી (હાલ - બોરિવલી)<br>શ્રી નિલેશભાઈ મનહરલાલ શાહની સુપુત્રી સાયલા નિવાસી (હાલ - અંધેરી) | ૨૫૦૧ | ૨૫૦૧ |
| **આકાશ — હારમોની**<br>શ્રી ચેતનકુમાર જયંતિલાલ ગાંધીના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - બોરિવલી)<br>શ્રી મુકેશભાઈ આંબાલાલ દોશીની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - કાંદિવલી) | ૧૫૦૦ | ૧૫૦૦ |
| **વિધાન — રૂચી**<br>શ્રી ભરતભાઈ જીવરાજભાઈ મહેતાના સુપુત્ર ભુજપુર નિવાસી (હાલ - કાંદિવલી)<br>શ્રી રાજેન્દ્રભાઈ અમૃતલાલ શાહની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - નાલાસોપારા) | ૫૦૧ | ૫૦૧ |
| **રોહન — ધ્રુવી**<br>શ્રી ગિરીશભાઈ રમણીકલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી)<br>શ્રી રમેશભાઈ હિરજીભાઈ ગુટકાની સુપુત્રી મિઠોઈ (જામનગર) નિવાસી (હાલ - મલાડ) | ૫૦૧ | ૫૦૧ |
| **ધર્મિલ — ખ્યાતિ**<br>શ્રી સંદિપભાઈ જયસુખલાલ વોરાના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - કાંદિવલી)<br>શ્રી સ્વ. પ્રફુલભાઈ વાડીલાલ વોરાની સુપુત્રી નવાગામ નિવાસી (હાલ - કાંદિવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **મીત — ભવ્યા**<br>શ્રી રાજેશભાઈ જયંતિલાલ ગોપાણીના સુપુત્ર રાણપુર નિવાસી (હાલ - સાયન)<br>શ્રી પ્રવરભાઈ રવિન્દ્રનાથ કોટીયાની સુપુત્રી જુનાગઢ નિવાસી (હાલ - ઘાટકોપર) | ૫૦૧ | ૫૦૧ |
| **સ્મિત — નિધી**<br>શ્રી ધર્મેન્દ્રભાઈ કાંતિલાલ ગોપાણીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - મુલુન્ડ)<br>શ્રી હર્ષદભાઈ ભીખાલાલ મહેતાની સુપુત્રી ગઢડા (સ્વામીના) નિવાસી (હાલ - દહિંસર) | ૧૦૦૧ | ૧૦૦૧ |

## પ્રભુતામાં પગલાં

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **મોનીલ-સિમોની**<br>શ્રી મયુરભાઈ ચંદુલાલ શાહના સુપુત્ર ગુંદીયાળા નિવાસી (હાલ - કાંદિવલી)<br>શ્રી જીગરભાઈ જયંતિલાલ કુવાડીયાની સુપુત્રી બગડ નિવાસી (હાલ - ગોરેગામ) | ૧૫૦૦ | ૧૫૦૦ |
| **સાગર - જીનલ**<br>શ્રી ઉપેનભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર સાયલા નિવાસી (હાલ - બોરિવલી)<br>શ્રી કેતનકુમાર રજનીકાંતભાઈની સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ - થાણા) | ૫૦૦૧ | ૫૦૦૧ |
| **નમન - ભરતી**<br>શ્રી ચેતનભાઈ ચંદુલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - મલાડ)<br>શ્રી જયેશભાઈ જયસુખભાઈ કોઠારીની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - મીરારોડ) | ૫૦૧ | ૫૦૧ |
| **સાહિલ - પૂજા**<br>શ્રી જીજ્ઞેશભાઈ અનોપચંદભાઈ દોશીના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - મલાડ)<br>સ્વ. શ્રી સંજયભાઈ અશોકભાઈ ગોપાણીની સુપુત્રી રાણપુર નિવાસી (હાલ - ઘાટકોપર) | ૫૦૧ | ૫૦૧ |

**મહત્ત્વની સૂચના**

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ-ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# સાથ

સાંજના પાંચ વાગી ગયા હતા. પટાવાળાએ આવીને જણાવ્યું કે ઑફિસના બધા કર્મચારીઓ નીકળી ગયા છે. લાચારીથી ગંગાધરમ પોતાની સીટ પરથી ઊઠ્યો. ઠંડીના દિવસો હતા. ધીમે ધીમે અંધારું ઘેરાઈ રહ્યું હતું. અંધારું જોઈ ગંગાધરમના મનમાં બેચેની થવા લાગી, ખોવાયેલા દિલે ઊભો રહી ગયો.

''ઘરે જઈને પણ શું કરીશ ? ધૂળ અને ફૂગ સિવાય ઘરમાં છે શું ?'' તાળું ખોલી ઘરમાં ઘૂસી જવાનું છે અને એકલા એકલા કૉફી બનાવીને પીવાની છે. એવી ભયાનક ક્ષણોને ભોગવવા માટે જ ઘરે જવાનું છે ને ! કૉફી તો હોટલનો વેઈટર પણ લાવીને મૂકી દેશે. હોટલમાં દસ માણસોની વચ્ચે બેસીને કૉફી પી શકાય છે. છેલ્લા એક મહિનાથી આમ જ કરી રહ્યો છે. આજે પણ ગંગાધરમ હોટલ ભણી ચાલી નીકળ્યો.

સાંજનો સમય હતો. હોટલ ખીચોખીચ ભરેલી હતી. દસ મિનિટ રાહ જોયા પછી તેને બેસવાની જગ્યા મળી, એ પણ એક દંપતીની સામે. ગંગાધરમ ત્યાં બેઠો એટલે દંપતીના ચહેરા પર અગવડ પડતી હોય એવો ભાવ આવ્યો. ''ઊભાઊભા મારા પગ દુ:ખતા હતા અને બીજે ક્યાંય જગ્યા પણ નથી. શું કરું ?'' એમ મનમાં વિચારતાં, ખાલી પડેલી જગ્યા પર બેસીને એણે પાણી પીધું. ચારે બાજુ જોયું. હોટલ પર જાણે બૂમબરાડા, શોરબકોર, હસવાના અવાજોનું રાજ હોય એમ લાગતું હતું. આવા ઘોંઘાટમાં ગંગાધરમને વધુ એકલવાયું લાગવા માંડ્યું. એકાકીપણાના બોજ હેઠળ તેણે હોટલમાં નાસ્તો કર્યો અને કૉફી પીધી. સામે આવેલા પાર્કમાં એક વૃક્ષ નીચે બે કલાક સુધી વિચારોમાં ડૂબી રહ્યા બાદ, ધીરે ધીરે ઘરે પહોંચ્યો.

છ માળના મકાનમાં ત્રીજા માળે ગંગાધરમનો ફ્લૅટ છે. હવે એકદમ ઘરમાં ઘૂસીને કરવાનું પણ શું છે, એમ વિચારી લિફ્ટ તરફ ન જતાં, દાદરા ગણતાં ગણતાં સીડી ચઢવા લાગ્યો. પચાસની ગણતરી પૂરી થઈ કે એ પોતાના દરવાજે આવી ગયો.



હવે તાળું ખોલવાનું જ છે કહી, ચાવી હાથમાં લીધી કે પડોશીના ફ્લૅટમાંથી રડવાનો અવાજ સંભળાયો.

ગભરાઈને તે એ ફ્લૅટ બાજુ વળ્યો. ત્યાં ઘણાબધા લોકો એકઠા થયા હતા. આ બધાની વચ્ચે થઈ ગંગાધરમ અંદર પહોંચી ગયો.

એ ઘરની સ્ત્રી, વિજયલક્ષ્મી અંદર રડતી દેખાઈ. નજીક ઊભેલા લોકો પાસેથી જાણવા મળ્યું કે વિજયલક્ષ્મીનો પતિ રાઘવરાવ સ્કૂટર અકસ્માતમાં દુર્ઘટના-સ્થળ પર જ મૃત્યુ પામ્યો છે.

વિજયલક્ષ્મીની હાલત પર ગંગાધરમને ખૂબ અફસોસ થયો.

લાગે છે કે આ મકાનના રહેવાસીઓ પર શનિનો પ્રકોપ છે. બે મહિના પહેલાં ગંગાધરમની પત્ની સુશીલા 'બ્લડ કૅન્સર'ને કારણે અવસાન પામી હતી. રોગની તપાસ થઈ એના એક મહિનામાં જ એનું મૃત્યુ થઈ ગયું.

હવે આ મૃત્યુ. વિજયલક્ષ્મી સામે આર્દ્ર નજરે જોતાં ગંગાધરમે પોતાનાં આંસુ લૂછી લીધાં.

બન્નેના ફ્લૅટ્સ અડીને હોવા ઉપરાંત બન્ને પરિવારોમાં પણ સમાનતાઓ હતી. બન્ને ઘરોના પુરુષો સમવયસ્ક. રાઘવરાવ બૅન્કમાં અધિકારી તો ગંગાધરમ એલ.આઈ.સી.માં અધિકારી. બન્નેના હોદ્દા પણ સરખા અને પગાર પણ સરખા. સુશીલા એક ખાનગી કંપનીમાં કામ કરતી હતી. રાઘવરાવ અને ગંગાધરમ બન્નેએ બે વર્ષ પહેલાં આ મકાનમાં ફ્લૅટ ખરીદ્યા હતા. ગંગાધરમે ખરીદીને તરત પોતાનો ફ્લૅટ એક વર્ષ માટે ભાડે આપ્યો હતો. ગયા વર્ષે જ પોતે રહેવા આવ્યો હતો. એક વર્ષમાં બન્ને પરિવારો વચ્ચે સામાન્ય પરિચય થયો હતો. એકબીજા વિશે જાણકારી મેળવી લીધી હતી. જરૂર પડ્યે એકમેકની નાની-મોટી મદદ પણ કરી લેતા હતા. સુશીલા અને વિજયલક્ષ્મી વચ્ચે પણ ખાસ્સો મનમેળ થઈ ગયો હતો. પોતાના પતિઓ આગળ અન્યની ફરિયાદ ન કરવી તથા એકબીજાં સાથએ સારી-સારી વાતો કરવાના સંસ્કાર હોવાથી, જ્યારે પણ બન્ને મળતી ત્યારે કશા દંભ-દુર્ભાવ વગર સ્મિત કરતી. પરંતુ, બન્ને સ્ત્રીઓ નોકરી કરતી

કોઈ મિત્રતા પાકી કરવાના ખાસ અવસર મળતા ન હતા. એવામાં વળી સુશીલાની અસ્વસ્થતા. રાઘવરાવના બન્ને દીકરા - એક બૅંગાલુરુ અને બીજો તિરુવનન્તપુરમમાં સારી નોકરીઓ કરે છે. બન્ને પરિણીત છે બાળકો પણ છે. ગંગાધરમને એક દીકરી અને બે દીકરા છે. દીકરાઓનાં લગ્ન થઈ ગયાં છે અને નોકરીઓ સારી છે. દીકરી શ્યામલાનાં લગ્ન ગયા વર્ષે જ કર્યાં. ગંગાધરમનાં સંતાનોને હજુ બાળકો નથી. ગંગાધરમ અને રાઘવરાવની નિવૃત્તિને ચાર વર્ષ બાકી હતાં પરંતુ એટલામાં જ મૃત્યુએ એને ઝડપી લીધો.

વિજયલક્ષ્મીની સ્થિતિ પર ગંગાધરમ દયા ખાવા લાગ્યો. એકલા જીવવું કેટલું મુશ્કેલ હોય છે એનો ગંગાધરમને જાતઅનુભવ છે. પોતે તો કોઈ ને કોઈ રીતે એકલતાનો સામનો કરી રહ્યો છે, પણ બિચારી સ્ત્રી કેવી રીતે એકલતામાં જીવી શકે ? પુરુષ હોવા છતાં એકલા જીવવામાં કેટલી તકલીફ થઈ રહી છે ? સંતાનો તો કહ્યા કરે છે કે ચાર વર્ષની રજાઓ કે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ એમના ત્યાં રહેવા જતા રહેવું. પરંતુ ગંગાધરમને ઠીક લાગતું નથી. એમને ત્યાં જઈને રહેશે તો પુત્રવધૂઓ ચાર-પાંચ મહિના પછી ક્યાંક એવું વર્તન તો નહીં કરે કે ''અમારે ક્યાં સુધી આ ડોસાની સેવા કરતાં રહેવાનું ?'' હા, જરૂર એવું જ વર્તન કરશે. એ સહજ સ્વાભાવિક છે. એમાં એમનો દોષ ન ગણાય. કશું કામ કર્યા વગર, બેકાર બેસી રહેવું પણ અઘરું છે.

જ્યારે કશું કામ સૂઝે નહીં, ત્યારે સુશીલાની યાદમાં રુદન તો આવશે જ. રોતી સૂરત લઈ બેસી રહેશે તો પુત્રવધૂઓ પણ ક્યાં સુધી આદર ને પ્રેમ બતાવ્યા કરશે ? એવું તો સંભવ નથી, સમજીને ગંગાધરમે પોતાની નોકરી ચાલુ રાખી.

''હવે શક્ય છે વિજયલક્ષ્મી પોતાનાં સંતાનો સાથે જઈને રહે. એ ખાનગી શાળામાં નોકરી કરે છે. સ્વૈચ્છિક નિવૃત્તિનો વિકલ્પ નહીં હોય. નોકરી છોડીને જ જવું પડશે.'' ગંગાધરમ દુઃખી થઈને વિચારવા લાગ્યો. વિજયલક્ષ્મી સતત રડતી રહે છે. રાઘવરાવનાં સંતાનો આવશે ત્યાં સુધીમાં તો સવાર પડી જશે. ધીરે ધીરે લોકો પોતાના ઘરે જવા વીખરાવા લાગ્યા. છેવટે ખાસ નજીકના દસ-બાર જણા જ વિજયલક્ષ્મી પાસે રહ્યા. ગંગાધરમ થોડો વખત એમની સાથે વાતચીત કરતો રહ્યો. કમર દુઃખતી હોઈ એ પણ પોતાના ફ્લૅટમાં પાછો ફર્યો. ઊંઘવાની બે ગોળીઓ ગળીને લાંબો થઈ ગયો.

પંદરેક દિવસ પસાર થઈ ગયા. એકાદ વાર રાઘવરાવનાં સંતાનો સાથે વાત કરવા ગયો, પછી, એ ઘરમાં ગંગાધરમ ગયો ન હતો. રાઘવરાવના તેરમાનો દિવસ હતો. ગંગાધરમને પણ આમંત્રણ હતું. એ પહોંચ્યો ત્યાં સુધીમાં ભોજન કરવાવાળાંની છેલ્લી પંગતે પણ ભોજન પતાવી દીધું હતું. રાઘવરાવના મોટા દીકરા અશોક સાથે વાતો કરતાં કરતાં ગંગાધરમે ભોજન લીધું. એણે અશોકને વચન આપ્યું કે રાઘવરાવના જીવનવીમાની રકમ જલદી મળી જાય તે માટે પોતે પ્રયત્ન કરશે.

ભોજન પતાવ્યા પછી હૉલમાં બેઠાં બેઠાં અશોકે પોતાની માને બોલાવી. વિજયલક્ષ્મી આવી.

માથું ઊંચું કરી વિજયલક્ષ્મીની સામે જોવામાં ગંગાધરમને પહેલાં તો સંકોચ થયો. સિંદૂર વગરનો ચહેરો જોવાનું કેવું વિચિત્ર લાગશે ! પરંતુ વિજયલક્ષ્મીને જોઈને એને ખૂબ આશ્ચર્ય થયું. વિજયલક્ષ્મીના ચહેરા પર કશું પરિવર્તન ન હતું. પહેલાંની જેમ જ સિંદૂર, કાયમની જેમ ગળામાં સોનાનો હાર, તુલસીની માળા અને મંગળસૂત્ર, હાથમાં લાલ બંગડીઓ. બધું જ પૂર્વવત્.

ગંગાધરમે ઠંડો નિસાસો નાખ્યો.

''મા અમારી સાથે આવવાની ના પાડે છે.'' અશોકે કહ્યું એટલામાં નાનો દીકરો પ્રસાદ પણ આવીને બેઠો.

''અત્યારે રજાઓ લેઈને એમની સાથે જાઉં તો શાળાના વિદ્યાર્થીએ સાથે અન્યાય ના થાય ? હવે ચાર મહિના પછી ઉનાળાની રજાઓ પડશે જ. ત્યારે આવીશ એમ કહું છું. કોઈ ને કોઈ કામ કરવામાં વ્યસ્ત રહીને દુઃખ ભૂલવાનું છે. ત્યાં જઈને આરામથી બેસીને રડતા રહેવાનું કંઈ સારું કહેવાય ?'' વિજયલક્ષ્મીએ પૂછ્યું.

''સાચી વાત છે. કામ વગર આરામથી રહેવાનું પણ ઠીક નથી. હું મારા અનુભવથી કહી રહ્યો છું. તમારી માતાજીને જે ઉચિત લાગે એ જ કરવા દો.'' ગંગાધરમે જવાબ આપ્યો.

ગંગાધરમને લાગ્યું કે સંતાનો પાસે ન જવાનો જે નિર્ણય વિજયલક્ષ્મીએ લીધો છે, એ બરાબર છે અને પોતાના જવાબથી એને બળ મળ્યું છે.

દસ દિવસ પછી વિજયલક્ષ્મીના બન્ને દીકરાઓ સપરિવાર પાછા ફર્યા.

વિજયલક્ષ્મી પોતાના એકાકીપણાને કેવી રીતે સહન કરી રહી છે એ જાણવાની ઉત્સુકતા સાથે દસ દિવસોથી ગંગાધરમ રોજ ઑફિસથી જલદી ઘરે આવતો હતો. એણે વિચાર્યું કે જે રીતે એ સમય વિતાવી રહ્યો છે, વિજયલક્ષ્મી પણ બાલ્કનીમાં બલ્બ ચાલુ કરી એકાંતમાં મન મનાવીને બેસી રહેતી હશે. વિજયલક્ષ્મી ક્યારેક ક્યારેક બાલ્કનીમાં આવે તો છે, પરંતુ ક્યારેય ત્યાં બેસતી ન હતી. ઘરે કોઈ અવરજવર પણ નહીં. ''આવામાં તો એનો સમય કેવી રીતે પસાર થતો હશે ?'' ગંગાધરમ આવું વિચારતો.

એક દિવસ સવારે એના ઘરે જઈને કહી આવ્યો, ''કોઈ પણ પ્રકારની સહાયતા જોઈએ તો નિ:સંકોચ જણાવજો.''

એ વાતને દસ દિવસ વીતી ગયા પણ વિજયલક્ષ્મીએ ગંગાધરમને કંઈ કહ્યું નહીં.

એક દિવસ વિજયલક્ષ્મીના ફ્લૅટની બહારથી પસાર થઈ, પોતાના ફ્લૅટમાં આવતી વખતે એને અંદરથી સંગીતનો અવાજ સંભળાયો.

એમ વિચારીને કે એનાં સંતાનોમાંથી કોઈ આવ્યું હશે, એણે ડૉરબેલ વગાડી.

''આવો, આવો.'' વિજયલક્ષ્મીએ સ્વાગત કર્યું.

''તમે શું કરી રહ્યાં છો ?'' એક શેતરંજી પર પડેલા વાયોલિનને જોઈ એણે પૂછ્યું.

''બાળપણમાં શીખેલી તે સંગીતનું જ્ઞાન કેટલું યાદ છે એ ચકાસી રહી છું. આજે આ ખરીદી લાવી છું. કાલથી સંગીતક્લાસમાં જવા ઈચ્છું છું.'' વાયોલિન એના હાથોમાં આપતાં હસવા લાગી.

ગંગાધરમ તો એ પણ જાણતો ન હતો કે વાયોલિનને કેવી રીતે પકડવાનું હોય. એણે એવી રીતે વાયોલિન પાછું આપ્યું જે રીતે કોઈ નાના બાળકને હાથમાં લેવાનું જાણતું ન હોય અને બાળક તરત એની માતાને પાછું સોંપી દે !

''પાણી પીશોને ?'' કહેતી એ પાણી લેવા અંદર ગઈ. ગંગાધરમે દીવાનખાના પર નજર દોડાવી. કશું બદલાયું ન હતું. રાઘવરાવ જીવતો હતો ત્યારે જેમ બધું ગોઠવેલું હતું, એ જ સ્વરૂપે હજુ પણ હતું, સફાઈબંધ.

પ્યાલામાં પાણી સાથે એક ડિશમાં નાસ્તો પણ લઈ આવી. નાસ્તો કરતી વખતે ક્ષેમકુશળ પૂછતાં એણે કહ્યું, ''કોઈ સહાયતા જોઈએ તો જરૂ કહેજો.'' પરંતુ ગંગાધરમને લાગતું હુતં કે હકીકતમાં સહાયતા વિજયલક્ષ્મીને નહીં, પોતાને જોઈએ છે.

નાસ્તો કરી, હાથ ધોવાને બહાને એ રસોડામાં ગયો. રસોડું પણ સ્વચ્છ, કશી ઊણપ વગરનું નજરે ચઢ્યું. ''શું એના જીવનમાં કશી ઊણપ નથી આવી ? રાઘવરાવના મૃત્યુ બાદ એના જીવનમાં કોઈ પ્રકારનું પરિવર્તન જ નથી આવ્યું ? સુશીલાના અવસાનથી તો મારા જીવનમાં ઊથલપાથલ થઈ ગઈ. શું એને રાઘવરાવ પર પ્રેમ ન હતો ?'' એ વિચારવા લાગ્યો.

પરંતુ દીવાનખાનામાં લગાવેલા રાઘવરાવના ફોટા પર પહેરાવેલો ચમેલીનાં તાજાં ફૂલોનો હાર, ફોટાની સામે ફૂલદાનીમાં ગોઠવેલાં તાજાં ફૂલો... બધી ચીજો કાળજીપૂર્વક ગોઠવાયેલી જોઈ રાઘવરાવ પર વિજયલક્ષ્મીના પ્રેમને નકારી ન શકાય. પોતાના ઘરમાં સુશીલાના ફોટા પર ધૂળ જામી ગઈ હતી. તો ઊણપ કયાં છે ? પતિ મરી ગયા પછી વિધવા બનીને વિલાપ કર્યા વગર આ તો કશા રંજ વિના હરતી-ફરતી-હસતી સંગીત શીખી રહી છે. સુરક્ષિત રીતે ઘરબાર સંભાળી રહી છે.

''પોતે મરદ છતાં આવો થઈને, ઘરને ઘાટ જેવું બનાવી, ખાવાપીવા માટે વલખાં મારતા અનાથ જેવી જિંદગી વિતાવી રહ્યો છે. આ બધાંનું કારણ શું છે ? સુશીલાના જવાનું દુ:ખ છે કે પોતાની અકર્મણ્યતા કે અસમર્થતા છે ?''

સવારે આખું કબાટ ફેંદી વળ્યો પણ એક પણ શર્ટ એવું ન મળ્યું જેનાં બધાં બટન અકબંધ હોય. છેવટે એક બટન તૂટેલું હોય એવું શર્ટ શોધી કાઢ્યું. તૂટેલા બટનની જગાએ ટાંકણી લગાવી દીધી.

તૂટેલા બટનવાળાં શર્ટ્સ લઈ એ પોતાના દરજી પાસે ગયો. દરજીએ એવી રીતે મોઢું મરડ્યું જાણે જૂનાં શર્ટ્સ પર બટન ટાંકવાં કોઈ નિમ્ન કક્ષાનું કામ હોય ! એણે જવાબ આપ્યો, ''ના સાહેબ, મારાથી આ કામ નહીં થાય. અમારે ત્યાં જૂનાં-ફાટેલાં શર્ટ્સને સાંધવાનું કામ નથી થતું.'' ખબર નહીં. આ કામ કયાં થતું હશે, એમ વિચારતો ગંગાધરમ બધાં શર્ટ્સ ઉપાડી ઘરે પાછો આવ્યો.

જ્યારે આવું બધું થતું એને સુશીલાની ગેરહાજરી ખટકતી. એને યાદ કરીને દુ:ખી થતો હતો. જો મને સીવવાનું આવડતું હોત તો આજે આ રીતે સુશીલાની યાદ આવી હોત ? વિજયલક્ષ્મી કોઈ રીતે દુ:ખી નથી એનું કારણ શું એની સક્ષમતા જ છે ? શું બધી સ્ત્રીઓની આવી જ સ્થિતિ હોય છે ?

આ બાબત પર વિચારતાં-વિચારતાં એની સમજમાં આવ્યું કે આર્થિક દૃષ્ટિએ જે સ્ત્રીઓ ગરીબ નથી હોતી, તેઓ પતિઓના મૃત્યુ બાદ પણ, પત્નીઓને ગુમાવેલા પતિઓ માફક અનાથ નથી હોતી. તેવી સ્ત્રીઓ પોતાનું જીવન જીવી શકે છે. દૈનિક જીવનમાં પુરુષોની માફક પરાધીન થઈને જીવન પસાર ન કરવાને કારણે એમના જીવનમાં કોઈ ફરક નથી આવતો. ઊલટાનું, કામ ઘટી જવાને કારણે કદાચ વધારે સુખનો અનુભવ કરતી હશે.

જ્યારે સુશીલા જીવતી હતી, એને કેટલું સુખ હતું !

બસ, સવારે ઊઠતાં જ કૉફી.

સ્નાન કરીને આવે કે ગરમાગરમ ભોજન.

બપોરે રુચિકર નાસ્તો.

જેટલી વાર ઈચ્છે એટલી વાર કૉફી કે ચા.

ઑફિસમાં કોઈ વાર નારાજ થઈ જતો તો એનો ગુસ્સો સુશીલા પર ઉતારતો. એ વાતની ફરિયાદ સુશીલા કોઈને ન કરતી. એટલે એના પર જ ગુસ્સો ઉતારીને પોતાના બલ્ડપ્રેશરમાં વધારાને કાબૂમાં કરી લેતો. રાત્રે પગ દુ:ખે તો એ પગ દબાવતી.

બધા સુખસુવિધાઓ માટે એક સુશીલા પર જ આશ્રિત હતો. એની સાથે અન્યાય

કરીને સુશીલા ચાલી ગઈ. ગંગાધરમ રડવા લાગ્યો.

રડતાં રડતાં એને લાગ્યું કે કદાચ આનું રુદન સુશીલા માટે નહીં પરંતુ પોતાના માટે જ છે.

પોતાને તકલીફ થઈ રહી છે. શું એટલા માટે રડી રહ્યો છે ? મરીનેય શું સુશીલા સુખી હશે ? શું સ્ત્રીઓ મૃત્યુ પામીને સ્વર્ગમાં અને પતિઓના મૃત્યુ પછી પૃથ્વી પર સુખી છે ? આ પ્રકારે પોતાના આડાઅવળા વિચારોથી ખિન્ન થઈ ગંગાધરમે માથા પર હાથ રાખી જોરથી આંખો બંધ કરી લીધી.

દસ દિવસ બાદ વિજયલક્ષ્મીના સમાચાર જાણવા એની પાસે જઈ ફરી વાતવાતમાં એણે આ જ વિષય ઉપાડ્યો.

''હું ગભરાઈ ગયો હતો કે તમે આ આઘાતને કેવી રીતે સહન કરશો ? પણ તમે તો એવી કશી ચિંતા વગર ધૈર્યથી જીવી રહ્યાં છો.''

વિજયલક્ષ્મીએ કોઈ જવાબ ન આપ્યો.

''મને લાગે છે કે સુશીલાના જવાથી મારી જે હાલત થઈ છે અને રાઘવરાવના જવાથી તમારી જે હાલત છે તેમાં ઘણું મોટું અંતર છે. વ્યક્તિનું મૃત્યું અને એનાથી થનારું દુ:ખ બન્નેમાં સમાન હોવા છતાં...''

''સમાન તો નથી.'' વિજયલક્ષ્મીએ વચ્ચે જ એને રોક્યો.

ગંગાધરમ આશ્ચર્યથી એની સામે જોવા લાગ્યો.

''મારા પતિ પ્રત્યે મારો જે પ્રેમ હતો અને આપની પત્ની સાથે આપનો જે પ્રેમ હતો બન્નેમાં ઘણો ફરક હતો. આપની પત્નીએ આપની દરેક સુખસુવિધાનો ખ્યાલ રાખ્યો હતો. એમણે દરેક રીતે આપને સાથ આપ્યો. આપની સેવા કરી. એમનો અભાવ આપના માટે મોટી ઊણપ સમાન છે. આ ઊણપને આપ દરેક પળે અનુભવી રહ્યા છો, એટલે આપને દુ:ખ પણ થઈ રહ્યું છે. પરંતુ મારા પતિએ મને કોઈ બાબતે સાથ ન આપ્યો. મારી પાસેથી દરેક પ્રકારે સેવા પ્રાપ્ત કરી, મારી કોઈ સેવા કરી નહીં. એમણે ક્યારેય એ પણ જાણ્યું નહીં કે મારી ઈચ્છાઓ કઈ છે અને મારું સામર્થ્ય શું છે ? હું એમની ઈચ્છાઓને પૂરી કરવા અને એમના સામર્થ્યનું ગૌરવ કરવામાં જ કામ આવતી રહી. ખાવાપીવાની બાબતે પણ એમની જ મનમાની ચાલી. મેં એવું એટલા માટે કર્યું કે મને એ રીતે ઘડવામાં આવી. બાળવયે મારું લગ્ન થઈ ગયું ત્યારથી આ ટેવ પાડવામાં આવી હતી. સામેનું માણસ પરેશાન હોય, એને તકલીફ હોય તો મને સારું ન લાગે. છેવટે જિંદગી એમની સાથે પસાર કરવાની છે એટલે એ જેવું ઈચ્છતા હતા એવું હું કરતી હતી. મારા બન્ને દીકરા પણ પિતાની જ કાર્બન કૉપી છે. એમને હું કેવી રીતે બદલી શકું ? બધાં કામ માટે એ મારા પર નિર્ભર રહ્યા. એવું લાગતું હુતં કે ત્રણેય પુરુષો મારી ગરદન ફરતે સાંકળની જેમ લટકી રહ્યા છે. લગ્ન બાદ, બન્ને દીકરાઓએ ઘર છોડ્યું પછી થોડો-ઘણો આરામ મળ્યો હતો. એમના ચાલ્યા ગયા પછી મારી બચેલી જિંદગી મને મળી ગઈ. હવે હું જે પણ કરું છું, મારા પોતાના માટે કરું છું. હવે એવી કોઈ ઝંઝટ નથી જે ભારેખમ સાંકળ બનીને મારા શરીર પર લટકી રહી હોય. હું કોઈ જાતના બોજ વગર, આરામથી હરીફરી રહી છું. આ જુઓને, મેં મારી ઈચ્છાથી સંગીત શીખવાનું શરૂ કરી દીધું.''

ગંગાધરમ વિચારમાં પડી ગયો કે જો એના મર્યા બાદ સુશીલા જીવિત રહી હોત તો એ મારા માટે દુનિયા આગળ શું કહેત ? એના મોંએથી નીકળી પડ્યું, ''શું બધી સ્ત્રીઓ આવું જ વિચારે છે ?''

''મને ખબર નથી. કેટલીક સ્ત્રીઓ એવી પણ હોઈ શકે છે જે બોજ બનીને પુરુષો પર નિર્ભર હોય. પરંતુ એવી સ્ત્રીઓ બહુ ઓછી હશે. સ્ત્રી જે બોજ ઢસડે છે એ કોઈની નજરમાં નથી આવતો. ઘરના બધા સભ્યો માટે દરેક પ્રકારનાં કામ બરાબર કરીને સ્ત્રી જે ચાકરી કરે છે અને એ દ્વારા બધાંને જે માનસિક શાંતિ આપે છે એનું મૂલ્યાંકન કોઈ ન કરી શકે. પરિવારના બધા લોકોના આક્રોશનો બંધ બનીને, બધાંના અલગ અલગ, આવેગ-ઉદ્વેગ અને મુશ્કેલીઓના નિવારણ માટે આધાર બનીને સ્ત્રી જે કામ કરે છે, જે ભારનું વહન કરે છે એ બધું આપની સમજણની બહાર છે. હકીકતમાં સ્ત્રી પોતે પણ નથી જાણતી કે એ આટલી બધું કામ કરી રહી છે.'' એ અટક્યા વગર બોલી રહી હતી.

''અરે, આટલા બધા દિવસો સુધી મને ખબર જ ન હતી કે આ આટલું સરસ બોલી શકે છે !'' ગંગાધરમે વિચાર્યું.

''ઓહ, આ તો શિક્ષિકા છે ને ! વિષયને આ રીતે સ્પષ્ટ કરીને કહેવાની એમની આદત હોય છે.'' સમાધાન કરી લીધું.

''મારા કહેવાનો અર્થ એ છે કે અનાથ શબ્દ વિધવા સ્ત્રીઓ માટે ઉચિત નથી. હકીકતમાં અનાથ એવા પુરુષો છે જેઓ વિધુર થાય છે.'' કહીને વિજયલક્ષ્મી હસવા લાગી.

ગંગાધરમને લાગ્યું કે આ વાત સાચી છે.

''મને જુઓને-આ તો કાલે દીકરાઓ પાસે જશે તો એમની સહાયતા કરી શકે છે. પૌત્ર-પૌત્રીની સંભાળ રાખી શકે છે. એવું પણ ન જણાવવા દે કે એ અન્યનો બોજ છે અને પોતે જીવી શકે છે. મારો કિસ્સો એવો નથી. હું પોતે જ મોટો બોજ છું.'' આવા વિચારોમાં મગ્ન ગંગાધરમને ખ્યાલ પણ ન રહ્યો કે વિજયલક્ષ્મી ઘરમાં અંદર ગઈ છે.

દસ મિનિટ પછી એ પાછી ફરી ત્યાં સુધી એ વિચારોમાં ડૂબેલો હતો.

એની હાલત જોઈ બોલી, ''અરે, મારી વાતોથી આપ પરેશાન થઈ ગયા છો !''

''ના, જરાય નહીં. હવે હું જાઉં.'' કહીને એ ઊઠવા લાગ્યો.

''ક્યાં ? હોટલમાં જ જશો ને ! આજે રાત્રિનું ભોજન અહીં કરો. આપના માટે પણ ચોખા રાંધવા મૂકીને આવી છું.''

અડધો કલાક વાતચીત કર્યા બાદ બન્નેએ ઓજન કર્યું. વિજયલક્ષ્મીના હાથે બનેલી ભોજન કરતી વખતે ગંગાધરમની જીભે ખોવાયેલો સ્વાદ પાછો ફર્યો. સુશીલાના ગયા પછી આજે પહેલી વાર એને આટલું સ્વાદિષ્ટ ભોજન મળ્યું. પેટ ભરીને ખાઈ, વિજયલક્ષ્મીનો વારંવાર આભાર માની ઘરે ગયો.

આખું ઘર અસ્તવ્યસ્ત હતું.

''છી, ગમે તેટલું કહો. નોકરાણી ઘર ગંદું જ રાખે છે. ધૂળ જેમની તેમ છે. ખબર નહીં, સુશીલા આ નોકરાણી પાસેથી કેવી રીતે કામ કરાવતી હતી ? ઘરમાં ક્યાંય કોઈ ધૂળ કે ધબ્બા દેખાતાં ન હતાં. ઘર તો એવું હોય. એવા વાતાવરણમાં રહેવાની એની આદત હતી. હવે એવી રીતે ઘરને સાફસૂથરું રાખવાનું તો નહીં બને. છી ! મારું જીવન દુર્ભર થઈ ગયું.'' ગંગાધરમને આજે પણ ઊંઘવા માટેની ગોળી ગળવી પડી.

ચાર-પાંચ મહિના પસાર થયા પછી વિજયલક્ષ્મી અને ગંગાધરમ વચ્ચે મિત્રતા વધી ગઈ. અઠવાડિયામાં બે વખત ગંગાધરમ વિજયલક્ષ્મીના ઘરે ભોજન કરવા લાગ્યો ક્યારેક વળી સવારસાંજનો નાસ્તો પણ કરવા લાગ્યો. વિજયલક્ષ્મી જે સંગીત શીખી રહી હતી, એ સંગીતનો પણ થોડોઘણો આનંદ ઉઠાવવા માંડ્યો.

''હવે વિલંબ શાનો ? એની જોડે લગ્ન કરી વાત પૂરી કરો.'' મિત્ર જાનકીરામને જ્યારે એણે પોતાની અને વિજયલક્ષ્મીની મૈત્રી અંગે દિલ ખોલીને ખુશીથી વાત કરી હતી ત્યારે જાનકીરામની આ સલાહ હતી.

''છી ! શું વાત કરો છો ?'' એણે કહી તો દીધું પરંતુ ગંગાધરમને એની વાત એટલી ખરાબ ન લાગી.

ધીરે ધીરે એને લાગતું હતું કે આ સારી વાત છે. કદાચ બહુ સારી વાત પણ છે. અંતમાં, એ એવા નિર્ણય પર પહોંચ્યો કે યથાર્થપણ આ સારી વાત છે.

વિચારતાં વિચારતાં છ માસ વીતી ગયા. આ દરમિયાન સુશીલાની વાર્ષિક મૃત્યુતિથિ મનાવવામાં આવી. એનાં સંતાનો આવ્યાં. દીકરીએ આખું ઘર સાફ કર્યું. દીકરો બધો સામાન ખરીદી લાવ્યો. સગાંવહાલાં પણ તિથિ નિમિત્તે બધેથી આવી ગયાં. વિજયલક્ષ્મીએ પણ ઘણી મદદ કરી.

ગંગાધરમની દીકરી વિજયલક્ષ્મીના ઘરે આવી. ''જે દિવસે હું આવી હતી, આખું ઘર સ્મશાન જેવું હતું. એવા ઘરમાં પિતાજીને રહેતા જોઈ મને કેટલું બધું રડવું આવ્યું, હું કહી નથી શકતી. અમે અમારા ઘરે બોલાવીએ છીએ પરંતુ એ નથી આવતા. ખબર નહીં કેવી રીતે જિંદગી જીવે છે ? મારી તો સમજમાં કશું નથી આવતું.'' કહેતાં કહેતાં એ રડી પડી.

એ પછી બે મહિના બાદ, વિજયલક્ષ્મીએ રાઘવરાવની વાર્ષિક મૃત્યુતિથિ મનાવી. બન્ને દીકરાઓ-વહુઓ, પૌત્ર-પૌત્રી બધાં આવી ગયાં. દીકરા અને વહુઓએ સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી. એ બાળકો સાથે પોતાનો સમય પસાર કરવા લાગી.

તિથિનો કાર્યક્રમ સમાપ્ત થઈ ગયો.

વિજયલક્ષ્મીને પોતાના ઘરે લઈ જવાના ઈરાદાથી બન્ને દીકરાઓએ ફરી એક વાર ગંગાધરમની હાજરીમાં પોતાની માને વિનંતી કરી. ગંગાધરમને એમણે વિનંતી કરી કે તેઓ એમની માતાને સમજાવે.

''એ શું સમજાવશે ? એમનાં સંતાનો પણ એમને વિનંતી કરીને, હારીને પાછાં ગયાં.'' વિજયલક્ષ્મીએ હસતાં હસતાં કહ્યું.

''એ તો પુરુષ છે. મહિને દસ હજાર કમાવવાવાળા અધિકારી છે. પોતાની દોઢ હજારની કમાણીમાં આપ એકલી...'' નાનો દીકરો પ્રસાદ પૂરું કરે એ પહેલાં વિજયલક્ષ્મી વચ્ચે જ ગરજ પડી, ''પ્રસાદ !''

એનો અવાજ સાંભળી બધાં દંગ થઈ ગયાં.

''કમાણી ગમે તેટલી હોય, મારી નોકરી મારા માટે મહત્ત્વની છે. હું મારી નોકરી નહીં છોડું, જ્યાં સુધી એ જીવતા હતા ત્યાં સુધી તેઓ આ જ રાગ આલાપતા રહ્યા કે તું તારી નોકરી છોડી દે. છેવટે એ ગયા. હવે તમે લોકોએ એ જ રાગ આલાપવાનો શરૂ કર્યો છે. હું ક્યાંય જવાની નથી, કોઈની સાથે રહેવાની નથી. મારી નોકરી છોડવાની નથી. નોકરીમાંથી રિટાયર થઈને પછી ટ્યૂશન આપવાનું કામ કરીશ. જ્યારે કશું કામ કરવાને લાયક નહીં રહું અને પોતાનું કામ જાતે નહીં કરી શકવાની સ્થિતિમાં પહોંચીશ ત્યારે મરી જઈશ પરંતુ કોઈની પાસે મારી ચાકરી નહીં કરાવું. કોઈના પર નિર્ભર થઈને નહીં જીવું.''

પતિના મૃત્યુના દિવસે એને જેટલું દુ:ખ થયું હતું, આજે પણ એટલું જ દુ:ખ થયું.

સંતાનો અને પુત્રવધૂઓ વધુ નિરાશ થયાં.

''જવા દો. એમનું મન ઠીક નથી.'' ગંગાધરમે એમનને સાંત્વન આપવાનો પ્રયત્ન કર્યો.

''આપ જ કહો. અમે એવી કોઈ વાત તો નથી કરી ને ! દીકરાઓના આધારે જીવવું કોઈ ખોટી વાત છે ? આવી કઠોર વાતો કેમ કરે છે એ અમારી સમજમાં નથી આવતું.'' દુ:ખભર્યા અવાજમાં દીકરાઓએ પૂછ્યું.

દુ:ખ એમનું છે, સમજ એમની છે. પરંતુ બદલતાં સમય અને મૂલ્યોને કેટલીક ખાસ

વ્યક્તિઓનાં દુ:ખદર્દની ખબર કેવી રીતે પડે ? બનાવેલાં નિયમો, બંધનો મુજબ જ તેઓ ચાલે છે. એ નિયમો-બંધનોની અસલિયત જે લોકો જાણી શકે છે તેઓ સુખશાંતિથી જીવી શકે છે. જે નથી જાણી શકતા તેમને અશાંતિમાં રહેવું પડે છે.

વિજયલક્ષ્મીના દીકરા છેવટે ગુસ્સાભર્યા જ વિદાય થયા.

''એમની વાતો પર આપે વધારે 'રિઍક્ટ' કર્યું. એ બિચારાઓએ શું ખરાબ કહ્યું હતું...?'' ચાર દિવસ પછી વિજયલક્ષ્મીને મળવા આવેલા ગંગાધરમે વાત શરૂ કરી.

''એમણે મારી નોકરીની ટીકા કરી. સારું છે કે એ મારાથી દસ ગણું વધારે કમાતા હતા. એમનું ભણતર પણ એ પ્રમાણેનું હતું. હકીકતમાં મને સ્થિરતા આપનાર મારી નોકરી છે, એમની નોકરી નહીં. એ પણ આવા જ હતા. જ્યારે પણ ઘરમાં કંઈ થાય કે તરત કહેતા, 'છોડી દે નોકરી. નકામી નોકરી ને તું.' મારી નોકરીને એમની પકડથી બચાવવા માટે મેં કેટલી તકલીફો સહન કરી, કેવા પ્રયત્નો કર્યા એ કોઈ નથી જાણતું.'' વિજયલક્ષ્મીની આંખો આંસુથી ઊભરાઈ ગઈ.

''અરે, આપ ફરી દુ:ખી થઈ રહ્યાં છો ? ગંગાધરમ ગભરાઈ ગયો.

''આપ પુરુષ છો એટલે આપ એકલા રહી શકો છો એ પણ એ લોકોએ કહ્યું છે ને ? હકીકતમાં આપણને બન્નેને જોવામાં આવે તો મને લાગે છે કે હું જ આપનાથી વધુ સ્વસ્થતાથી અને ચિંતામુક્ત રીતે જીવી રહી છું.''

''સાચું કહ્યું આપે. હું જે નરકભર્યું જીવન જીવી રહ્યો છું તે તેઓ નથી જાણતા. મારી સમજમાં એ નથી આવતું કે હું આવી રીતે કેમ જીવી રહ્યો છું. પણ પાછું આ બધું છોડીને સંતાનો સાથે રહેવા જવાનું મન નથી થતું. હકીકતમાં સુશીલા મને ઘણી તકલીફોમાં નાંખીને જતી રહી છે. બિચારીને શું ખબર કે એના ગયા બાદ મારી આવી દશા થશે, નહીં તો એ માટે કશોક ઉપાય કરીને ગઈ હોત.' હવે, ગંગાધરમની આંખો આંસુથી ભરાઈ ગઈ.

ગંગાધરમને સાંત્વન આપીને વિજયલક્ષ્મીએ બીજા વિષય પર વાત શરૂ કરી દીધી.

એ દિવસે, રાત્રે સૂતાં પહેલાં ગંગાધરમ વિચારવા લાગ્યો કે રાઘવરાવની તુલનામાં હું સારો છું. મેં ક્યારેય સુશીલાને કહ્યું ન હતું કે તારી નોકરી છોડી દે, ના તો એની નોકરીની અવહેલના કરી. આ કારણે એના અને વિજયલક્ષ્મીના વિચારોમાં સમાનતા છે, નિકટતા છે એ વિચારથી આનંદિત થઈને ગંગાધરમને એ રાત્રે સારી ઊંઘ આવી.

બે મહિના વીતી ગયા. બન્ને વચ્ચે મિત્રતા ગાઢ થઈ ગઈ. એક દિવસ રાત્રે વિજયલક્ષ્મીના ઘરે સ્વાદિષ્ટ ભોજન કરી, સોપારીનો મુખવાસ ખાતાં, ''આપણે બન્ને એકલા રહીએ છીએ. આપણે આમ કેમ રહેવું જોઈએ ? લગ્ન કરીને સાથે રહીએ તો... ? જાણે કોઈ મોટું સાહસ કર્યું હોય તેમ ગંગાધરમે પૂછ્યું.

ક્ષણભર માટે આશ્ચર્યચકિત થઈને પછી પાંચ મિનિટ સુધી એ લગાતાર હસતી રહી.

ગંગાધરમનો ચહેરો બદલાઈ ગયો. એકદમ લાલ થઈ ગયો, જાણએ છોલેલું બીટ ના હોય ! હસી હસીને આંખોનાં આંસુ લૂછતી. ગંગાધરમની સામે જોઈને એ પસ્તાવો કરવા લાગી.

ગંગાધરમ નિસ્તેજ બની, જાતે ઊભા થવામાં પણ અસમર્થ હોય એમ બેસી રહ્યો.

વિજયલક્ષ્મીને અફસોસ થયો. ગંગાધરમને કહેવા લાગી, ''એમ ના સમજશો કે આપને હેરાન કરવા મેં આમ કર્યું છે. આપે જે વિચાર્યું છે એના પર હું નથી હસી. સાચ્ચે જ આપે જે પૂછ્યું એના પર મને હસવું નથી આવ્યું. આપે કહ્યું કે આપણે એકલાં છીએ – એ બાબતે મને હસવું આવ્યું. હું નથી માનતી કે હું એકલી છું. મને લાગે છે કે હવે હું એકલાપણાથી છુટકારો મેળવી ચૂકી છું. જુઓ ને, પહેલાં તો મને આપ જેવા મિત્રો સાથે વાત કરવાની તક જ મળતી ન હતી. સંગીતનો રિયાજ કરવાનો પણ સમય ન હતો. અત્યાર સુધી પોતાની રુચિઓ અને વિચારોને દબાવીને એકલી જીવતી હતી, હવે એવું નથી.''

ગંગાધરમની હાલત એવી હતી કે એને વિજયલક્ષ્મીની વાતોનો અર્થ સમજમાં ન આવ્યો. કોઈ પણ પ્રકારે તાકાત ભેગી કરી, ચાલ્યા જવા માટે એ ઊઠવા લાગ્યો.

''બેસો, બેસો. આપે જે પૂછ્યું એના પર વાતચીત કરીએ.'' કહીને વિજયલક્ષ્મીએ ગંગાધરમને બેસાડ્યો.

''મારા વિચાર પ્રમાણે આપે જે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો તે મને એક સહજ સ્ત્રી માનીને નહીં, એ વાત તો ખરી ને ?''

''હા, હા. ખરી છે. હકીકતમાં મારા દિલમાં એવી વાત છે નહીં. માત્ર એક આધાર માટે...'' જરા વિચલિત થઈને ગંગાધરમે જવાબ આપ્યો.

''જેવો આધાર આપને જોઈએ, બરાબર એવો મને નથી જોઈતો.''

વિજયલક્ષ્મીની વાતો સાંભળી એ એની સામે તાકી રહ્યો.

''મેં કહ્યું ને, હું ઈચ્છું છું કે આ ઉંમરે હુંમારી જાત માટે જીવું. પોતાની ઈચ્છાઓને મારીને, સમાધાન કરીને બીજાઓ માટે જીવવાની મારી ઈચ્છા નથી. આપની સેવાઓ કરીને જીવન પસાર કરવાની મારી જરા પણ ઈચ્છા નથી.''

''સેવાઓ ?'' વિચિત્ર રીતે ગંગાધરમે એની સામે જોયું.

''હા, સેવાઓ. મારા વિચાર પ્રમાણે પુરુષોની દૃષ્ટિએ 'આધાર'નો મતલબ છે સેવા. આપના ઘરની હાલત જોઈને ખબર પડે છે કે આપને કેવા પ્રકારની સેવાની જરૂર છે.''

દસ મિનિટ સુધી એમ ને એમ બેસી રહી, ગંગાધરમ અચાનક ત્યાંથી ઊભો થઈ ચાલી ગયો.

રાતભર ગંગાધરમ સૂઈ ના શક્યો. ઊંડાણથી વિચારતાં એને વિજયલક્ષ્મીની વાતોમાં કશી ભૂલ ન જણાઈ.

''એટલા માટે તો પોતે લગ્ન કરવાની ઈચ્છા રાખી ને ? એટલે જ ને કે વિજયલક્ષ્મી પોતાના ઘરને ઠીકઠાક રાખે, એને ખાવાનું બનાવીને ખવડાવે અને એની સહાયતા કરે ? હકીકતમાં કોઈ પણ વ્યક્તિ લગ્ન શા માટે કરવા માંગે છે ? એટલા માટે કે સેવાઓ મેળવે. વિજયલક્ષ્મીએ કહ્યું કે એ સેવાઓ કરવા નથી માંગતી. કોઈ પણ સ્ત્રી સેવાઓ શા માટે કરે ? વાસ્તવમાં પોતાને જોઈએ છે શું ? સારી નોકરાણી ? કે પછી સારો આધાર ? જોવા જોઈએ તો પોતાનો વિચાર પણ ખોટો નથી અને વિજયલક્ષ્મીના વિચારમાં પણ કોઈ ભૂલ નજરમાં નથી આવતી.'' આવું બધું વિચારતાં વિચારતાં વહેલી સવારે એને ઊંઘ આવી.

બીજા દિવસે ગંગાધરમની નોકરાણી રેણુકા કેટલીય વાર વિજયલક્ષ્મીના ઘરે જઈ સાવરણી, ફિનાઈલ વગેરે વસ્તુઓ લઈ આવી. એ દિવસે ગંગાધરમ ઑફિસ ન ગયો.

સાંજે વિજયલક્ષ્મીના ઘરે ન ગયો અને સીધો બજારમાં જઈ કેટલીક ચીજો ખરીદી લાવ્યો.

ચાર દિવસ સુધી ગંગાધરમ પોતાન ઘરે ના આવ્યો એનું વિજયલક્ષ્મીને આશ્ચર્ય થયું. પાંચમા દિવસે એણે ગંગાધરમનો દરવાજો ખખડાવ્યો.

અંદર જઈને જોયું તો આખું ઘર બદલાયેલું દેખાયું. એકદમ સ્વચ્છ, બધો સામાન પદ્ધતિસર રીતે પોતાની જગ્યાએ.

ગંગાધરમ ભોજન બનાવી રહ્યો હતો.

''ખબર નહીં, મારું બનાવેલું ભોજન આપને કેવું લાગશે ? અને કેટલી ભૂલો કાઢશો ?' કહેતાં કહેતાં એણે ભોજન પીરસી દીધું.

''ઠીક છે, સારું છે.'' કહીને એકાદ સલાહ એણે આપી. આ બાદ, ગંગાધરમ બે દિવસ વિજયલક્ષ્મીના ઘરે ભોજન કરતો તો બે દિવસ ગંગાધરમના ઘરે વિજયલક્ષ્મીનું ભોજન બનતું. બે દિવસ બન્ને સાથે હોટલ જઈને ભોજન કરી લેતાં, રવિવારે બન્ને સાથે મળી કોઈ એકના ઘરે ભોજન બનાવતાં અને આનંદથી ખાતાં.

લગભગ છ મહિના આ રીતે પસાર થઈ ગયા.

ગંગાધરમની દીકરીએ દીકરાને જન્મ આપ્યો. આ એનું પહેલું બાળક હતું. સંદેશો મેળવીને ગંગાધરમ આનંદવિભોર બની ગયો. ''હું નાના બની ગયો છું,'' કહી બહુ ખુશ થયો.

વિજયલક્ષ્મીને સાથે લઈ, બજાર જઈને ગંગાધરમ દૌહિત્ર માટે કપડાં, સોનાની ચેઈન અને કેટલીય વસ્તુઓ ખરીદી લાવ્યો અને દીકરીના ઘરે જવા રવાના થઈ ગયો. વિધિ પૂરી થાય ત્યાં સુધી દીકરીના ઘરે જ રહ્યો. બધાં ઈચ્છતાં હતાં કે દૌહિત્રનું નામ ગંગાધરમ રાખવામાં આવે. પરંતુ આ માટે એ બિલકુલ રાજી ન હતો અને પત્નીના નામ પરથી દૌહિત્રનું નામ સુશીલા રાખવ્યું. ત્યાં પંદર દિવસની રજાઓ ખૂબ આનંદથી ગાળી. ત્યાંની બધી વાતો વિજયલક્ષ્મીને સંભળાવવાની ઉત્સુકતા સાથે એ પાછો જવા નીકળ્યો. પ્રવાસ કરતી વખતે દૌહિત્ર અંગે વિચારતો રહ્યો. પોતાના પ્રવાસની બધી વિગતો વિજયલક્ષ્મીને જણાવવી છે. ક્યાંય રસ્તામાં કશું ભૂલી ન જવાય એમ વિચારી એણે ડાયરીમાં બધી વાત નોંધી લીધી. હા, જ્યારે હું ઘરે પહોંચીશ ત્યારે વિજયલક્ષ્મી ઘરે નહીં મળે, શાળામાં હશે. સાંજ સુધી રોકાવું પડશે. સાંજે પણ ખબર નહીં, શાળાએથી સીધી ઘરે આવશે કે કા સંગીત સભામાં જશે... આવું બધું વિચારતાં ઘરે પહોંચ્યો તો વિજયલક્ષ્મીના દરવાજે તાળું ન હતું. પોતાના ઘરે ગયા વગર ગંગાધરમે વિજયલક્ષ્મીનો દરવાજો ખખડાવ્યો.

દરવાજો ખોલી ગંગાધરમને જોતાં જ વિજયલક્ષ્મી ખીલી ઊઠી, આશ્ચર્યચકિત થઈ તેણે પૂછ્યું.

''મને એકલી છોડીને આપ જતા રહ્યા હતા ને ? હું એકલી દુઃખી થઈને દૂબળી પડી ગઈ છું. સાચું કહું છું. જ્યારથી આપ ગયા, મને એકલીને ખાવાનું ભાવતું ન હતું. ઊંઘ પણ ગાયબ થઈ ગઈ. આપે આવું કેમ કર્યું ?''

વિજયલક્ષ્મીની વાતો સમજવામાં ગંગાધરમને પૂરી પાંચ મિનિટ થઈ.

આ દરમ્યાન વિજયલક્ષ્મી કૉફી લઈ આવી. કૉફીનો કપ ટેબલ પર રાખી, એણે વિજયલક્ષ્મીનો હાથ પકડી લીધો.

''શું આ સાચું છે ? આપ જે કહી રહ્યાં છો એ વાતો ખરેખર સાચી છે ? શું મારા વગર આપને એકલું લાગ્યું ?''

''સાચ્ચે. સોગંદ ખાઉં છું.'' કહીને વિજયલક્ષ્મી હસી.

આનંદથી ઊભરાતો ગંગાધરમ જાણે પાગલ થઈ ગયો, એણે વિજયલક્ષ્મીને પોતાના બાહુપાશમાં લઈ લીધી.

(મૂળ તેલુગુ વાર્તા ''તોડુ''નો હિન્દીમાં ડૉ. વિજયરાઘવ રેડ્ડીએ કરેલા હિન્દી અનુવાદ પરથી ગુજરાતીમાં અનુવાદ)

અનુવાદઃ દૃષ્ટિ પટેલ

# કોઈની યાદમાં જીવવું જોઈએ...

ભમરો જેમ કમળમાં બિડાઈને રહે એમ કોઈકની યાદમાં રહેવું જોઈએ... એક રાત્રે બે પાંપણ વચ્ચે સપનાનું ઘર બનાવીને સવાર પાડતાં આવડવું જોઈએ...! આવું રોજ થવું જોઈએ. આવું થાય ત્યારે હરીન્દ્ર દવે કહે છે કે, 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં...' પાન 'પીળુ' જોયું હોત તો પણ કવિતા તો હોત જ! પણ, પાન પીળું જોયું - એટલે વ્યક્તિ નથી અને વ્યક્તિની યાદ આવી છે, એવું લાગત! 'પાન લીલું જોયું ને...' - એટલે વ્યક્તિ છે અને એની યાદ આવી છે. યાદ એકલી આવે ત્યારે મોસમનો પહેલો વરસાદ થઈને આવે. માવઠું પણ મોસમના વરસાદની ફરજ ચૂકીને, 'યાદ'ની ફરજ અદા કરવા આવેલું લાગે...! યાદ સાથે 'પગરવની દુનિયાનો કલશોર' સમાયેલો છે. આપણે બીજું શું કરી જવાનાં હતાં...?

આપણને કોઈકની 'યાદ'માં મૂકીને દુનિયા સામે ધુમાડો થઈ જઈએ એટલે બસ! જે દુનિયાને આપણી નાની નાની વાતમાં વાંક દેખાતો હતો એને જ એમાં વહાલ દેખાશે! જીવતાં માટે શ્વાસ લેતાં હોવ તો તમે ખેલાડી બની શકો છો. 'જીવવા' માટે તમારાં શ્વાસથી બીજાને સભર કરી શકો છો- તો તમારી પાસે આરતી વગરનું પવિત્ર અજવાળું છે. સાહિર લુધિયાનવી કહે છે એમ... 'ઉસે ઈક ખૂબસૂરત મોડ દે કર છોડના અચ્છા...' યાદ સંબંધ સાચો નિભાવ્યો હોય ત્યારે ખબર ન પડે એમ આંસુ અને વ્યક્તિ સામે મળે ત્યારે 'ડૂમો' બની જાય છે. આપણે જો પૂરેપૂરું સંબંધમાં જીવ્યાં હોઈશું તો દૂર કિનારા-વચ્ચે વહેતી નદી - જોવાલાયક સ્થળમાં ખપશે. આપણે જો નથી



જીવ્યાં - તો આપણે આપણી યાદનું જ હાલતું-ચાલતું ખંડેર છીએ...

વસ્તુની જેમ વ્યક્તિની પણ 'એક્સ્પાયર ડેટ' હોય છે... જેને 'મૃત્યુ' કહેવાય છે... કેટલીકવાર મૃત્યુ મોડું આવે છે બાકી, વ્યક્તિએ પોતાનાં બેસણાની ખબર એની નજીકની વ્યક્તિને આપી જ દીધી હોય છે. 'યાદ'ને જીવવા દેવી જોઈએ, 'યાદ'માં જીવી જવું જોઈએ. ઠંડા ગ્લાસની બહાર જામેલા બિંદુઓને ગ્લાસ પકડીને નીચે મૂકીએ છીએ ત્યારે પોતાની છાપ સાથે છોડી દેતાં હોઈએ છીએ. હૂંફાળો સંબંધ ક્યારે 'હિમ' બની ગયો એની ખબર સંબંધ સિવાય બધાંને પડે છે...

બની શકે કારણો જુદાં જુદાં હોય, પ્રેમ અનન્ય હોય પણ ભાવ અને અભાવની 'પરત' બદલાઈ ગઈ હોય! નિયમો આપણે જ ઘડ્યા હોય અને આપણે જ એ નિયમોમાં નિચોવાઈ ગયા હોઈએ! નવી કડકડતી નોટ જેવાં 'આપ-લે'નાં સંબંધમાં પરચુરણ બની ગયા હોઈએ તો ય સંબંધ વિશ્વાસનાં પાકીટમાં ખૂણો સેવતો હોય...! જ્યાં જીવવું છે ત્યાં વ્યક્તિ - યાદ - બધું જ ચાલશે! જ્યાં જીવાડવું છે - ત્યાં વ્યક્તિ અને યાદ બંને વગર ચાલશે... જ્યાં યાદ મૂકીને જવું છે ત્યાં ખરી પડેલાં પાંદડાંમાં પણ લીલોછમ બગીચો આત્મકથાની તૈયારી કરીને બેઠો હશે...

- અંકિત ત્રિવેદી

## ઝાલાવાડી પત્રિકાના પ્રૂફ રીડર શ્રી મયૂરભાઈ રાચ્છનું અકાળે અવસાન



ઝાલાવાડી પત્રિકાના પ્રૂફ રીડર શ્રી મયૂરભાઈ રાચ્છનું હાર્ટએટકને કારણે ફક્ત ૬૧ વર્ષની વયે અકાળે અવસાન થયું છે.

૧૯૮૧ થી પત્રકારત્વમાં જોડાયેલા 'જન્મભૂમિ', 'મુંબઈ સમાચાર', 'સંદેશ' તથા 'મિડ-ડે'માં કાર્ય કરતા મયૂરભાઈ છેલ્લા ૨૫ વર્ષથી સભા સાથે જોડાયેલા હતા. સાચી જોડણીવાળુ સાહિત્ય મયૂરભાઈની ચોકસાઈને આભારી હતું.

સભાએ એમના આત્મીય સ્વજનને ગુમાવ્યા છે. તેમના પરિવારજનોને આ આઘાત જીરવવાની શક્તિ આપે એ જ પરમકૃપાળુ ઈશ્વરને પ્રાર્થના.

સંધ્યા શાહ
- તંત્રી

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

લોનાવલા : મિલનભાઈ
9860125136
પંચગીની : નિરવભાઈ
9819012468

માથેરાન તથા સંસ્થાના
અન્ય કામ માટે સભાના મેનેજર
શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો
સંપર્ક કરવો. 9867748120

પત્રિકા જાહેરખબર
દેવલાલી :
આશાબેન
9819956529

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ
9099350644 / 9426756100
મુંબઈ – મિલનભાઈ તુરખિયા
9860125136 / 7208472884

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

# 7208472884 • 7208481791 • 7208472744

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

# 7208472884 • 7208481791 • 7208472744



## એક સ્ત્રી ની ઈચ્છા

વિચારું છું કાલે એક રજા લઉં
થોડીક આળસ ની પણ મજા લઉં
પણ શરુઆત ક્યાંથી કરુ ?

છે થોડીક જવાબદારીઓ
એને મૂકું કયાં ?
આંખ ખોલુ ને મને પણ
ચા હાથ માં મળે
શું મને પણ મારા સપના માં થી
અચાનક જાગવાની મજા મળે ?

ટેબલ પર બેસું ને ગરમ નાસ્તો મળે
શું મને પણ
''મીઠું જરા ઓછું છે''
કેહવાનો મોકો મળે ?
લંચ ના બનાવાનો બ્રેક મળે
શું મને પણ ખરેખર લંચ બ્રેક
માણવાનો સમય મળે ?

કામ કરતી હોઉં ને
મને પણ કોઈ પૂછવા આવે
ગરમા ગરમ ચા પીશ ?

સાંજનું જમવાનું
કોઈ મને પૂછી ને બનાવે
શું મને પણ મનગમતું
જમવાનો અવસર મળે ?

આવી એક રજા મળે
તો શું મને માણવી ગમે ?
સાલુ રોજ વિચારું
આજે રજા લઉં....
ને કાલે લઈશ...
ને ફરી કામે લાગી જાઉં..



સાગરનું પણ કેવું ?
એકદમ પુરુષ જેવું...
તોફાની થવું
શમવું
સમાવી લેવું

ગુસ્સો કરવો, ડર બતાવવો
પણ પોતાનાઓ માટે સઘળું સહી આંસુ પીવું સહજ છે પુરુષો માટે

ન વિશ્રામ
ન આરામ
બસ કામ, કામ ને કામ
આપવા પરિવારને આરામ
આ છે પુરુષ
જે સરળ છે
જેને સમજવો સરળ છે
જે પરિવારના પ્રેમ માટે વિહ્વળ છે
એના માટે સૌથી મોટું માન
પરિવારની મુસ્કાન...

વાદળનું પણ કેવું ?
બિલકુલ સ્ત્રી જેવું...
બંધાવું
વરસવું અને
વિખાઈ જવું...
ઝીલવાની પાત્રતા સામે હોય કે ન હોય
પણ આપી દીધાનો સંતોષ
અદ્‌ભુત હોય છે સ્ત્રીને...

ન આશ..
ન પ્યાસ...
થોડો વિશ્વાસ ને
ખાસ એહસાસ
આ છે સ્ત્રી...સ્ત્રી...
જેને સમજવા જશો તો ગ્રંથ લાગશે...પણ...
એની સાથે જીવશો ને તો.... વસંત લાગશે...



# ''મિત્ર..!!!''

☐ યશવંત કડીકર

**આ**જે એમને જોયા, ઘણાં વર્ષો પછી, પરંતુ હું ક્યાં એમને ઓળખી શક્યો હતો ?

તો પણ હું તો એમને ના જ ઓળખી શક્યો, પણ કદાચ એમણે મને ઓળખી લીધો હશે. એ મને ક્યાંય સુધી જોતા રહ્યા, પછી જ એ મને ઓળખી શક્યા.

તેઓ ધીમે ધીમે મારી પાસે આવ્યા. કદાચ તેઓ ડરતા હશે કે હું તેઓ ધારે છે એ ના હોઉં.

મને એવું લાગ્યું કે કોઈ મારી નજદીક આવીને ઊભું છે અને ધારી-ધારીને મને જોઈ રહ્યું છે. મેં ધ્યાનથી જોયું, પણ થયું કે હશે કોઈ.

પરંતુ તેઓ તો હજુ મારા તરફ જ જોઈ રહ્યા હતા, એવું મને લાગી રહ્યું હતું.

ઓચિંતો જ એક હાથનો સ્પર્શ મારા ખભાને થયો. મેં ખૂબ જ સ્વસ્થતાથી એમના તરફ જોયું. અમારી નજર મળી. મને એમની આંખોના ઊંડાણમાં કંઈ ના દેખાયું, એટલે મેં મારું મ્હોં બીજી બાજુ ફેરવી લીધું. કદાચ બેધ્યાનપણે જ એમનો હાથ મારા ખભા પર મુકાઈ ગયો હશે.

ત્યાં એક જોરદાર ખૂંખારો મને સંભળાયો. ખૂંખારા પછી અવાદ મારા કાને પડ્યો. મારા કાનના પદડા જાણે ધ્રૂજી ઊઠ્યા. ''વાહ, મોટો કલાકાર બનતો જાય છે. ઓળખવા છતાં પણ ઓળખતો નથી.''

હવે હું એમના તરફ ખૂબ ધ્યાનથી જોવા લાગ્યો હતો.

''અરે યશુ !... સાલ્લા... શું તું તારા મિત્રને પણ ના ઓળખી શક્યો.'' અને એણે મને એની બથમાં ભીંસી દીધો.

હું ચમકી ગયો અને મેં મારી જાતને એની બથમાંથી માંડ છોડાવી કહ્યું - ''માફ કરો, મેં આપને નથી ઓળખ્યા.''

''અરે યાર, તું શું ઓળખીશ ? પૂરાં પચ્ચીસ વર્ષ વીતી ગયાં...અને હું તો તને જોતાં જ ઓળખી ગયો. સમજી ગયો કે મારો યાર ઊભો છે.''

હવે તો ના સમજવાનો ચારો જ નહોતો, પરંતુ હું એટલું તો સમજી ગયો કે, હશે કોઈ મારો જૂનો શાળા અથવા કોલેજમાં સાથે ભણવાવાળો.

હવે એના હાથમાં મારો હાથ હતો. એના મ્હોં પર ઉપસી આવેલી પ્રસન્નતાની રેખાઓ સ્પષ્ટ જણાવી રહી હતી કે, એને જાણે કોઈ ખોવાયેલી વસ્તુ મળી ગઈ હોય.

જો કે હું ઉતાવળમાં નહોતો, છતાં એનાથી છૂટકારો મેળવવા માટે કહ્યું - ''હાલમાં ક્યાં છો ? આપનો ટેલિફોન નંબર તો લખી આપો !'' અને મેં મારી ડાયરી કાઢી અને એનું છેલ્લું પાનું ખોલીને એમની સામે ધરી દીધું.

*ઓચિંતો જ એક હાથનો સ્પર્શ મારા ખભાને થયો. મેં ખૂબ જ સ્વસ્થતાથી એમના તરફ જોયું. અમારી નજર મળી. મને એમની આંખોના ઊંડાણમાં કંઈ ના દેખાયું, એટલે મેં મારું મ્હોં બીજી બાજુ ફેરવી લીધું. કદાચ બેધ્યાનપણે જ એમનો હાથ મારા ખભા પર મુકાઈ ગયો હશે.*

એમણે ડાયરી પકડી લીધી. પછી એક જ ઝટકા સાથે એને બંધ કરી દીધી અને કહ્યું - ''યાર, મારે તો તમારી સાથે ઘણીબધી વાતો કરવાની છે અને તમે મારી પાસેથી છટકવા માગો છો ? આ ના ચાલે.''

''ના યાર, મારો એ મતલબ નથી. હું જરા ઉતાવળમાં છું. એક જગ્યાએ જલ્દીથી પહોંચવાનું છે.'' હું એક જ શ્વાસે આ બધું બોલી ગયો અને મારા મ્હોંમાંથી નીકળેલો ''યાર'' શબ્દ જાણે મારા હૃદયને ડંખી ગયો હતો.

હું તો ઘણાં વર્ષોથી એવા વાતાવરણમાં ઉછર્યો છું, જ્યાં 'યાર' નામની કોઈ વસ્તુ જ નથી. હું તો 'સર' શબ્દ સાંભળવાને ટેવાયેલો છું, ગમે ત્યાં જોઉં, કોઈ ને કોઈ નમસ્કાર કરનારું તો મળી જ જાય છે, એટલે ઘણાં વર્ષો પછી ''યાર'' શબ્દ સાંભળવો અને બોલવો, મને ખૂબ વિચિત્ર લાગે છે.

હું કંઈક સ્વસ્થ થયો. થોડીક ઢિલાશથી કહ્યું - ''પ...ણ તું હાલમાં છે ક્યાં ? કહેતો કેમ નથી ?''

હું સહજ બનીને હવે 'આપ' ઉપરથી 'તું' ઉપર આવી ગયો હતો.

''કહીશ, જરૂર કહીશ, જરા શ્વાસ તો લેવા દો. આટલાં વર્ષો પછી મારો યાર મળ્યો અને એમ જ બતાવી દઉં.

મેં જરા વિચારવાનો પ્રયત્ન કર્યો. આ કોણ હશે ? કદાચ હવે હશે કે દેસાઈ, ના, શેઠ લાગે છે. પણ ગમે તે હોય, મારે શું ? એ જરૂરી થોડું છે કે, બે-એક વર્ષ સ્કૂલમાં સાથે રહ્યા અને વર્ષો સુધી 'યાર' બની ગયા.

મેં એનાથી પીછો છોડાવવા માટે કહ્યું -

''તું મારી ઓફિસ આવજે, ત્યાં વાત કરીશું.''

'અરે, મારી પાસે એટલો સમય ક્યાં છે, જે તારી લવલવ સાંભળવા તારી ઓફિસે આવું. તારા ઘરનું સરનામું આપ.' તેણે અધિકારપૂર્વક કહ્યું.

હું શું કરતો, વિચાર્યું, છૂટકારો મળતો હોય તો આ જ બરાબર છે. મેં એને મારા ઘરનું સરનામું આપી દીધું.

એણે સરનામું વાંચ્યું. પછી બોલ્યો ઓહ, નવરંગપુરામાં રહે છે. ખુબ જ સુંદર જગ્યા શોધી કાઢી છે, યાર, ભલે-કશો વાંધો નહીં. આવતી કાલનું રાતનું ભોજન તારા ત્યાં. ત્યારે વાતો કરીશું.''

અને એ હાથ હલાવતો ચાલ્યો ગયો.

સાંજે હું મારા ઘેર પહોંચ્યો તો મેં મારી પત્નીને કહ્યું - ''કાલ રાતે મારો એક મિત્ર જમવા માટે આવવાનો છે.''

''તમારો મિત્ર ? કયો ? શું પહેલાં પણ ક્યારેય અહીં આવેલો છે ?''

''અરે, ના ! પચ્ચીસ વર્ષ પછી આજે મળ્યો હતો. કદાચ સ્કૂલમાં સાથે એકાદ-બે વર્ષ સાથે ભણ્યો હશે. મને તો આમે કંઈ યાદ નથી. આ તો મારી પાછળ પડી ગયો હતો અને મારો છૂટકો પણ નહોતો, એટલે મેં હા પાડી.''

મારી પત્નીને મૌન જોઈને હું ફરી બોલ્યો - ''અરે ! એમાં વિચારવાનું શું છે ? કંઈક 'થોડું-ઘણું' બનાવી લેજે. ખાસ કંઈ કરવાની જરૂર નથી.''

''થોડું-ઘણું'' જાણી જોઈને, મેં ભારપૂર્વક કહ્યું હતું. એવું નથી કે મારા ઘેર કોઈ ભોજન માટે નહોતું આવતું પણ એવું જ કોઈક આવે છે, જેની પાસે મારું કામ કંઈક અટક્યું હોય. જો કે દર અઠવાડિયે કોઈકને તો જમવા માટે નિમંત્રું છું જ. મારા ઉપરના અધિકારીઓને ખુશ રાખવાનો અને 'પ્રમોશન' માટેનો મેં

*હું આચાર્ય સાહેબ પર પણ મારી 'ઈમ્પ્રેશન' પાડવા માગતો હતો. એમને મારા ઘેર સૌથી પહેલાં જમવા બોલાવું એટલે જ્યાં સુધી એ મારા સાહેબ રહે, મને કામ કરવામાં કોઈ તકલીફ ના રહે. લોકો સાથેના વ્યવહારને કારણે દરેક જાતના કેસો આવે છે, જે માટે મારા બોસ પાસેથી ''ક્લિયરન્સ'' લેવું જરૂરી હોય છે.*

રસ્તો શોધી જ કાઢ્યો છે, પરંતુ એક નાના માણસને મારા ત્યાં જમવા બોલાવવો , એ મને ગમતું નથી, પણ હવે શું થાય ? હા તો પાડી દીધી હતી.

બીજા દિવસે ઓફિસમાં આવ્યો. ઓફિસ આવતાં જ સમાચાર મળ્યા કે, મારા સાહેબની બદલી થઈ ગઈ છે અને આમની જગ્યાએ કોઈ જે. કે. આચાર્ય મહારાષ્ટ્ર સરકારમાંથી 'ડેપ્યુટેશન' પર આવી રહ્યા છે.

હું મૂંઝવણમાં મુકાઈ ગયો. આમ કેવી રીતે બની ગયું ? આજ સુધી આવું બન્યું નથી. કોણ આવી રહ્યું છે, કોણ જઈ રહ્યું છે, મને મારી ઓળખાણના કારણે અઠવાડિયા પહેલાં જ ખબર પડી જતી હતી, પણ આ વખતે આવી ગુપ્તતા કેમ જાળવવામાં આવી, કે એકાએક સાહેબન બદલીનો ઓર્ડર આવી ગયો, મેં ઘણા પ્રયત્નો કર્યા કે આચાર્ય સાહેબ માટે જાણકારી મેળવું, પરંતુ કંઈ પણ માલૂમ ના પડ્યું.

હું આચાર્ય સાહેબ પર પણ મારી 'ઈમ્પ્રેશન' પાડવા માગતો હતો. એમને મારા ઘેર સૌથી પહેલાં જમવા બોલાવું એટલે જ્યાં સુધી એ મારા સાહેબ રહે, મને કામ કરવામાં કોઈ તકલીફ ના રહે. લોકો સાથેના વ્યવહારને કારણે દરેક જાતના કેસો આવે છે, જે માટે મારા બોસ પાસેથી ''ક્લિયરન્સ'' લેવું જરૂરી હોય છે, એટલે 'બોસ'ને હાથમાં, ના રાખું, તો કામ કેવી રીતે ચાલે !

પરંતુ આ વખતે તો અચાનક જ આ બધું બની ગયું અને નવા આ સાહેબ આચાર્ય કોણ છે, એ પણ મને ખબર ના પડી, એટલે હું કંઈક ઉદાસ બની ગયો.

સાંજે થાક્યો-પાક્યો ઘેર પહોંચ્યો. આજે મારો 'મૂડ' જ નહોતો. પત્નીએ સહજ રીતે જ પૂછ્યું, 'શું બનાવું આપના મિત્ર માટે ?' તો હું ચિડાઈ ગયો અને કહ્યું - ''શું માથાકૂટ કરે છે, જે પણ બનાવવું હોય એ બનાવને !''

પત્ની રસોડામાં ચાલી ગઈ. એ નોકરને કંઈક સમજાવી રહી હતી. હું મારા વિચારોમાં ખોવાયેલો હતો.

મેં મારી ચિંતા મારી પત્નીને જણાવી તો એણે કહ્યું - ''એમાં ચિંતા કરવા જેવું શું છે ? મિ. આચાર્ય કાલે તો 'ચાર્જ' સંભાળવાના છે. કાલ સાંજના જમવા માટેનું નિમંત્રણ એમને આપી દો. પહેલી જ વાર એવું જમાડીશ કે બસ, એ પણ ખુશ થઈ જશે.''

''વાહ, સરસ વિચાર છે, નિમંત્રણ તો હું આપી જ દઈશ. તું જરા 'પેન' અને 'સ્લિપ બુક' લઈ આવ. કાલે શું શું બનાવીશું, એનું 'લિસ્ટ' તૈયાર કરી દઈએ, જેથી કોઈ કસર ના રહી જાય.''

જ્યારે મેં બધું લખાવી દીધું તો મારું મન કંઈક હળવું થયું. જાણે મારા માથા પરનો ભાર ઉતરી ગયો હોય.

છતાં મારું વિચારતંત્ર તો ચાલુ જ હતું. ''એમને કાલે 'પ્રેઝન્ટ' શું આપીશું ? કંઈક તો આપવું જોઈએ, જેની મોટી અસર પડતી હોય છે.''

મારી પત્ની પણ કંઈક વિચારવા લાગી. ત્યાં નોકરે આવી મારી પત્નીને પૂછ્યું ''બહેન, દાળનો વઘાર કરી દઉં ?''

ત્યાં જ હું ઉતાવળેથી બોલી ઊઠ્યો - 'ના, ના, એમ જ રહેવા દે. ક્યાંક સારું

ખવરાવી દઈશું, તો રોજ દોડ્યો, દોડ્યો આવશે.''

નોકર કંઈક-કંઈક સમજ્યો અને પાછો રસોડામાં ચાલ્યો ગયો.

મેં પછી કહ્યું - ''મને લાગે છે કે એક 'શૂટપીસ' ગિફ્ટ તરીકે આપું. તે મોટા અધિકારી છે, એટલે એમની પાસે તો બધું જ હશે છતાં પણ કંઈ ને કંઈક તો આપવું જ પડશે.''

પત્નીએ 'હા'માં ગરદન હલાવી.

હું એ જ સમયે બજારમાં જઈને 'શૂટપીસ' ખરીદી લાવવા ઈચ્છતો હતો, પરંતુ એમ વિચારીને અટકી ગયો કે, કાલે ખરીદીશું. કદાચ કોઈ જાતનો 'ઈમ્પોર્ટેડ પીસ' મળી જાય અને આપતી વખતે કહીશ કે નાનો ભાઈ ગયા અઠવાડિયે ઈંગ્લેન્ડથી આ 'શૂટપીસ' લાવ્યો હતો. આમે આજે તો આઠ વાગી ચૂક્યા છે.

મને મારી યોજનાઓ સાકાર થતી લાગી. મેં ખુશ થતાં આળસ મરડી, ત્યાં જ 'કોલબેલ' રણક્યો. હું સમજી ગયો કે એ જ હશે અને આવતાં જ 'યાર' કહી કહીને બોર કરશે. મેં નામ-મ્હોં મચકોડ્યું.

નોકર દરવાજો ખોલવા જવા લાગ્યો તો મેં કહ્યું - ''આટલી ઉતાવળથી કેમ જાય છે એને દસ-પાંચ મિનિટ આમ જ બહાર ઊભા રહેવા દે. ભાઈને ખબર પડે કે જબરજસ્તીથી મહેમાન બનવાથી શું દશા થાય છે ?''

નોકર ત્યાં જ ઊભો રહી ગયો.

કોલબેલ બીજી વાર રણક્યો. નોકરે જઈને દરવાજો ખોલ્યો અને જ્યારે એ પાછો આવ્યો, તો એના હાથમાં એક કાર્ડ હતું. એણે કાર્ડ મને આપ્યું.

મે કાર્ડ વાંચ્યું તો જાણે મારા શરીરમાંથી કરંટ પસાર થઈ ગયો. મારી નસો સખ્ત બની. મેં કાર્ડ ફરી વાંચ્યું, લખ્યું હતું, ''જે.કે. આચાર્ય, સંયુક્ત સચિવ, મહારાષ્ટ્ર સરકાર.''

મારા પગ તળેની જમીન જાણે સરકરવા લાગી. આચાર્ય સાહેબ, અહીં, મારા ઘરમાં.

ખીચડી ને ભાખરી, અથાણાંના છોડિયા
ડાળાં ને ગરમર ને છાશ ભર્યા છાલિયા
માથેથી ચીભડાંનું શાક
મોસાળે માણેલા વૈભવની યાદ
મને શૈશવના દિવસો, તું આપ.

ઘરની પછી તે એક માટીનો ચૂલો
ને પીંડો એક લોટ મામી બાંધે
મામી વણે ને મામા ભાખરીઓ ચોડવે
ને સાથે મળીને વાળુ રાંધે
ભાણિયા જમે એમાં કેટલાય બ્રાહ્મણને
પ્રેમે જમાડ્યાનું માપ !
મને શૈશવના દિવસો, તું આપ.

કઇ રીતે બે છેડા મેળવતા બેઉ
અને કેમ પૂરા કરતા' ઓરતા ?
એથી અજાણ અમે આનંદે ઊજવતા
હોળી દિવાળી ને નોરતા
કઇ રીતે ઘરના બજેટમાં એ લોકો
મૂકતા હશે એ ક્યાં કાપ ?
મને શૈશવના દિવસો, તું આપ.

મારું ને તારું એ સઘળું સહિયારું
અમે રમતાં' ભાંડરુ સંગાથે
મનડાંની શેરીમાં યાદ તણો સાદ
આજ પડઘાતો આંસુની સાથે
ઢળતી આ સાંજે હું ઝૂલું છું એકલો
સ્મરણોની સાથે ચૂપચાપ
મને શૈશવના દિવસો, તું આપ.

આજે એ સઘળાં જઇ ફોટોમાં બેઠાં
ને ફોટો ટીંગાઇ રહ્યો ભીંતે
આજે તો સઘળું છે પાસે પણ એવો એ
આનંદ ન આવે કોઇ રીતે
કેવી અમીટ છે એ વીતેલા દિવસોનાં
મધમીઠા સ્મરણોની છાપ
મને શૈશવના દિવસો, તું આપ

- તુષાર શુક્લ

કાર્ડ સારા હાથમાંથી સરકીને નીચે પડી ગયું. હવે કાર્ડ પ્રત્યે સૂગ ક્યાં હતી ?

હું ઝડપથી બહાર આવ્યો, પણ એમને જોતાં જ ત્યાં અટકી ગયો. મારા આખા શરીરે પરસેવો વળી ગયો. અરે, આ તો એ જ છે, તો શું, આ જ મિ. આચાર્ય છે ? હા, હા, બરાબર આચાર્ય જ છે. મારો કોલેજનો સહાધ્યાયી તો શું એ જ મારો બોસ...!

પરંતુ હું એમની સાથે આંખ મેળવી શકતો નહોતો. ફક્ત હું એમનો અવાજ જ સાંભળી રહ્યો હતો, ''યાર, મને ખબર છે કે, તું મારી જ રાહ જોઈ રહ્યો હોઈશ. શું હું મોડો તો નથી પડ્યો ને ? ખૂબ જ ઝડપથી આવ્યો છું, ક્યાંક ભાભી નારાજ ના થઈ જાય એ ડરથી. પહેલી વાર જ એમને મળું છું.

અવાજ સાંભળી મારી પત્ની પણ એના રૂમમાંથી બહાર આવી. ભોંય પર પડેલું કાર્ડ એણે ઉઠાવીને જોયું. તે બધું જ સમજી ગઈ. તે પણ ઝડપથી બહાર આવી.

હવે તો હું મારા મિત્રને ભેટી પડ્યો. પત્નીને કહ્યું - આ છે મારો દોસ્ત, જેના માટે મેં તને કહ્યું હતું અને જેને મળવા તું પણ ઈચ્છતી હતી.

પછી મેં આચાર્ય તરફ ફરતા કહ્યું, યાર, રાતના કલાકો સુધી તારી જ વાત કરતો રહ્યો. એ કોલેજના દિવસો... અહા... કેટલા મજાના દિવસો હતા...''

અને પછી પત્ની તરફ ફરતાં મેં કહ્યું - ''લે, મારો યાર આવી ગયો છે, જલ્દીથી સરસ ભોજન પીરસી દે. એવું જમાડજે કે રોજ આવે. પચ્ચીસ વર્ષ પછી મળ્યો છે.''

રસોડામાંથી દાળના વઘારની મજાની સુગંધ મારા નાકમાં ઘૂસી રહી હતી. મિત્ર મારા સામે જોઈને મલકાઈ રહ્યો હતો. હું પણ એના તરફ જોઈને હસવાનો પ્રયત્ન કરતાં, મારા માથા પરનો પરસેવો લૂછી રહ્યો હતો.

❖❖❖

# સમાચાર સંકલન

**શ્રી સમસ્ત લીંબડી સંઘવી કુટુંબ (મુંબઈ)**

ઉપરોક્ત કુટુંબના સુવર્ણ જ્યુબીલી વર્ષ નિમિત્તેનો એક સુપર-ડુપર પ્રોગ્રામનું આયોજન તા. ૧૯-૬-૨૨ રવિવારનાં રોજ રામવાડી ખાતે સાંજના ૪ થી ૧૦ વાગ્યા સુધીનું કરવામાં આવેલ. જેમાં અંદાજે ૩૦૦ વ્યક્તિઓએ લાભ લીધેલ.

પ્રમુખશ્રી ગીરીશભાઈ ભગવાનલાલ સંઘવીએ સહુકુટુંબીજનોને કોરોના બાદ સૌ પ્રથમ પ્રોગ્રામમાં ખૂબજ ઉષ્માભર્યો આવકાર આપ્યો. સૌ પ્રથમ કુટુંબના સ્વર્ગસ્થ વ્યક્તિઓને સૌએ ઉભા થઈ ભાવભરી શ્રદ્ધાંજલી આપી.

શ્રી ગીરીશભાઈએ જણાવ્યું કે ભલે રૂબરૂ પ્રોગ્રામ શક્ય ન હતાં પણ તે દરમિયાન કુટુંબના ૨૦૦ ઘરમાં જલેબી-ગાંઠીયા-ફરસાણનું સુંદર હેમ્પર મોકલવામાં આવેલ તેમજ મકરસંક્રાંતીનાં દિવસે જ ૨૦૦ ઘરને ચિક્કીનું સુંદર હેમ્પર મોકલવામાં આવેલ અને સર્વે કુટુંબીજનોએ ખૂબજ Appreciate કરેલ.

આ પ્રોગ્રામમાં પણ દરેક જણ ભાગ લઈ શકે તે માટે ફક્ત રૂા. ૧૦૦/- નો ચાર્જ રાખેલ (ખરેખર ખર્ચ વ્યક્તિદીઠ ૮૦૦/-)
તા. ૧૩-૧૪-૧૫ ઓગસ્ટ ૩ દિવસીય લોનાવલા ખાતેના પ્રોગ્રામ માટે વ્યક્તિદીઠ ફક્ત ૪૦૦૦/- રાખેલ છે. (ખરેખર ખર્ચ રૂા. ૬૦૦૦/-)

ઉપપ્રમુખશ્રી પંકજભાઈએ લોનાવલા ટ્રીપ માટે સ્પોન્સરશીપ જાહેર કરતાં દરેક કુટુંબીજનો તરફથી નીચે મુજબ પ્રતિસાદ મળ્યો.
૫૧૦૦૦ માતુશ્રી હીરાબેન સ્વરૂપચંદ પરિવાર (ઘાટકોપર) તથા માતુશ્રી શાંતાબેન ચંપકલાલ પરિવાર - બોરીવલી
૨૧૦૦૦ શ્રી વસંતલાલ નાનાલાલ પરિવાર (સાયન)
૨૧૦૦૦ માતુશ્રી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ ભગવાનલાલ (પાર્લા)
૨૧૦૦૦ માતુશ્રી પ્રભાબેન ત્રંબકલાલ પરિવાર (મલાડ)

અન્ય ૨૧ દાતાઓ તરફથી પણ ૫૦૦૦ રૂા. આપવામાં આવ્યા.

સર્વે કુટુંબીજનોનું ૪.૦૦ વાગ્યાથી આગમન શરૂ થઈ ગયું. ૪.૦૦ થી ૫.૦૦ હાઈટી-અફલાતુન નાસ્તો / ડીનર ૬.૦૦ થી ૭.૦૦ કુટુંબ મીટીંગ
૭.૦૦ થી ૯.૦૦ મનોરંજન કાર્યક્રમ બાદ ડીનર લઈ સહુ છુટા પડ્યા.

દરેક કુટુંબીજનોનાં મોઢામાં એકજ વાક્ય હતું કે આવો અફલાતુન પ્રોગ્રામ ઘણા વર્ષે માણવા મળ્યો.

આ પ્રોગ્રામને માટે મંત્રીશ્રી સમીરભાઈ-પ્રીતેષભાઈ-ટ્રેઝરર શ્રી સુધીરભાઈ તેમજ દક્ષેસભાઈએ પણ ઘણી જહેમત ઉઠાવેલ .

સૌ કુટુંબીજનો અંતમાં પ્રમુખશ્રી ગીરીશભાઈ તેમજ સંપૂર્ણ કારોબારીનો ખૂબ આભાર વ્યક્ત કરી છુટા પડયા.

## સંસ્થાના આજીવન સભ્યો (Life Members) ના મેમ્બરશીપ I Card સંબંધી

સંસ્થાના આજીવન સભ્યો (LM) ને જણાવવાનું કે જે સભ્યોના મેમ્બરશીપ I Card ન મળ્યા હોય અથવા અગાઉ ફોર્મ ભરવાનું રહી ગયું હોય તેમણે આ સાથેના ફોર્મમાં બધીજ વિગત અંગ્રેજીમાં ભરીને સંસ્થાના કાર્યાલયમાં મોકલી આપવું. ફોર્મ મળ્યા પછી અને અગાઉનો રેકોર્ડ ચેક કર્યા પછી જેમને કાર્ડ ન મળેલ હોય તેમને જ નવું કાર્ડ બનાવી આપવામાં આવશે.

ઉપરોક્ત મેમ્બરશીપ I Card સંસ્થાના દરેક કાર્યક્રમો માટે જરૂરી છે. તો જે આજીવન સભ્યો પાસે I Card ન હોય તેમણે ફોર્મ ભરીને તુરંત મોકલી આપવા વિનંતી.

કાર્ડ તૈયાર થયે આપને જાણ કરવામાં આવશે.

**માનદ્ મંત્રીશ્રી**
**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન હાયર એજ્યુકેશન લોન સંબંધી

વ્હાલા ઝાલાવાડી સભાના તેજસ્વી તારલાઓ, ઝાલાવાડી સભાની ઉપરોક્ત યોજના માંથી લોન મેળવી અને તમારી કુનેહ ખંત અને ધગશથી આપ આપના વર્તુળમાં મોભાદાર સ્થાન ધરાવતાં હશો અને આપના જેવા વિદ્યાર્થીઓની સફળ કારકીર્દી માટે આપણી સંસ્થા ગર્વ અને આનંદ અનુભવે છે.

ઝાલાવાડી સભા એટલે કે આપણા સમાજના ઉત્કર્ષ માટે કાર્ય કરતી સંસ્થા. સભા દર વર્ષે વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આર્થિક સહયોગ પ્રદાન કરે છે. આ રોટેશન વર્ષોથી ચાલ્યું આવે છે અને જે વિદ્યાર્થીઓએ લોન લીધી હોય તેજ વ્યક્તિ લોન સાથે બીજી રકમ ઝાલાવાડી સભાને બીજા વિદ્યાર્થીઓને સહાય માટે મોકલતા આવ્યા છે. જેથી આપની ફરજ બને છે કે આપશ્રી લોનની રકમ પરત મોકલી આપશો. જેથી સમાજના બીજા જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને સંસ્થા સહાયરૂપ થઈ શકે. સાથે આપનું એડ્રેસ-ફોન નંબર તથા Email ID જણાવવા વિનંતી

**કન્વીનર**
**મહેશભાઈ દોશી**

# SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA, MUMBAI

301, Bay View (East), 3rd Floor,
47, Dr. M.B. Welkar Street, (Kolbhat Lane), Chira Bazar, Mumbai - 400 002.
Phone : 7208472884, 7208481791 / 7208472744 Email : zalawadisabha@gmail.com

## FORM TO BE FILLED IN CAPITAL LETTERS ONLY

MEMBERSHIP NO : ______________________

NAME : ______________________

MIDDLE NAME : ______________________

SURNAME : ______________________

DATE OF BIRTH : ______________________

PROFESSION : ______________________

(CA/DOCTORS/ ENGINNER/ BUSINESS/OTHERS)

PHOTO

BUSINESS NAME : ______________________

BUSINESS ADD. : ______________________

OFF. TEL. NO. : ______________________

RESIDENCE ADD. : FLAT NO :____________FLOOR :____________

BUILDING NAME : ______________________

ROAD NAME : ______________________

LAND MARK : ______________________

SUBURB NAME : ____________ CITY ____________

(LIKE : GHATKOPAR (E) MALAD (W) / WALKESHWAR ETC.) (MUMBAI/THANE/BHAYANDER)

PIN CODE : ______________________

RESI. TEL. NO. : ____________(MOB.) : ____________

EMAIL ID : ______________________

MEMBER SIGNATURE : ______________________

**PLEASE ATTACHED AADHAR CARD ZEROX COPY WITH THIS FORM**

..............................Cut Here ..............................

Received Membership detail FORM from Mr./Mrs./Mast :______________________

Staying at : ____________ Mob. No. ____________

Collected at : ____________By : ____________

Receiver Signature : ______________________

**સં**ત હાય્યમીની અનેક કથાઓ અને વચનામૃતો યહૂદી સમાજમાં આજે પણ પ્રચલિત છે. તેમની નમ્રતા અપાર હતી. ''હું જુવાન હતો ત્યારે મનમાં એવું ધારેલું કે આખી દુનિયાને પ્રભુના માર્ગે વાળી લાવીશ. થોડા અનુભવ પછી લાગ્યું કે મારા ગામનાં લોકોને ઈશ્વરનિષ્ઠ બનાવું તો પણ મોટું કામ થાય. ઘણી મહેનત કર્યા પછી મને થયું કે પાડોશીઓને ધર્મનિષ્ઠ બનાવવા જોઈએ. તે કામ પણ હુ કરી શક્યો નહીં. વધારે વિચાર કરતાં ખ્યાલ આવ્યો કે હજુ તો મારે મારી જાતને જ સુધારવાનું કામ બાકી છે. તેથી બીજાને સુધારવાનું છોડીને છેલ્લાં ચાલીસ વરસથી મારી જાતને સંપૂર્ણ ઈશ્વરમય બનાવવાની કોશિશ કરી રહ્યો છું. હવે તો મરણનો સમય થઈ ગયો છે અને મારી જાતને સુધારવામાં બહુ સફળતા મળી નથી તેવું મને સતત લાગ્યા કરે છે.''

તેઓ વારંવાર એક સૂત્ર કહેતાં કે માણસ જે વાત ભૂલી જાય છે તે વાત ઈશ્વર હંમેશાં યાદ રાખે છે, અને માણસ જે વાત હંમેશાં યાદ રાખ્યા કરે તે વાત ઈશ્વર ભૂલી જાય છે. પોતાનાં હાથે થયેલી ભૂલ કે પાપ ભૂલી જાય તે ઈશ્વર બરાબર ખ્યાલમાં રાખે છે. પાપ કે અપકૃત્ય સતત યાદ રાખીને પસ્તાવો થયા કરે તો ઈશ્વર તેને ભૂલી જઈને માફ કરે છે. આપણા સત્કર્મો કે દાન-ધર્માદા યાદ રાખ્યા કરીએ તો ઈશ્વર તેની નોંધ લેતાં ભૂલી જાય છે. પણ 'નેકી કર ઔર કુવેમેં ડાલ'ની માફક આપણાં સારાં કામ આપણે ભૂલી જઈએ તો ઈશ્વર તેવાં કામો કરનારને હંમેશાં યાદ રાખે છે.

# તથાગત

**બુદ્ધ** આજ થોડા બેચેન લાગતા હતા. ખરેખર તો આજનો દિવસ એમને માટે પરમ આનંદનો દિવસ હતો. આજે અમને બોધિજ્ઞાન થયું હતું. સંસાર, જ્ઞાન, સત્ય અને મુક્તિનાં રહસ્ય આજે એમણે પકડી પાડ્યાં હતાં. તો પણ આજે એ વ્યથામાં ડૂબ્યા હતા. જેમને નિર્વાણની કેડી મળી ગઈ, જે વિષાદમાત્રના રહસ્યને ઘોળીને પી ગયા. એમને દુ:ખી થવું પડે એ તો આશ્ચર્યની અવધિ કહેવાય. પણ આ દુ:ખ વિશે એ દિવસે એમણે કોઈને કશી વાત ન કરી. અલબત્ત, એ વ્યથા લાંબી ચાલેલી પણ નહીં.

પોતાનામાં જાગેલી પ્રજ્ઞાનાં અજવાળાં એ પ્રશ્ન તરફ વાળતાં જ એમને જવાબ મળી ગયેલો. પણ એ તો પ્રજ્ઞાદીપ તરફ ધ્યાન ગયું ત્યારે.

એ પહેલાંની ક્ષણો એમણે જે ભયંકર વિષાદમાં વિતાવી એ તો એ પોતે જ જાણે.



આમ તો આ ઘટનાનો કોઈને ખ્યાલ પણ ના આવત. પણ વર્ષો પછી શિષ્ય આનંદે એક સંધ્યાએ પૂછેલું : 'દેવ, પ્રબુદ્ધ બન્યા પછી આપને કદી વિષાદે ઘેરેલા કે ?'

'હા આનંદ, બે-ચાર વખત એવું બનેલું. પણ જે દિવસે મને બોધિજ્ઞાન પ્રાપ્ત થયું તે દિવસની વેદના તો જુદી જ હતી.' 'બોધિજ્ઞાનને દિવસે વેદના ?'

'હા, મુક્તિની એ પાવન ઘડી પછી તરતની જ એ વેદના !'

'એવું તે શું થયેલું, ભન્તે ?'

'મને એમ થઈ આવ્યું કે જગતભરનાં ઝેરના મારમ જેવું બોધિજ્ઞાનનું જે અમૃત મને મળ્યું છે એ આ બળીઝળી માનવજાતને હું શી રીતે આપું ? ચૈતન્યનાં જે પુષ્પ મારામાં પાંગર્યા હતાં તેનો પમરાટ આખા જગતને આપવા માટે હું તલપાપડ થઈ ઊઠેલો. ને એ તાલાવેલી જ મારા દુ:ખનું કારણ બની ગઈ.'

'જરા વિસ્તૃત કરો, પ્રભુ !'

'મારામાં પ્રજ્ઞાનો દીવડો ઝળહળી ઊઠ્યો, એટલે મારી નજર સામે, અંધારે અથડાતી માનવજાત ઊભી થઈ. નર્કાગાર બની ગયેલા આ જગતના ચિત્કાર મારે કાને સંભળાવા લાગ્યા. મને થયું કે મને મળેલાં અજવાળાં જગતને શી રીતે આપું ?'

'એ તો સરળ બાબત હતી, પ્રભુ ! આપને જે જ્ઞાન મળ્યું એની વાત દુનિયાને સરળ શબ્દોમાં કહેવાની હતી. બોધિજ્ઞાન દ્વારા આપે જે નવજીવન પ્રાપ્ત કર્યું તેનો લોકોને ખ્યાલ આપવાનો હતો. બસ, લોકો તરત જ આપને અનુસરવા લાગત.'

'એ જ તો તકલીફ હતી, આનંદ ! સરળ શબ્દોમાં કહેવાયેલાં સત્યોનું મૂલ્ય સમજવા જેટલી સરળ માનવજાત છે જ નહીં. એના લાભને લગતી વાત સાંભળવા માટે પણ એ તૈયાર નથી. માટે જ તો આટલા બધા પ્રબુદ્ધ જનો આ ધરતી પર આવ્યાં છતાં જગતની આવી અવદશા છે.'

પ્રકાશ ગજ્જર

# વસંતની પ્રતિક્ષા



એક અનનૉન નંબર પરથી ફોન આવ્યો. ગભરામણ, ચિંતા અને ડરથી ધ્રૂજી રહેલા અવાજમાં તેમણે મને કહ્યું, 'સર, ઈમર્જન્સી છે. બે મિનિટ વાત થશે ?. સાવ જ અપરિચિત વ્યક્તિના અવાજમાં રહેલી એ વેદના મને બહુ પરિચિત લાગી. મેં કહ્યું, 'અફકોર્સ' તેમણે કહ્યું, 'હું વડોદરાથી એક મમ્મી બોલું છું. મારો દીકરો અત્યારે જયપુરમાં એન્જિનિયરિંગ ભણે છે. છેલ્લા ઘણા સમયથી એ બીમાર રહે છે. એનું શારીરિક સ્વાસ્થ્ય સારું નથી રહેતું. અત્યારે અચાનક એનો મેસેજ આવ્યો કે...'=

આ સાંભળીને મારું હૃદય એક ધબકારો ચૂકી ગયું. એમણે લીધેલા નાનકડા પોઝમાં મેં મનોમન પ્રાર્થના કરી લીધી કે આ સુસાઈડ નોટ ન હોય તો સારું.

+'અત્યારે અચાનક એનો મેસેજ આવ્યો કે જીવવાની મજા નથી આવતી. મારે આવું જીવન નથી જીવવું.' જયપુર રહેલા દીકરાએ કરેલો આખો મેસેજ તેમણે મને ફોન પર રડતા રડતા વાચી સંભળાવ્યો. એ મેસેજ નિરાશા અને હતાશાથી છલોછલ હતો. ડાઉટ અને ડિપ્રેશનથી ભરપૂર હતો. એક રીતે એ મેસેજ, જિંદગીની લડાઈમાં સંઘર્ષો સામે હથિયાર હેઠા મૂકી દીધાની કબૂલાત હતી. જીવનમાંથી સ્વૈચ્છિક રાજીનામું આપી દેવાની એક ગર્ભિત, ગંદી અને ડરામણી બદબો આવતી'તી એ મેસેજમાંથી.

એ મેસેજ પૂરો વાચીને તેમણે મને કહ્યું, 'એ મારાથી સાતસો કિલોમીટર દૂર છે. મને ડર છે કે એ ક્યાંક...' એમનું વાક્ય અધૂરું રહ્યું. બહુ જ પ્રામાણિકતાથી કહું છું કે બે સેકન્ડ માટે મારી સામે આયેશાનું પુનરાવર્તન થતું હોય એવું લાગ્યું.

આવા સમયે શું કરી શકીએ આપણે ? અચાનક કોઈ હાઈ-રાઈઝ બિલ્ડિંગ, રીવર-ફ્રન્ટ કે દરિયાકિનારે જઈને આપણું બાળક અચાનક મેસેજ કરે કે 'જીવવાની મજા નથી આવતી', ત્યારે શું કરી શકીએ આપણે ? અને ખાસ કરીને ત્યારે, જ્યારે આપણું બાળક આપણાથી જોજનો દૂર હોય.

સાચું કહું તો થોડીવાર માટે હું બ્લેન્ક થઈ ગયેલો. મને સમજાતું નહોતું કે મારે તેમને શું કહેવું. મેં એમને કહ્યું કે 'એને તાત્કાલિક તમારી પાસે બોલાવી લો. અથવા વિધાઉટ એની ડીલે, તમે ત્યાં પહોંચી જાવ. એને એકલો ન રહેવા દો. એના મિત્ર સાથે વાત કરો.' પણ એ સમયે મારા મોઢામાંથી નીકળેલું એક વાક્ય તેમણે બરાબર પકડી લીધું. મેં કહેલું, 'તમારી પૂરી ઈમોશનલ એનર્જી ખર્ચીને, તમે પણ એને એક મેસેજ કરો. તમે એક મમ્મી છો. અને મમ્મી તરફનો ભાવનાત્મક લગાવ મૃત્યુના બળ કરતાં અનેકગણો વધારે મજબૂત હોય છે.'=

એ પછી એમણે એક મેસેજ ડ્રાફ્ટ કર્યો. એ મેસેજ વાચ્યા પછી નેક્સ્ટ અવેલેબલ ફ્લાઈટ પકડી એમનો દીકરો વડોદરા પહોંચી ગયો. એરપોર્ટ પર ઊભેલા મમ્મી-પપ્પાને જોઈને એના ચહેરા પર સ્માઈલ હતું. એ દોડીને એમને વળગી પડ્યો.

એની મમ્મીએ કરેલો એ મેસેજ તમારી સાથે શેર કરું છું, જેથી આ લાઈફ-સેવિંગ મેસેજ મેક્સીમમ મમ્મીઓ અને બાળકો સુધી પહોંચી શકે.

OOO

પ્રિય દીકરા,

દરેક લાઈન ધ્યાનથી વાંચજે અને સમજવાનો પ્રયત્ન કરજે. તું એટલો ઈન્ટેલિજન્ટ અને મેચ્યોર તો છે જ કે આ મેસેજ યોગ્ય રીતે સમજી શકે.

પાનખરમાં ખરી પડતા પાંદડાને જોઈને, કોઈ વૃક્ષ નિરાશ નથી થઈ જતું. ડિપ્રેશનમાં આવ્યા વગર એ જ જગ્યાએ ઊભા રહીને, તે સમય પસાર થવાની પ્રતીક્ષા કરે છે. પોતાનો ખરાબ સમય ચાલે છે એ જાણવા છતાં પણ પૂરી ધીરજ અને શ્રદ્ધાથી વૃક્ષો વસંતની રાહ જુએ છે. કારણકે એમને કુદરત અને ઋતુ પર વિશ્વાસ હોય છે. સમયની ગતિ પર ભરોસો હોય છે. અડીખમ ઊભા રહીને પાનખરનો સામનો કરવાની તેમની હિંમત જ તેમને વસંત સુધી પહોંચાડે છે. સમયનું ચક્ર ફરે છે અને તેઓ ફરી એકવાર લીલાછમ થઈ જાય છે. સુક્કી અને મૃતઃપ્રાય થઈ ગયેલી ડાળખીમાં કુંપળો ફૂટે છે, નવા પર્ણો આવે છે, ફૂલો ઉગે છે.

વસંતને લાવવા માટે વૃક્ષો કોઈની સાથે જંગ નથી લડતા. બસ, બદલાઈ રહેલી ઋતુઓ અને મોસમના મિજાજનો સ્વીકાર કરે છે. તેઓ આત્મહત્યા નહીં, સમર્પણ કરે છે.

તો મારા વહાલા દીકરા, તને જ્યારે એવું લાગે કે તારા આત્માનો એક ટુકડો દરરોજ મૃત્યુ પામી રહ્યો છે, ત્યારે વસંતની પ્રતીક્ષા કરજે. એન્ડ બિલિવ મી, નક્કી કોઈ ચમત્કાર થશે. તારી અંદર કશુંક દિવ્ય, નવ્ય અને ભવ્ય અંકુરિત થશે.

તું કહે છે કે જિંદગીમાં આગળ જઈને તું શું કરીશ ? અથવા તો કશું કરી શકીશ કે નહીં ? એ વિશે તને શંકા છે. તો માય ડિયર

સન, **Even at this age** મને અને તારા પપ્પાને પણ એ નથી સમજાયું કે અત્યાર સુધીના જીવનમાં અમે શું કર્યું, શું કરી રહ્યા છીએ અને ભવિષ્યમાં શું કરશું ? જીવન એ કોઈ કોંક્રીટ રોડ કે એક્સપ્રેસ હાઈ-વે નથી જેમાં વડોદરાથી જયપુર સુધીના કિલોમીટર્સ અને ડાયરેક્શન નિર્ધારિત કરેલા હોય. જીવન આવું જ છે બેટા. અચોક્કસ, અણધાર્યું, અનિયમિત. અહિયા કશું જ પૂર્વ-નિર્ધારિત નથી હોતું. આવનારી પ્રત્યેક ક્ષણ **Unpredictable** હોય છે.

મારે તને એટલું જ કહેવું છે કે કુદરતે આપેલી જિંદગી પૂરી કરજે. ટ્રેઈનમાંથી ઉતરી જવાની ઉતાવળ ન કરતો. જીવનના દરેક સ્ટેશન પર 'ફેરિયાઓ' અલગ અલગ પરિસ્થિતિઓ ઑફર કરશે. દરેક સંજોગોનો સ્વાદ ચાખી લેજે. મન ભરીને આ મુસાફરી માણી લેજે. કોઈ સ્ટેશન કાયમી નથી. કોઈ સ્વાદ પરમેનન્ટ નથી.

**Its okay.. not to feel okay.** પણ હતાશા કે ડિપ્રેશનની એ લાગણીને કાયમી સમજી લેવાની ભૂલ ન કરતો. કોઈ સ્ટેશન પર ટ્રેઈન લાંબો સમય રોકાતી નથી, માટે અકાળે જંપ મારીને ઊતરી ન જતો. તારે હજી બહુ લાંબો રસ્તો કાપવાનો છે. જિંદગીની ગાડી ખોટવાઈ જાય, તો એને રિપેર કરવાની હોય. છોડી ન દેવાની હોય.

એક કામ કર. તારી આસપાસ ફૂટપાથ પર રહીને જીવતાં બાળકોને ઓબ્ઝર્વ કરજે. ન ઘર, ન પૈસો. કશું જ ન હોવા છતાં, જે આનંદ અને મસ્તીથી તેઓ રમતાં હોય છે એને ધ્યાનથી નિહાળજે. કેટલાય ટંક એમને ખાવાનું નથી મળતું, પીવા માટે શુદ્ધ પાણી નથી મળતું. ન પગમાં પહેરવા ચપ્પલ મળે છે, ન પહેરવા માટે કપડા. અને છતાં તેઓ આનંદથી જીવતાં હોય છે. એકબીજાની મસ્તી કરતાં હોય છે. હસતાં હોય છે. ખુશ રહેતાં હોય છે. આપણી પાસે બધું જ હોવા છતાં પણ આપણને તેમની ઈર્ષા થાય છે કારણકે ઈશ્વરે જેટલું આપ્યું છે, એટલામાં ખુશ રહેતા તેમને આવડે છે.

તારી જાતને એમની સાથે કમ્પેર કરજે. ઈશ્વરનો આભાર માનવા માટે, તને અસંખ્ય અને અઢળક કારણો જડી આવશે. છેલ્લે એટલું જ કહીશ કે જીવનમાં હંમેશાં ઈશ્વર તરફથી મળેલા આશીર્વાદ ગણજે. તકલીફો, ફરિયાદો કે અભાવો ગણવા બેસીશ તો દરેક ક્ષણે જીવન નકામું લાગશે. બસ, જીવનને નિહાળવાના તારા ચશ્માં બદલી લે. પછી જો, આખી દુનિયા ચમત્કાર લાગશે.

**Love you a lot. Take care.** આશા રાખું છું કે હવે જ્યારે આપણે મળીએ ત્યારે તારા ચહેરા પર ઉદાસી નહીં, સ્માઈલ હોય.

ooo

અત્યારે એ દીકરો એનાં મમ્મી-પપ્પા સાથે છે. ડિપ્રેશનમાંથી રિકવર થઈ રહ્યો છે. જિંદગીને વહાલ કરવાનું શીખી રહ્યો છે. દરેક બાળક માટે સૌથી મોટા ફિલોસોફર, કાઉન્સેલર કે મનોચિકિત્સક એના ઘરમાં જ રહેલા હોય છે, અને એ હોય છે એનાં મમ્મી-પપ્પા.

-ડૉ. નિમિત્ત ઓઝા



## કુંવારી યાદો


દેરાણી-જેઠાણીનાં ઘર જુદાં પણ પાછળ વાડો, આગળની તરફ ચૉક એ બધું એક જ. વચમાં દાદા-દાદીના રૂમ એટલે એક પરિવાર જેવું લાગે, સહુ પ્રેમથી રહે. મોટાને ત્યાં કોઈ સંતાન નહીં. વર્ષો પછી નાનાને ત્યાં દીકરી આવી. બન્ને પરિવાર વચ્ચે એકમાત્ર સંતાન. છએ માવતરનો સ્નેહ એના ઉપર તરબતર.

સ્નેહા સહુને ભીંજવતી કે સર્વે માવતરના સ્નેહના કારણે સ્નેહા ભીંજાતી એ કળવું ચિત્રલેખા માટે પણ દોહ્યલું ! લાડે-કોડે ઊછરેલી દીકરી ભણી-ગણીને હવે એના હાથ પીળા કરવાનો અવસર આંગણે મંડાયો.

પપ્પા ને મોટા પપ્પાના ખોળે ઊછરેલી દીકરીની વિદાય... મોટી મમ્મી ને મમ્મીના પાલવડાની કોર, વિદાયની ઘડી આવી... સહુની આંખોમાં શ્રાવણિયા ધામા. કંકુથાપા પિતૃગૃહે કર્યા બાદ મમ્મી ભારે હૈયે બોલી, 'બેટી.... મોટી મમ્મીના ઘરે પણ કંકુ થાપા...'

'ના... મારે ત્યાં નહીં.' આવું સાંભળતાં હાજર સહુ સડક થઈ ગયાં. ત્યાં તો મોટા પપ્પા ને મોટી મમ્મીથી ડૂસકું ભરાઈ ગયું. હાજર સહુની નજરો કશું કળે તે પહેલાં તો મોટી મમ્મી સજળ આંખે બોલી ઊઠી, 'દીકરી તમે પરણાવી... અમે તો અકબંધ રાખવા માગીએ છીએ એની કુંવારી યાદો !'

- ગિરા પિનાકીન ભટ્ટ




RISING SUN ELECTRIC

**BENEFITS OF SOLAR WITH RISING SUN ELECTRIC :-**

1) Government Subsidy Available for Residential and Society Projects.
2) 15 ~ 30 % Tax Depreciation for Business owners.
3) No maintenance, Free Power & 25 Years Solar Panel Warranty.

www.risingsunelect.com

CONTACT :- SAHIL DOSHI - **7021213467**

Address :- D2, Vijaykar Wadi, Kumar Compound, Chincholi Phatak, SV Road, Malad (W), Mumbai.

(Advt.)



## Serving Dairy Industries & Food Industries

**Since Last 4 Decades**

**Available Following Regularly at lowest rates :**

• Soyabean Lecithin Liquid • BHA, TBHQ, BHT (antioxidants) • GMS-Powder & Flakes • CITRIC ACID Monohydrate • Beeswax, Carnauba Wax, Parafin Wax • Orange Oil • Caustic Soda Flakes • FOSS • Vanillin, Ethyl Vanillin • SORBIC ACID, Pot, Sorbate • Maltodextrine, Liquid Glucose • Pot Carbonate, Glycerien • Sucralose, Fos, Aspartame • Pot Carbonate Granular • Sodium Citrate

**CONTACT : VR CHEMICALS**

The Lecithin People

**Plot No. 112, Block No. 3,
Shanti Sadan,
Ground Floor, Sion (W),
Mumbai - 400 022 (INDIA)
Tel. : 66662880**

The Lecithin People

**• Fax : 0091-22-2409 1500**

**• E-mail : vrchemicals22@yahoo.co.in**

(Advt.)


## શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા – મુંબઈ

**માસિક પત્રિકા**

**આપની જાહેરખબર, બાયો-ડેટા શ્રદ્ધાંજલિ વગેરે દર મહિનાની ૨૦ તારીખ પહેલા સભાની ઓફિસમાં મોકલી આપો.**

| | | |
|---|---|---|
| ૧. | છેલ્લું કવર પેજ (Four Colour Printing)<br>૧૮૦ મિ.મી. x ૨૦૫ મિ.મી | રૂા.૧૦૫૦૦/- |
| ૨. | કોઈપણ કલર પેજ (Four Colour Printing )<br>૧૮૦ મિ.મી X ૨૪૨ મિ. મી. | રૂા. ૮૪૦૦/- |
| ૩. | આખું પાનું ૨૧X૧૭ સેન્ટિમીટર<br>(Black & White Printing) | રૂા. ૪૩૦૫/- |
| ૪. | અર્ધું પાનું (ઊભી સાઈઝ)<br>૨૧X૮ સે. મી. (Black & White Printing) | રૂા. ૨૨૦૫/- |
| ૫. | ૫ા પાનું (Black & White Printing)<br>૧૦.૫ (H) x૮ (L) સે. મી. | રૂા. ૧૧૫૫/- |
| ૬. | પેનલ (Black & White Printing)<br>૬x૫ સે.મી. | રૂા. ૬૩૦/- |

**(Inclusive of GST)**

**Please send Artwork in JPEG Format Only**

પત્ઝીર નામના સૂફી સંતના પ્રવચનથી પ્રભાવિત થયેલા શ્રોતાએ કહ્યું, ''બલ્ખના મહાસંત ઈનાબીની નામના સાંભળીને હું ત્યાં ગયો હતો, પણ તેમની પાસે બહુ ઓછા શિષ્યો છે. ઈનાબી ભાગ્યે જ બોલે છે, મહિનાઓ સુધી મૌન પાળે છે અને બહુ થોડા લોકોને મળે છે. આપનું વેધક અને વિદ્વત્તાપૂર્વક પ્રવચન સાંભળ્યું અને આપનું મોટું શ્રોતાવૃંદ પણ જોયું તેથી મેં હવે આપના શિષ્ય થવાનું ઠરાવ્યું છે.''

અન્ય શ્રોતાઓએ આ વાત વધાવી લીધી અને પત્ઝીરનાં વખાણ જોરશોરથી કરવા લાગ્યા. પણ પત્ઝીરે કહ્યું કે ''આ ભાઈએ બહુ મહત્ત્વની વાત કરી છે અને તેથી તે બાબતમાં મારે થોડું કહેવું છે. મહાગુરુ ઈનાબીની તહેનાતમાં બહુ ઓછા માણસો છે, કારણ કે ઘેટાંનાં વાડામાં ઘેટાંની સંખ્યા મોટી હોય છે, પણ સિંહની કોતરમાં સિંહોની સંખ્યા હંમેશા ઓછી જોવા મળે છે. ઈનાબીની નામના ચાલીસ વરસથી જામેલી છે. આ સમય દરમિયાન સનસનાટી શોધી રહેલાં અને ચોતરફ રખડી રહેલાં લોકો તેમની પાસે જઈ ચૂક્યા છે. ઈનાબી ગુરુ છે, મનોરંજન કરનાર નાટકિયો નથી. શિક્ષણ આપે છે, શબ્દખેલ કરતાં નથી તેવી જાણકારી મેળવીને આવા લોકો તેમને છોડી ગયા છે. હું કેવળ બાર વરસથી બેઠો છું તેથી આવા લોકો હજુ મને છોડી ગયા નથી. મોટું શ્રોતાવૃંદ ગાયક માટે જરૂરી છે, પણ ગુરુને ચકાસવાનું માપ નથી. ઈનાબી બધું બોલી ચૂક્યા છે અને પોતાની વાત દોહરાવવા ઈચ્છતા નથી. મારે હજુ કહેવાનું બાકી રહ્યું છે તેથી મારે પ્રવચનો કરવાં પડે છે. ઈનાબીના



તહેનાતદારો એવા દરજ્જાના લોકો છે કે જે મૌનની ભાષા સમજે છે. મારી પાસે બેસનાર લોકો હજુ શબ્દના માધ્યમથી ઉપર પહોંચ્યા નથી. તમારે કયાં રહેવું, જવું તે તમારે ઠરાવવું જોઈએ. પણ તમે કારણો આપ્યાં છે તે બરાબર નથી. મૌન, શબ્દ કરતાં વધારે ગહન છે.''

જ્ઞાનની શોધમાં ઠેરઠેર ફર્યા પછી નિરાશ થયેલા સનક-સનકાદિક મુનિઓએ બ્રહ્મજ્ઞાન આપવા પ્રગટ થયેલા ગુરુ દક્ષિણામૂર્તિ માટે પણ કહેવાયું છે :

''ગુરોસ્તુ મૌનવ્યાખ્યાનમ્.''

**નગીનદાસ સંઘવી**

## હાજરજવાબ



એક ભોજન સમારંભમાં અંગ્રેજોનાં વખાણ કરતાં એક અંગ્રેજે કહ્યું, 'ઈશ્વર અમને અંગ્રેજોને ખૂબ જ ચાહે છે. એમણે અમારું નિર્માણ ખૂબ જ મહેનત અને પ્રેમથી કર્યું છે. એ કારણે જ અમે ગોરા અને સુંદર છીએ.'

એ સમારંભમાં ડૉ. રાધાકૃષ્ણન પણ ઉપસ્થિત હતા. એમને આ વાત ન ગમી. એટલે એમણે હાજર રહેલા મિત્રોને એક મજાકનો પ્રસંગ કહ્યો.

'દોસ્તો, એકવાર ઈશ્વરને રોટલી બનાવવાનું મન થયું. એમણે જે પહેલી રોટલી બનાવી તે જરા ઓછી શેકાઈ. પરિણામે અંગ્રેજોનો જન્મ થયો. બીજી રોટલી કાચી ન રહે તેથી ભગવાને એને વધુ વાર શેકી અને તે બળી ગઈ. એમાંથી નિગ્રો લોકો પેદા થયા. પણ આ વખતે ભગવાન સચેત બની ગયા. તે ધ્યાનથી રોટલી શેકવા લાગ્યા. આ વખતે જે રોટલી શેકાઈ તે ન તો વધુ કાચી હતી કે ન વધુ શેકાયેલી. બરાબર શેકાયેલી હતી અને એના પરિણામ સ્વરૂપ અમે ભારતીયોનો જન્મ થયો. આ પ્રસંગ સાંભળી પેલા અંગ્રેજનું માથું શરમથી ઝૂકી ગયું અને બાકીનાનાં તો હસીહસીને પેટ દુખ્યાં.'

## વાચકોની વિચારગોઠડી

**પ્રિય સંધ્યાબેન**

**પ્રણામ સાથે જય જિનેન્દ્ર**

"Durlabh ratana..."Vinoba Bhave.. you have received award for that. I personally congratulate you. It is a great achievement of your life and it's a proud of zalavad and entire Gujarati community. You deserve it. Your efforts, writing work, contribution, study, collection, and long life you have spent on it has been awarded. With the "Blessings from God, Parents, moral support of your husband and cooperation from the family members is also important. Short story and collection of various articles in every month in our Patrika.....all credit goes to you and you only. Once again from the bottom of my heart I congrats you. Keep it up until you add one more feather of success in your life.

With regards and blessings.

**Kishore kamdar**

## નવા વાર્ષિક સભ્યપદના લવાજમ માટે

જો તમારી પાસે વાર્ષિક રીન્યુઅલ સભ્યપદ (YM) હોય, તો કૃપા કરીને નીચેનો સંદેશ ધ્યાનથી વાંચો અને શક્ય તેટલી વહેલી તકે તમારું વાર્ષિક લવાજમ ભરો .

- તમારે તમારી મેમ્બરશિપ ૨ વર્ષ માટે એટલે કે ૩૧મી માર્ચ ૨૦૨૪ સુધી, રૂપિયા ૭૦૦/- લવાજમના ભરવાના રહેશે.
- ચુકવણી RTGS / NEFT અથવા ચુકવણીની કોઈપણ પદ્ધતિ દ્વારા કરી શકો છો.
- એકવાર પેમેન્ટ થઈ જાય પછી ગૂગલ ફોર્મ ભરો. (લિંક નીચે છે)
- તમારી રસીદનો ફોટો લો અથવા તમારી રસીદ સ્કેન કરો. (પૈસાની રસીદ જે તમે સભ્યપદ માટે ચૂકવી છે )
- જો ફોર્મ ભરાયેલું નથી અથવા અડધું ભરેલું છે, તો સભ્યપદ નંબર સક્રિય કરવામાં આવશે નહીં.
- RTGS / NEFT અથવા ચુકવણીની કોઈપણ પદ્ધતિ ની વિગતો નો ફોટોગ્રાફ અથવા તેને સ્કેન કરીને google ફોર્મમાં મુકવો જોઈએ, તે ખૂબ જ મહત્વપૂર્ણ અને જરૂરી છે.
- તમારું ફોર્મ પ્રાપ્ત કર્યા પછી, ઝાલાવાડી સભાને તમારી અરજી સ્વીકારવાનો કે નકારવાનો અધિકાર છે.
- ગૂગલ ફોર્મ માટે લિંક
  https://docs.google.com/forms/d/e/1FAIpQLSd_w_f3UFwihjcBXgNiRSlHh_1hO2LZzOubzM8IGeZ_26trQ/viewform?usp=sf_link

**Bank Details are as under**

Beneficiary Name :
Shree Zalawadi Sthanakwasi Jain Sabha.
Beneficiary IFSC Code :- BKID0000024
Beneficiary Account Number:- 002410100027896
Bank Name: Bank Of India

**કોઈપણ જાણકારી માટે કૃપા કરીને સંપર્ક કરો**

નીરવભાઈ શાહ : ૯૮૧૯૦૧૨૪૬૮
આશાબેન પટેલ : ૯૮૧૯૯૫૬૫૨૯


# BIO-DATA



**PERSONAL DETAILS**

| | |
|---|---|
| **Name** | : **HONEY HARESHKUMAR VASANI** |
| **Date of Birth** | : 17 February 2000 |
| **Birth Place** | : Surendranagar, Gujarat |
| **Birth Time** | : 3.00 P.M |
| **Height** | : 5'0 |
| **Native Place** | : Khas |
| **Religion** | : Zalawadi Visha Shrimali Sthanakwasi Jain |
| Hobbies | : Travelling, Playing Sports, Listening songs... |
| Email ID | : vasanihoney2000@gmail.com |
| Education | : Master's in Microbiology (pursuing) Nirma University |
| | : Bachelor's in Microbiology (Gold Medalist) |

**PATERNAL FAMILY**

| | |
|---|---|
| Grand Father | : Late Shri Pranlal Amarchand Vasani |
| Grand Mother | : Late Smt. Lilavantiben Pranlal Vasani |
| Father | : Hareshkumar Pranlal Vasani (8780338635) |
| Mother | : Parulben Hareshkumar Vasani |
| Elder Brother | : Nil Hareshkumar Vasani (Married) (9998712434) |
| Uncles | : Arvindkumar Pranlal Vasani<br>Chetankumar Pranlal Vasani<br>Milankumar Pranlal Vasani<br>Alpeshkumar Pranlal Vasani |
| Faiba | : Renukaben Kamleshkumar Doshi<br>Pritiben Girishkumar Salot<br>Ritaben Urvishkumar Shah |
| Family Business | : (1) Alpesh Saree Center<br>(2) Suhagan Silk Palace<br>(3) Lilapan Silk Palace<br>(4) Aishwarya Showroom |
| Business Address | : Vitthal Press Road, Surendranagar |
| Residentaial Add | : Behind Bharat Jain Vadi, Jintan Road, Surendranagar |

**MATERNAL FAMILY**

| | |
|---|---|
| Nana | : Late Shri Vinodrai Kantilal Sanghvi (Dhrangadhra)<br>(Kantilal Hargovind Surchand Sanghvi) |
| Nani | : Smt. Sarojben Vinodrai Sanghvi |

(Advt.)

શ્રી ભોમિયા દાદાય નમ:

## પ્રથમ માસિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ

જન્મ
૧૫-૧૧-૧૯૩૯



અરિહંતશરણ
૨૧-૦૫-૨૦૨૨

## સ્વ. ઈંદિરાબેન પ્રવિણભાઈ શેઠ

**લીંબડી નિવાસી, હાલ - મલાડ, મુંબઈ**

*''છોડી અમ સાથ તમે વસ્યા પ્રભુની પાસ,*
*નથી હયાત તમો પણ છો અમારી સાથ*
*એવો રહે છે ભાસ સદા''*

જેમની આંખો માં હતો અમી ભર્યો આવકાર, સ્મિતમાં હતો સ્નેહભર્યો સત્કાર, અંતરમાં હતો આશીર્વાદનો અખૂટ ભંડાર, મૌન હતી જેમની તાકત, વાત્સલ્ય, વ્હાલ અને પ્રેમ ના તોલે ના તોલાય એવી માવડીને અમારા સતસત પ્રણામ
પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને મોક્ષમાર્ગી બનાવે એજ અભ્યર્થના...!!

**આપના ભવોભવના ઋણી**

પુત્ર-પુત્રવધૂ : અરિહંત-ડિમ્પલ
પુત્રી-જમાઈ : ચારૂબેન પ્રશાંતભાઈ દોશી
પૂર્વીબેન ભરતભાઈ ગોસલિયા
જુલીબેન શૈલેશભાઈ શાહ
નિકિતાબેન નિલેશભાઈ શાહ
કૃતિબેન પારસભાઈ ગાંધી
દિયર-નણંદ : સ્વ. કિશોરભાઈ, સ્વ. અરવિંદભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ
જયવંતભાઈ, અશોકભાઈ, સ્વ. સરલાબેન
ભત્રીજી-ભત્રીજીજમાઈ : રેનાબેન સંજયભાઈ શાહ
જલ્પાબેન મિલનભાઈ ગાંધી
દિપાલીબેન તુષારભાઈ ગાઠાણી
ભત્રીજા-ભત્રીજાવધૂ : કેતન - દિપ્તી
સ્વ. ભાવેન - રચયિતા
કાર્તિક - શ્વેતા
પૌત્રો : ધાર્મિક - કુશલ
પિયર : સ્વ. કાંતાબેન નગીનદાસ દોશી પરિવાર

**તથા સમસ્ત જય ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ અને**
**એન.પી. ખાખરા માર્ટ સ્વીટ એન્ડ ફરસાણ સ્ટાફના જય જીનેન્દ્ર**

(Advt.)

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar,**
**Mumbai - 400 002.**
**7208472884 • 7208481791**
**7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.250/ without Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.350/ With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-B) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18%

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST

**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 x 199 mm)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 x 234 mm)

**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-

**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-

**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

FOR 1 YEARS RS.400 + 72 = 472/-

**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-

(3) **SANATORIUM BOOKING** NO GST UPTO ROOM CHARGES RS.1000/- PER DAY ABOVE RS 1000 ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST Rs.1000+180=1180

(Advt.)

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. પ્રતાપરાય જેચંદભાઈ શાહ

**જન્મ : ૧૩-૮-૧૯૩૪**

**અરિહંતશરણ : ૨૭-૭-૨૦૨૧**

**(રાજચરાડી નિવાસી, હાલ મલાડ)**

પપ્પા એટલે ત્યાગ, સમર્પણ, ગુરુ, શિક્ષક, દીવાદાંડી જેવા માર્ગદર્શક આપનારા, સ્નેહપૂર્વક વ્યવહારથી સતત કુટુંબને તાપ વેઠી ને છાંયડો આપનારા, સદા પ્રયત્નશીલ રહેતા ખુબ જ સનિષ્ઠ કર્તવ્યનિષ્ઠ નિસ્વાર્થ સેવાભાવી. તમારા મળતાવડા સ્વભાવના અમને સાંભળશે તમારા સંભારણા

આપનો પુણ્યશાળી આત્માને વીતરાગી દેવ-ગુરુ અને ધર્મનું શરણું મેળવી શાશ્વત સુખ મેળવે એવી અમારા બધા કુટુંબીજનોની શુભ ભાવના છે.

**ૐ આપના જન્મોજન્મના ઋણી ૐ**

| | | |
|---|---|---|
| માતા-પિતા | : | સ્વ. ચંપાબેન જેચંદભાઈ સાંકળચંદ શાહ |
| ધર્મપત્ની | : | પ્રભાવતીબેન પ્રતાપરાય શાહ |
| પુત્ર-પુત્રવધૂ | : | કેતનભાઈ - આરતીબેન |
| પૌત્ર | : | રોનક |
| પુત્રી-જમાઈ | : | બીનીતા વિપુલકુમાર સંઘવી<br>વિમ્પલ જયેશકુમાર મહેતા |
| દોહિત્રી-જમાઈ | : | રુચિ ગૌરવકુમાર મહેતા |
| દોહિત્ર | : | કૈવન, કૌમિલ, કુશલ |
| સાસુ-સસરા | : | સ્વ. સવિતાબેન ધીરજલાલ ગોસલીયા |

**સમસ્ત પરિવારજનો ના જય જિનેન્દ્ર**

(Advt.)

# પ્રથમ માસિક પુણ્યતિથિએ ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ



## સ્વ. નીરંજન રમણીકલાલ શાહ (માથકીઆ)

**જન્મ : ૨૮-૦૩-૧૯૫૧**

**અરિહંતશરણ : ૧૯-૫-૨૦૨૨**

**સ્વ. હીરાબેન રમણીકલાલ શાહના પુત્ર**

(ધાંગધ્રા નિવાસી નંદરબારવાળા) હાલ - બોરીવલી (વેસ્ટ)

*ખીલી હતી વસંત, ત્યાં પાનખર છવાઈ ગઈ*
*હસીને હસાવનારા, સૌને રડાવીને ચાલ્યા ગયા*
*પાંપણના પલકારે પંખીની જેમ ઉડી ગયા*
*ભૂલી શકાય નહિ એવી યાદોના સ્મરણ, હંમેશ માટે છોડી ગયા*
*તમારો દિવ્યઆત્મા જ્યાં હોય ત્યાં પરમસુખ પામે*
*એવી પ્રભુને પ્રાર્થના*

**શોકાતુર સ્વજનો**

| | |
|---|---|
| માતા-પિતા | : સ્વ. હીરાબેન રમણીકલાલ શાહ |
| પત્ની | : કલ્પના નિરંજન શાહ |
| પુત્ર | : પથીક નીરંજન શાહ |
| દીકરી જમાઈ | : રીંકુ જયેશકુમાર નીકમ |
| ભાઈ-ભાભી | : જીતેન્દ્ર-કુમુદબેન જૈન |
| બેન-બનેવી | : ઈન્દુબેન નગીનદાસ ગોપાણી<br>વિણાબેન મનસુખલાલ વોરા<br>હંસાબેન સુરેન્દ્રકુમાર દોશી<br>જ્યોતીબેન નલીનકુમાર શાહ |
| ભત્રીજા-ભત્રીજાવહુ | : વિરલ-રચનાબેન જૈન તથા<br>તીર્થ અને ધરા |
| સાસુ-સસરા | : નિર્મળાબેન પોપટલાલ અજમેરા |

**સમસ્ત માથકીઆ પરિવાર તથા**
**સમસ્ત સ્વ. પોપટલાલ મોહનલાલ અજમેરા પરિવારના**
**જય જિનેન્દ્ર**

(Advt.)

શ્રી મહાવીરાય નમઃ

પૂ. ભારતીબાઈ મ.સતીજીને કોટિ કોટિ વંદન!!!

# માસીક પુણ્યતિથિએ ભાવપૂર્વક શ્રદ્ધાંજલી







**જન્મતારીખ**
**૧૧-૦૬-૧૯૬૪**

**અરિહંતશરણ**
**૧૪-૦૫-૨૦૨૨**

# સ્વ. કમલેશભાઈ વસંતલાલ દોઢીવાલા

**(મૂળવતન : થાનગઢ નિવાસી — હાલ : કાંદિવલી (મુંબઈ)**

*સમય જીંદગીનો ઓછો હશે તે ક્યાં ખબર હતી*
*વિદાય આટલી અણધારી હશે તે ક્યાં ખબર હતી*
*સરી જાશે સમય આપની સ્મૃતિને સંભારતા*
*આપની યાદોને વાગોળતા, જીવન મજાનું જીવી ગયા ને*
*પાર કરી ગયા ભવસાગર!*
*સત્કાર્યો તમારા સંસ્કાર હતા*
*સજ્જનતા તમારી સુવાસ હતી*
*ધર્મમય તમારૂં જીવન હતું*
*પરોપકાર તમારૂં રટણ હતું.*

આપની બોલતી તસવીર જોઈને હજી નથી થતો સ્વીકાર કે આપ નથી હયાત, એમ જ લાગે છે કે અકાળે સૂરજ આથમી ગયો અને અમારૂં જીવન અંધકારમય બની ગયું. ભલે, સ્થૂલ દૃષ્ટિએ તમે નથી સાથે છતાં પણ હૃદયથી રહેશો. સદા સન્મુખ અને અને સદા ચાલીશું આપના ચીંધ્યા પંથે! જે ખોટ પડી છે તે કદી પણ ભરાશે નહિં એવા અમારા પ્રેમના વટવૃક્ષ, સમતા અને મમતાની મુર્તિને

**પ્રથમ માસિક પુણ્યતિથિએ સ્મરણાંજલી!!!**

**પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને શાશ્વત સુખ આપે તે જ પ્રાર્થના...!!!**

**શોકાતુર પરિવાર**

**પિતાશ્રી** : સ્વ. વસંતલાલ સુખલાલ દોઢીવાલા
**માતુશ્રી** : સ્વ. હંસાબેન વસંતલાલ દોઢીવાલા
**ધર્મપત્ની** : આશાબેન કમલેશભાઈ દોઢીવાલા

**પુત્ર-પુત્રવધૂ** : વત્સલ - કૌશા
**દીકરી - જમાઈ** : ક્વીનલ - રાહુલભાઈ

**ભાઈ-ભાભી**
વિરાજભાઈ - નીતાબેન
ભરતભાઈ - દક્ષાબેન

**ભત્રીજી - જમાઈ** : બીનોલી - અંકિતભાઈ
**ભત્રીજા - ભત્રીજાવધૂ** : વિશાલ - અંજલી

**પૌત્ર-પૌત્રી :**
સમાઈચરા, રિયાંશ, મયાન, કીયારા

**સાસરા પક્ષે** : ચંદ્રિકાબેન સુર્યકાન્તભાઈ વોરા

**સ્વ. હંસાબેન વસંતલાલ દોઢીવાલા પરિવાર** **ચંદ્રીકાબેન સુર્યકાંતભાઈ વોરા પરિવારના**

**જય જિનેન્દ્ર**

(Advt.)

# માતૃ-પિતૃ વંદના

## લીંબડી સંઘવી કુટુંબ ગૌરવ



સવિતાબેન ભગવાનલાલ સંઘવી



ભગવાનલાલ છોટાલાલ સંઘવી

### સવિતાબેન ભગવાનલાલ છોટાલાલ સંઘવી પરિવારના મોભી

શ્રી મહેન્દ્રભાઇ ભગવાનલાલ સંઘવી



અ.સૌ. જ્યોત્સનાબેન મહેન્દ્રભાઇ સંઘવી

જીવતા જગતીયુ કરીને સુરેન્દ્રનગર-જોરાવરનગર-વઢવાણ એમ ત્રણેય ગામના સાધર્મિક પરિવારોનું સંઘ-જમણ તેમજ સ્નેહ સંબંધીઓનું મુંબઇ તેમજ સુરેન્દ્રનગર ખાતે સ્નેહ સંમેલન તેમ જ ઉમદા ભેટ આપી અનેક સુંદર કાર્ય કરનાર એવા ખૂબ જ ઉદારદીલ એવા અમારા માતા-પિતા સમાન વડિલ મોટાભાઇ તથા ભાભીની તેમની હયાતીમાં જ તેમની યશોગાથા ગાતા અમોને ખૂબજ હર્ષ થાય છે.

છેલ્લા ૫ થી ૭ વર્ષમાં જ અંદાજીત ૨૦ થી ૨૫ લાખનું અલગ-અલગ સંસ્થામાં પોતાનું યોગદાન આપ્યું જેમાં મુખ્યત્વે ઉપાશ્રય - પાંજરાપોળ - સાધુ સંતોની વૈયાવચ્ચ - ત્રણ ઓળીના મુખ્યદાતા - જૈન શાળામાં બાળકોને પ્રોત્સાહન - નજીકના સ્નેહીજનોને ગુપ્ત આર્થિક મદદ વિ. અનેક ઉમદા કાર્યો કરનાર સાદગી સભર જીવન જીવીને અબોલ પશુ-પક્ષી પ્રત્યે અનહદ્ કૃપા વરસાવી તેમ જ વૈયાવચ્ચ - જ્ઞાન - દાન અને તપની અનુમોદના કરવામાં પોતાની સંપત્તિનો સદ્ઉપયોગ કરી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરનાર અમારા વડિલ ભાઇ તથા ભાભીને સત્ સત્ પ્રણામ.....ઈશ્વર તેઓને દિર્ઘ આયુષ્ય આપે અને ઉત્તમોત્તમ કાર્ય તેમના હાથે કરતા રહે એવી શુભ ભાવના.....

| | | |
|---|---|---|
| રમેશભાઇ ભગવાનલાલ | ગીરીશભાઇ ભગવાનલાલ | દિનેશભાઇ ભગવાનલાલ |
| સ્વ. હંસાબેન રમેશભાઇ | અ.સૌ. વિભાબેન ગીરીશભાઇ | અ.સૌ. મીનાબેન દિનેશભાઇ |

અમીષ - જીગ્ના ● વૈભવ - ખુશ્બુ ● મીહીર - જાનકી

વેધા ● સિધ્ધ ● ધ્રુવ ● દિવ્યંમ

| | |
|---|---|
| ઉષાબેન શશીકાંતભાઇ શાહ | સરોજબેન ભરતભાઇ શાહ |
| મેધના તુષાર શાહ | હેતલ ચિંતન લાખાણી |
| ઉર્વી ચિંતન શાહ | ફોરમ કુલીન ભણસાલી |

જય જિનેન્દ્ર

Advt.

BIO-DATA

# NIRALI HEMANT SHAH



**Residence :**
17, Yashwantnagar, 2nd floor,
Opp.Shoppers Stop,
S.V.Road, Next to HDFC Bank,
Andheri West, Mumbai-400 058

**Contact Details :**
M.98215 98188

Birth Date : 8th Sept. 1989 Birth Time : 9.55 am

Birth Place : Andheri, Mumbai

Height : 5' 4"

Year of Marriage : 2019 Year of Divorce : 2020

Divorce by Mutual Consent

Court Order : 2021 No children.

Religion : Shree Zalawadi Sthanakwasi Vishashrimali Jain

Education : B.E. (IT) from D.J.Sanghvi College of Engineering

Occupation : Working with Bank of America, Malad, Mumbai

Native Place : Wadhwan City, Dist. Surendranagar

Languages : Gujarati, English & Hindi

## FAMILY Details :

Father's Name : Hemant Mahendra Shah

Occupation : Practising Chartered Accountant

Mother's Name : Divya Hemant Shah

Occupation : Homemaker

Brother : Revant Hemant Shah

Occupation : B.Com., C.A., MBA in Finance at NMIMS

Paternal Aunt : Mrs.Neeta Sudhir Gandhi

Paternal Uncle : Mr.Sudhirbhai Rasikbhai Gandhi (M.9821091434)
(Rasik Plywood Center, Vileparle West)

Maternal Aunt : Mrs. Bhartiben S.Sakhidas

Maternal Uncle : Mr. Shaileshbhai Kantilal Sakhidas (M.9825096184)

Advt.

BIO-DATA

# REVANT SHAH

| | | |
|---|---|---|
| Height | : | 5' 7" |
| Birth date | : | 02-09-1992 |
| Birth Time | : | 1.05 pm |
| Birth Place | : | Andheri (West) Mumbai |
| Caste | : | Shree Zalawadi Sthanakwasi Vishshrimali Jain |
| Native Place: | | Wadhvan (Gujarat) |



## OCCUPATION

Working with SBI Life as Assistant Manager
(Equity Research : Front Office)
Previously with EY as Consultant

## EDUCATION

Chartered Accountant (CA)
MBA (Finance) from NMIMS, Mumbai
Passed CFA Leval 2

## RESIDENCE

Flat 17 & 21, Yashwant Nagar, S.V. Road,
Opp. Shoppers Stop, Andheri (W)
Mumbai - 400 058

## FAMILY DETAILS

### MOTHER

Divya Hemant Shah
Occupation : Home Maker
Mobile : +91 7021459748

### FATHER

Hemant Mahendra Shah
Occupation : Practicing CA
C-139, Zalawad Nagar, Juhu Lane, Andheri(W)
Mobile : +91 9821598188

### SISTER

Nirali
Occupation : B.E.(IT),
Working with Bank of America

### PATERNAL AUNT

Neeta Sudhir Gandhi

### PATERNAL UNCLE

Sudhirbhai Rasikbhai Gandhi
Occupation : Rasik Plywood, Vileparle (W)

### MATERNAL AUNT

Bhartiben Shailesh Sakhidas

### MATERNAL UNCLE

Shaileshbhai Kantilal Sakhidas
Occupation : Wholesale Paper Merchant, Ahmedabad

Advt.

શ્રી ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

# સ્વ. શ્રી. હર્ષદ વાડીલાલ શાહ

બોટાદ નિવાસી, હાલ - મલાડ



જન્મ
૦૩-૦૨-૧૯૫૮

અરિહંત શરણ
૨૮-૦૭-૨૦૨૧

અમારૂ સાહસ, અમારી હીંમત,
અમારૂ અભિમાન છે પપ્પા,
પોતાની ઇચ્છા ત્યાગ કરી,
અમારી ઈચ્છા પૂરી કરનાર છે પપ્પા
અમારા ગુરૂ, અમારા શીક્ષક,
અમારી પ્રેરણા છે પપ્પા
અમને ગભરાતા જોઈ કહેતા હું બેઠો છુ બેટા !
અમારી સફળતા જોઈ અમને કહેતા, I am very proud of you beta
અમને છોડીને ગયા છતાં,
અમારૂ ધ્યાન રાખનાર છે પપ્પા........અમારા ભગવાન છે પપ્પા

**શોકાતુર પરિવાર**

ધર્મપત્ની - શ્રીમતી. મલ્લિકા હર્ષદ શાહ

માતા-પિતા - સ્વ. પ્રભાબેન વાડીલાલ શાહ
પુત્ર-પુત્રવધુ - અલ્પા નિસર્ગ હર્ષદ શાહ
પુત્રી - જમાઈ - લબ્ધિ સાગર વોરા
ભાઇ- ભાભી - રેણુકા જયેશભાઈ શાહ
ભાઈ-ભાભી-બીના પંકજભાઈ શાહ
ભાઈ-ભાભી - કલ્પના વિલેશભાઈ શાહ
બેન-બનેવી- પ્રીતીબેન અતુલકુમાર ગોપાણી

સાસુ - સસરા : સ્વ. કંચનબેન પદમસીભાઈ બારભાયા
સાળા - કલ્પના હસમુખભાઈ બારભાયા
સાળા - હર્ષા દિલીપભાઈ બારભાયા
સાળા - સ્મીતા સુમનભાઈ બારભાયા
સાળી - સ્વ. ભાનુબેન સુબોધભાઈ શાહ
વેવાઈ - વેવાણ - મંજુલાબેન મહેન્દ્રભાઈ શાહ
વેવાઈ - વેવાણ - હીનાબેન પ્રકાશભાઈ વોરા

પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને પરમ શાંતિ આપે.
અને એમની અધૂરી સાધના મધૂરી બનાવી શાશ્વત સુખ ને પામે

Advt.

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



મૂળવતન
લીંબડી
હાલ
કાંદિવલી



**પિતાશ્રી લક્ષ્મીકાંત જગજીવનદાસ શાહ**
જન્મ : ૧૨-૧૨-૧૯૨૯
અરિહંતશરણ : ૧૬-૭-૨૦૨૧

**માતુશ્રી સુમિત્રાબેન લક્ષ્મીકાંત શાહ**
જન્મ : ૨૩-૩-૧૯૩૦
અરિહંતશરણ : ૨૮-૦૭-૨૦૦૦

## જન્મદાતા ધર્મસંસ્કારદાતાને કોટી કોટી વંદન

સંઘર્ષ કરી શૂન્યમાંથી સર્જન કર્યું,
સફળતા મેળવીને ધર્મ, સુખ અને સંપની ચાવી સોપી ગયા તમે
તમે અમારા ગર્વ હતા... સર્વસ્વ હતા... શક્તિ હતા
અમારા આધારસ્તંભ હતા.
આપનો સંતો પ્રત્યેનો વૈયાવચ્ચ પ્રેમ, ધર્મ પ્રેમને હંમેશા જાળવી શકીએ
તેવા આર્શીવાદ અમને મળતા રહે.

## તેજસ ટાઈલ્સ ના પ્રણેતા, સ્થાપક

**અનેક સંસ્થાઓ સાથે જોડાઈને યોગદાન આપી ઉત્તમ સેવા આપી રહ્યા હતા.**

| | |
|---|---|
| કાંદિવલી ઉપાશ્રય | - ટ્રસ્ટી તથા પ્રમુખ |
| ઝાલાવાડી સ્થા. જૈન મિત્ર મંડળ કાંદીવલી | - પ્રમુખ |
| J.J.C. કાંદીવલી | - પ્રમુખ |
| બિલ્ડીંગ મટીરીયલ એસોસીએશન | - પ્રમુખ |
| સુરેન્દ્રનગર પત્રિકા | - તંત્રી |

**લી. આપનો સદૈવ ઋણી પરિવાર**

પુત્ર - પુત્રવધૂ : સુનિલ - વિભા - 9324371333
રણજીત - જીજ્ઞા - 98200 88237
પુત્રી - જમાઈ : અલકાબેન
વીણા - રાજેશ - 9820980569
ક્રિષ્ના - ભાવેશ - 98211 98711

પૌત્ર - પૌત્રવધૂ : ઓજસ - વિશાખા
પ્રિયાંક - દ્વિજા
મલક
સ્વ. તેજસ
પૌત્રી : ભુમિકા - મિલોની
પ્રપૌત્રી-પ્રપૌત્ર : નમસ્વી, મીત

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.



# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ શ્રદ્ધાંજલિ

**જન્મતારીખ**
**૧૪-૧૧-૧૯૫૫**



**અરિહંતશરણ**
**૧૫-૭-૨૦૨૧**

## સ્વ. રાજેશભાઈ અનોપચંદ શાહ (નાથાભવનવાળા)

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી
પુષ્પો જેમ ખીલે ખુબજ સુવાસ ફેલાવે તેમ
તમો એવુ જીવન જીવી સર્વત્ર સુવાસ ફેલાવી ગયા
તમો અમને ભગવાનની ઉત્તમ ભેટ હતા
અમારા સૌના દિલમા સંભારણા રાખી ગયા

**પરમાત્મા આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે**

### સ્મરણાંજલિ અર્પણ કરનારા

ધર્મપત્ની : પ્રફુલ્લાબેન
પુત્રી-જમાઈ : સ્વીટુ ધર્મેશભાઈ દેસાઈ
દોહિત્રી : દર્શની દેસાઈ
ભાઈ -ભાભી : સ્વ. કનકભાઈ-હીરાબેન
સ્વ. સુરેશભાઈ
સ્વ. અશ્વિનભાઈ - ઉષાબેન
ભત્રીજા : હિતેષ, બિમલ, અમીષ, હનીષ
ભત્રીજી : નીતાબેન શૈલેષભાઈ મહેતા
વેવાઈ : હરીશભાઈ પ્રતાપભાઈ દેસાઈ

સસરાજી : મથુરદાસ ખોડીદાસ ગોસલિયા (ગોવાવાળા)
સાળા : મહાસુખભાઈ, જયવંતભાઈ,
ડૉ. નલીનભાઈ, પ્રકાશભાઈ,
શરદભાઈ, હર્ષદભાઈ
સાળીઓ : સ્વ. વિમળાબેન શશીકાંતભાઈ
સ્વ. વસંતબેન અમૃતલાલભાઈ
લતાબેન શશીકાંતભાઈ
પ્રીતિબેન પ્રફુલ્લભાઈ

Advt.


Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah